દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 309 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 December 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૮ ડિસેમ્બર ૨૦૨૪, (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦



વીકએન્ડ પૂર્તિ ૬ ૭ ૮ ૯



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# મનમોહન સિંહના આજે અંતિમસંસ્કારઃ સાત દિવસનો રાષ્ટ્રીય શોક

## દેશની આર્થિક નીતિને છૂટછાટભરી બનાવવામાં મહત્ત્વનું યોગદાન રહ્યું

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના અંતિમ સંસ્કાર શનિવારે સવારે કરાશે. તેમની અંતિમયાત્રા અહીં કૉંગ્રેસના વડા મથક ખાતેથી સવારે ૯.૩૦ વાગ્યે નીકળશે.

કેન્દ્ર સરકારે તેમના માનમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો. તેમણે યુપીએની સરકાર વખતે દેશની આર્થિક નીતિ છૂટછાટભરી બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં બે મિનિટનું મૌન રખાયું હતું અને તેમને શ્રદ્ધાંજલિ આપતો ઠરાવ પસાર કરાયો હતો. ઠરાવમાં જણાવાયું હતું કે દેશે એક મહાન રાજદ્વારી અને અર્થશાસ્ત્રી ગુમાવ્યા છે.

ભૂતપૂર્વ વડા પ્રધાનનો પાર્થિવદેહ ત્રિરંગામાં વિંટાળીને દિલ્હીના ૩, મોતીલાલ નહેરુ રોડ ખાતેના તેમના બંગલે લવાયો હતો. તેઓ છેલ્લાં દસ વર્ષથી અહીં નિવૃત્ત જીવન વિતાવતા હતા. અખંડ ભારતના પંજાબ પ્રાંતના ગાહ ગામ (હાલમાં પાકિસ્તાન)માં ૧૯૩૨ની ૨૬ સપ્ટેમ્બરે ગુરમુખ સિંહ અને અમૃત કૌરને ત્યાં જન્મેલા મનમોહન સિંહે મેટ્રિક્યુલેશન પરીક્ષા ૧૯૪૮માં પાસ કરી હતી. દેશના ભાગલા વખતે ૧૯૪૮માં જ તેમનો


(જુઓ પાનું ૨) ▸▸


# મેલબર્નમાં ભારત 'બૅક ફૂટ પર': ફૉલો ઓન ટાળવા સંઘર્ષ કરવો પડશે

મેલબર્નઃ અહીં બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ચોથી ટેસ્ટ મૅચના શુક્રવારના બીજા દિવસે ઑસ્ટ્રેલિયાનો પ્રથમ દાવ ૪૭૪ રનના મોટા સ્કોર પર પૂરો થયો ત્યાર બાદ ભારતીય ટીમે ખરાબ શરૂઆત કરીને નિરાશ કર્યા હતા અને રમતનો અંત પણ ભારત માટે નિરાશાજનક હતો. ભારતે ૪૬ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૪ રન બનાવ્યા હતા.

ટીમ ઇન્ડિયાની ઇનિંગ્સની બીજી જ ઓવરમાં આઉટ-ઑફ-ફૉર્મ રોહિત શર્મા (૩ રન) આઉટ થઈ ગયો હતો અને રમતના છેવટના તબક્કામાં (૪૩મી ઓવરમાં) વિરાટ કોહલીએ વિકેટ ગુમાવી હતી તેમ જ થોડી વાર બાદ (૪૫મી ઓવરમાં) નાઇટ-વૉચમૅન આકાશ દીપ (૦) જેણે બ્રિસ્બેનના ગૅબામાં ભારતને ફૉલો-ઑનથી બચાવ્યું હતું તેણે વિકેટ ગુમાવી દીધી હતી. ખરેખર તો શુક્રવારે ખૂબ જ સારા ફૉર્મમાં રમી રહેલા યશસ્વી જયસ્વાલે (૧૧૧ બૉલમાં ૮૨ રન) રનઆઉટમાં વિકેટ ગુમાવી એ ભારતીય ઇનિંગ્સની સૌથી મોટી ટ્રેજેડી કહેવાશે. તેની


(જુઓ પાનું ૨) ▸▸


# ભટિંડા બસ અકસ્માતઃ આઠનાં મોત

ભટિંડાઃ ભટિંડામાં શુક્રવારે એક ખાનગી કંપનીની બસ બ્રિજની રેલિંગ તોડીને નાળામાં પડતાં ઓછામાં ઓછાં આઠ જણનાં મોત થયા હતા અને અનેક જણ ઘાયલ થયા હોવાનું પોલીસે કહ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ૪૫ પ્રવાસીને લઈને જઈ રહેલી બસ જીવન સિંઘવાલા ગામ ખાતે પુલ પરથી નાળામાં પડી હતી.

બસ તાલવંડિ સોબોથી ભટિંડા જઈ રહી હતી ત્યારે આ ઘટના બની હતી. પ્રવાસીઓને મદદ કરવા


(જુઓ પાનું ૨) ▸▸



ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹69,570/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS



સ્વતંત્ર રસોડા સાથે
દાર્જીલીંગ
Heena Tours & Travels
9326474508 / 8591467707



ઘાટકોપરમાં ટેમ્પોએ પાંચને કચડ્યા ૧૪


# કાશ્મીરમાં કાતિલ ઠંડીઃ તળાવો થીજી ગયાં

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ કાશ્મીરમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. સોપોરેમાં તળાવ થીજી જતાં બાળકો તેનાં પર ક્રિકેટ રમતા નજરે પડી રહ્યા છે. દલ સરોવર પણ થીજી જવાની તૈયારીમાં છે. વુલ્લર લેક ૩૦ વર્ષ બાદ પહેલીવાર થીજવા લાગ્યું છે. અનેક વિસ્તારમાં નિર્માણ પામેલી દુકાળની સ્થિતિનો પણ અંત આવી રહ્યો છે. તાજેતરમાં જ થયેલી હિમવર્ષા બાદ તાપમાન નીચું જવાથી અનેક મુખ્ય તળાવ થીજી જતાં બાળકો તેનાં પર ક્રિકેટ રમવાનો


(જુઓ પાનું ૨) ▸▸












LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ડૉ. મનમોહન સિંહ આજના સમૃદ્ધ ભારતના ખરા શિલ્પી

ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહનું ગુરૂવારે રાત્રે ૯૨ વર્ષની વયે નિધન થયું એ સાથે જ ભારતના રાજકારણનો એક અધ્યાય પૂરો થઈ ગયો. ભારતમાં બહુ ઓછા એવા વિરલા આવ્યા કે જે મૂળ રાજકારણી નહોતા પણ રાજકારણ પર અમીટ છાપ છોડી ગયા. ડો. મનમોહન સિંહ આવા વિરલાઓમાંથી એક હતા. ડો. મનમોહનસિંહે નાણાં પ્રધાન અને વડા પ્રધાન તરીકે આ દેશનો ઈતિહાસ બદલી નાખ્યો. આ દેશને ડો. મનમોહન સિંહ સમૃદ્ધિ અને વિકાસની એવી દિશામાં દોરી ગયા કે જેની કદી કોઈને કલ્પના પણ નહોતી. આજનું ભારત જ્યાં ઉભું છે તેનો પાયો આ સરદારજીએ નાંખ્યો હતો.

અવિભાજિત ભારતના પંજાબના ગાહ ગામમાં જન્મેલા ડો. મનમોહન સિંહ મૂળ તો અર્થશાસ્ત્રી હતા અને છોકરાંને અર્થશાસ્ત્ર ભણાવતા હતા. એકેડેમિક કરિયરમાંથી એ બ્યુરોક્રેટ બન્યા અને કેન્દ્ર સરકારના આર્થિક સલાહકારથી માંડીને રિઝર્વ બેંકના ગવર્નર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી)ના ચેરમેન જેવા હોદ્દા પર પણ રહ્યા. ડો. મનમોહન સિંહ ગુજરી ગયા પછી આ બધી વાતોનો ઉલ્લેખ ચોક્કસ થાય છે પણ ડો. મનમોહન સિંહને યાદ ભારતમાં આર્થિક ઉદારીકરણ લાવનારા નાણાં મંત્રી તરીકે અને આખી દુનિયા જ્યારે મંદીના વમળમાં સપડાઈ હતી ત્યારે દેશના અર્થતંત્રને ડૂબવા નહીં દેનારા વિચક્ષણ શાસક તરીકે થાય છે.

મનમોહન સિંહની રાજકીય કારકિર્દીની વિશેષતા એ છે કે, એ કદી જનાધાર ધરાવતા નેતા નહોતા છતાં દેશના સફળ વડા પ્રધાનોમાં તેમને ગણવા પડે. મનમોહન સિંહ લોકસભાની ચૂંટણી લડેલા પણ હારી ગયેલા તેથી હંમેશાં રાજ્યસભાના સભ્ય જ રહ્યા પણ નાણાં મંત્રી અને વડા પ્રધાન તરીકે પ્રચંડ લોકપ્રિયતા ધરાવતા નેતાઓ તરીકે વધારે સારું કામ કરી ગયા.

મનમોહન સિંહની રાજકીય કારકિર્દીની શરૂઆત ૧૯૯૧માં નરસિંહરાવ સરકારના નાણાં મંત્રી તરીકે થઈ હતી. એ પહેલાં ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી સરકારમાં આર્થિક સલાહકાર તરીકે કામ કરી ચૂક્યા હોવાથી રાજકારણ સાથે પનારો પાડવો નવો નહોતો પણ રાજકીય નિર્ણયો લેવા પડે એ રીતે કામ નહોતું કર્યું.

મનમોહન સિંહે રાજકીય કારકિર્દીની શરૂઆત કરી એવો જબરદસ્ત પડાકરજનક સમય દેશના પહેલા નાણાં મંત્રી માટે પણ નહોતો. નરસિંહરાવ વડા પ્રધાન બન્યા ત્યારે દેશની તિજોરી ખાલી હતી. ચંદ્રશેખરના સમયમાં દેશનું સોનું ગિરવે મૂકવું પડે એવી હાલત થઈ ગયેલી. દેશ પાસે ક્રૂડ ઓઈલ ખરીદવા માટે પૂરતું વિદેશી હૂંડિયામણ પણ નહોતું ને એ વખતે મનમોહન સિંહ નાણાં મંત્રી બનેલા.

કૉંગ્રેસ વરસોથી સમાજવાદી નીતિઓનું પીપુડું વગાડ્યા કરતી હતી તેનો પણ પડકાર હતો. આ પડકારો વચ્ચે મનમોહન સિંહે આર્થિક ઉદારીકરણની નીતિ અમલમાં મૂકીને દેશની દિશા બદલી નાખી. વિદેશી કંપનીઓ માટે ભારતના દરવાજા ખોલી નાખ્યા અને મોબાઈલ ટેકનોલોજી લાવીને શ્વેત ક્રાંતિ અને હરિત ક્રાંતિ પછીની સૌથી મોટી ક્રાંતિ કરી નાંખી. આજે ભારતમાં ઈન્ટરનેટ અને મોબાઈલ ટેકનોલોજી સર્વિસ સેક્ટરમાં સૌથી વધારે યોગદાન આપે છે. તેનો પાયો ડો. મનમોહન સિંહે નાખેલો.

મનમોહન સિંહે એક તરફ મલ્ટિનેશનલ કંપનીઓ માટે દેશના દરવાજા ખોલીને જંગી પ્રમાણમાં રોજગારી ઊભી કરી તો બીજી તરફ કરવેરામાં સરળીકરણ કરીને લોકો પાસે પૈસા બચે એવી વ્યવસ્થા પણ ગોઠવી. લોકો પાસે બચત વધી તેના કારમે લોકોની ખરીદશક્તિ વધી તેમાં ભારત વિશાળ માર્કેટ તરીકે વિકસ્યું. ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો, કાર, મોબાઈલ જેવી લક્ઝુરિયસ ચીજો પણ સામાન્ય લોકો ખરીદતાં થયાં. તેના કારણે સરકારની આવક વધી અને સરકાર વિકાસ કામો માટે વધારે નાણાં ખર્ચતી થઈ. મનમોહન સિંહે એ રીતે આધુનિક ભારતના વિકાસનો પાયો નાંખ્યો.

ડો. મનમોહન સિંહે વડા પ્રધાન તરીકે ૧૦ વર્ષ કામ કર્યું. મનમોહન સિંહના દસ વર્ષના શાસનમાં ટેલીકોમ કૌભાંડ. કોલસા કૌભાંડ, અગસ્ટા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર સ્કેમ સહિતનાં સંખ્યાબંધ કૌભાંડો થયાં તેથી મનમોહન સિંહની છાપ એક નબળા વડા પ્રધાન તરીકેની પડી ગઈ. કૉંગ્રેસમાં એ વખતે સોનિયા ગાંધીના નામનો સૂરજ તપતો હતો ને ડો. મનમોહન સિંહ કહ્યાગરા હતા તેથી સોનિયાની પસંદગી હતા એવી છાપ પણ પડી. મનમોહન સિંહ સોનિયાના રબ્બર સ્ટેમ્પ છે એવી ઈમેજ મીડિયાએ ઉબી કરી પણ આ ઈમેજ મનમોહન સિંહના યોગદાનના અન્યાય કરનારી છે.

ડો. મનમોહન સિંહનો વડા પ્રધાન તરીકેનો ૧૦ વર્ષનો કાર્યકાળ ભારત માટે બહુ મહત્ત્વનો હતો. ૨૦૦૮માં અમેરિકામાં લેહમેન બ્રધર્સ ઊઠી ગઈ પછી અમેરિકામાં ખાનગી બેંકો ઉઠવાનો સિલસિલો શરૂ થઈ ગયેલો. અમેરિકા મંદીની લપેટમાં આવી ગયેલું અને તેની અસર આખી દુનિયા પર પડેલી. આખી દુનિયા મંદીની લપેટમાં આવી ગઈ હતી અને સમૃદ્ધ દેશોની હાલત પણ ખરાબ થઈ ગયેલી. ભારત એ વખતે મંદીમાં નહોતું સપડાયું કેમ કે મનમોહન સિંહ વડા પ્રધાન હતા. મૂળ અર્થશાસ્ત્રી મનમોહન સિંહે આર્થિક જ્ઞાનનો ઉપયોગ કરીને અર્થતંત્રને સ્થિર રાખીને મંદીમાં નહોતું સપડાવા દીધું.

મનમોહન સિંહના શાસનની ખાસિયત એ હતી કે, તેમણે વ્યાજદરને બહુ નીચે ના જવા દીધા અને મોંઘવારીને પણ કાબૂમાં રાખી. તેના કારણે બચત દ્વારા ઘર ચલાવતાં લોકોને મંદીનો માર જરાય ના પડ્યો. ભારતમાં બેંકોમાં એફ.ડી. મૂકીને વ્યાજમાંથી ખાતા લોકોનો વર્ગ બહુ મોટો છે. આ વર્ગને કઈ અસર ના થઈ તેથી ભારતનું અર્થતંત્ર સાબૂત રહ્યું. મંદી ઓસરી પછીનો તબક્કો નિર્ણાયક હતો. એ વખતે રઘુરામ રાજનને રિઝર્વ બેંકના ગવર્નર બનાવીને મનમોહને બધાં સચવાય એવી નીતિઓ અમલી બનાવી.

આર્થિક સિવાયના મોરચે પણ ડો. મનમોહન સિંહે જોરદાર કામ કર્યું. ડો. મનમોહન સિંહે બાળકોને રાઈટ ટુ એજ્યુકેશન દ્વારા મફત શિક્ષણનો અધિકાર આપ્યો. નેશનલ રૂરલ હેલ્થ મિશન શરૂ કરાવીને ગામડાંનાં લોકો સુધી મફતની સરકારી આરોગ્ય સેવા પહોંચાડી. રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ દ્વારા જાહેર જીવનને વધારે પારદર્શી બનાવ્યું. મનરેગા દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી આપી. અત્યારે ભાજપ જેનો જશ ખાટે છે એ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના અમલનો તખ્તો ડો. મનમોહન સિંહે ઘડ્યો અને આધાર કાર્ડ લાવીને જબરદસ્ત ક્રાંતિ કરી નાખી. આધાર કાર્ડના કારણે ગુનાખોરી બહુ ઘટી છે.

મનમોહન સિંહે અમેરિકા સાથે પરમાણુ કરાર કરીને દેશની વિદેશ નીતિને પણ નવી દિશા આપી. અત્યારે અમેરિકા અને ભારતના સંબધો ગાઢ છે તેનો યશ પણ ડો.મનમોહન સિંહને જાય છે.

કમનસીબે ડો. મનમોહન સિંહ જે વખાણના હકદાર હતા એ વખાણ કદી તેમના ના મળ્યાં. સોનિયા ગાંધીના ઈશારે કામ કરતા વડા પ્રધાન તરીકેની અને વિપક્ષોના ઈશારે ભ્રષ્ટાચાર સામે આંખ આડા કાન કરનારા નેતા તરીકેની તેમની ઈમેજ મીડિયાએ ઊભી કરી. મનમોહન સિંહ માટે મીડિયા અને વિપક્ષો દ્વારા અપશબ્દો પણ વપરાયા પણ તેના કારણે મનમોહન સિંહનું યોગદાન ઘટતું નથી.

ભારતની આર્થિક કાયાપલટનો તખ્તો કરનારા નાણાં મંત્રી અને વડા પ્રધાન તરીકે ઈતિહાસ તેમને યાદ રાખશે. ૧૦ વર્ષ સુધી વડા પ્રધાનપદે રહ્યા હોવા છતાં અંગત રીતે ભ્રષ્ટાચારમાં નહીં સંડોવાયેલા કે કોઈની તરફદારી નહીં કરનારા વડા પ્રધાન તરીકે પણ ડો. મનમોહન સિંહ હંમેશાં યાદ રહેશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ,
શનિવાર, તા. ૨૮-૧૨-૨૦૨૪, શનિ પ્રદોષ,

- ભારતીય દિનાંક ૭, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ - ૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૭મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર અનુરાધા રાત્રે ક. ૨૨-૧૨ સુધી, પછી જયેષ્ઠા.
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૧ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૧, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-

- ભરતી : સવારે ક. ૦૯-૪૬, રાત્રે ક. ૨૩-૦૫
- ઓટઃ સાંજે ક. ૧૬-૦૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૮ (તા. ૨૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ''અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ -ત્રયોદશી. શનિ પ્રદોષ, સૂર્ય પૂર્વાષાઢામાં ક. ૨૪-૨૪, શુક્ર કુંભમાં ક. ૨૩-૪૦, વિષ્ટિ ક. ૨૭-૩૨. થી પ્રારંભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- ●મુહૂર્ત વિશેષઃ લગ્ન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, અગ્નિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ વાંચન, શિવ-પાર્વતી પૂજા, પ્રદોષ, વ્રત ઉપવાસ, જાગરણ, મુંડન કરાવવું નહીં, પ્રયાણ શુભ પર્વપૂજા નિમિત્તે નવા વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, નિત્ય થતાં દસ્તાવેજ, પશુ લે-વેંચ, સ્થાવર લેવડદેવડના કામકાજ, બી વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ કર્મઠ સ્વભાવ, શુક્ર-હર્ષલ ચતુષ્કોણ અતિશય કલ્પનામાં રાચનાર, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ ધંધામાં ખોટ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, શુક્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ (તા. ૨૯), ચંદ્ર-શનિ ચતુષ્કોણ (તા. ૨૯). ચંદ્ર જયેષ્ઠા યુતિ.
- ગોચરગ્રહોઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર/કુંભ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ઉત્તર પ્રદેશના સંભલમાં જામા મસ્જિદ પાસે બનશે પોલીસ ચોકી, હિંસા બાદ લેવાયો નિર્ણય

સંભલ (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના સંભલમાં ૨૪ નવેમ્બરે થયેલી હિંસા પછી પોલીસ પ્રશાસને કડક પગલાં લીધાં છે અને કોટ પૂર્વ વિસ્તારમાં સ્થિત શાહી જામા મસ્જિદની સામે એક નવી ચોકી બનાવવાનો નિર્ણય કર્યો છે, જે હેઠળ જમીન માપણીનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

અધિક પોલીસ અધિક્ષક શ્રીશ ચંદ્રાએ આ માહિતી આપી હતી. જો કે આ પોલીસ ચોકીનું નામ શું હશે તે અંગે તેમણે કંઈપણ કહેવાનો ઇનકાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આ વિસ્તારનો સર્વે પહેલેથી જ હાથ ધરવામાં આવી રહ્યો છે અને ટૂંક સમયમાં પોલીસ ચોકીના નિર્માણનું કામ શરૂ કરવામાં આવશે. ''નવી ચોકી માટે જમીનની માપણી પૂર્ણ થઈ ગઈ છે.''

તેમણે કહ્યું હતું કે આ વિસ્તારમાં સુરક્ષાને મજબૂત કરવા માટે ચોકી બનાવવામાં આવી રહી છે. એકવાર ચોકી બન્યા પછી ૨૪ કલાક પોલીસકર્મી તૈનાત રહેશે. સુરક્ષાના કારણોસર સંભલમાં નવી પોલીસ ચોકી બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે, જ્યાં ૨૪ કલાક પોલીસકર્મીઓ તૈનાત રહેશે. ઉલ્લેખનીય છે કે ૨૪ નવેમ્બરે શાહી મસ્જિદના સર્વે દરમિયાન થયેલી હિંસામાં ચાર લોકોનાં મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. કોર્ટના આદેશ પર શાહી જામા મસ્જિદના સર્વે દરમિયાન કેટલાક સ્થાનિકોની પોલીસ સાથે અથડામણ થઈ હતી. ■

# ચીન બ્રહ્મપુત્રા નદી પર બનાવી રહ્યું વિશ્વનો સૌથી મોટો ડેમ, ૧૩૭ અબજ ડૉલરનો થશે ખર્ચ

બેઇજિંગઃ ચીને તિબેટમાં બ્રહ્મપુત્રા નદી પર વિશ્વનો સૌથી મોટો બંધ બનાવવાની તેની યોજનાનો બચાવ કરતા કહ્યું હતું કે આ પ્રોજેક્ટથી દેશ પ્રભાવિત થશે નહીં અને દાયકાઓના અભ્યાસના માધ્યમથી સુરક્ષાના મુદ્દાઓનું સમાધાન કરવામાં આવ્યું છે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે ૧૩૭ અબજ અમેરિકન ડૉલરના અંદાજિત ખર્ચ ધરાવતા આ પ્રોજેક્ટ પર આશંકાઓને ફગાવી દીધી હતી. આ પ્રોજેક્ટ ઇકોલોજીકલ રીતે અત્યંત નાજુક હિમાલયન ક્ષેત્રમાં બનાવવામાં આવી રહ્યો છે, જે ટેક્ટોનિક પ્લેટની સીમા પર સ્થિત છે, જ્યાં વારંવાર ભૂકંપ આવતા રહે છે.

તેમણે કહ્યું હતું કે ચીને દાયકાઓથી વ્યાપક અભ્યાસ કર્યો છે અને સુરક્ષાનાં પગલાં લીધાં છે.

અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં જ્યારે ડેમ સંબંધિત ચિંતાઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે માઓએ કહ્યું હતું કે ચીન હંમેશાં સરહદ પારથી પસાર થતી નદીઓના વિકાસ માટે જવાબદાર રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે તિબેટમાં હાઇડ્રોપાવર ડેવલપમેન્ટનો દાયકાઓથી સઘન અભ્યાસ કરવામાં આવી રહ્યો છે અને પ્રોજેક્ટની સલામતી સુનિશ્ચિત કરવા અને પર્યાવરણની સુરક્ષા માટે સુરક્ષા ઉપાયો કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ નીચાણવાળા વિસ્તારોને અસર કરશે નહીં.

તેમણે કહ્યું કે ચીન વર્તમાન ચેનલોના માધ્યમથી નીચાણવાળા વિસ્તારોના દેશો સાથે સંવાદ જાળવી રાખશે અને નદીના કિનારે રહેતા લોકોના લાભ માટે આપત્તિ નિવારણ અને રાહત પર આંતરરાષ્ટ્રીય સહયોગને આગળ વધારશે.

ચીને બુધવારે ભારતીય સરહદ નજીક તિબેટમાં બ્રહ્મપુત્રા નદી પર વિશ્વના સૌથી મોટા બંધના નિર્માણને મંજૂરી આપી હતી, જેને વિશ્વનો સૌથી મોટો ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ તરીકે વર્ણવવામાં આવી રહ્યો છે. તેનાથી ભારત અને બાંગ્લાદેશમાં ચિંતા વધી છે કારણ કે અહીથી આ નદી પસાર થઇ રહી છે.

એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ હાઇડ્રોપાવર પ્રોજેક્ટ 'યારલુંગ ઝાંગબો' નદીના નીચાણવાળા વિસ્તારમાં બનાવવામાં આવશે. 'યારલુંગ ઝાંગબો' બ્રહ્મપુત્રાનું તિબેટીયન નામ છે. આ ડેમ હિમાલયની વિશાળ ખીણમાં બનાવવામાં આવશે, જ્યાં બ્રહ્મપુત્રા નદી અરુણાચલ પ્રદેશમાં પ્રવેશે છે અને પછી વળાંક લઇને બાંગ્લાદેશમાં પ્રવેશ કરે છે. ■

# ૨૬/૧૧ મુંબઈના આતંકવાદી હુમલાના ગુનેગાર અબ્દુલ રહેમાનનું પાકિસ્તાનમાં મોત

## આતંકવાદી સંગઠન જમાત ઉદ દાવાનો હતો ડેપ્યૂટી ચીફ

નવી દિલ્હીઃ ભારતનાં એક કટ્ટર દુશ્મનનું પાકિસ્તાનમાં મોત થયું છે. ૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હુમલાના ગુનેગાર અને પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જમાત-ઉદ-દાવાના નાયબ વડા હાફિઝ અબ્દુલ રહેમાન મક્કીનું મોત થયું છે. મળી રહેલી વિગતો અનુસાર મક્કીનું મોત હાર્ટ એટેકના કારણે થયું હતું. પાકિસ્તાની મીડિયા અનુસાર હાફિઝ અબ્દુલ રહેમાન મક્કીનું મોત હાર્ટ એટેકથી થયું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મક્કી મુંબઈ આતંકી હુમલાના માસ્ટરમાઇન્ડ હાફિઝ સઈદ અને પ્રતિબંધિત જમાત-ઉદ-દાવાના ડેપ્યુટી ચીફનો સંબંધી હતો. જમાત-ઉદ-દાવા અનુસાર, પ્રોફેસર અબ્દુલ રહેમાન મક્કી છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતો અને લાહોરની ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી, જ્યાં આજે તેનું મોત થયું છે.

**કોર્ટે ફટકારી હતી આજીવન કેદ**

વર્ષ ૨૦૧૯માં પાકિસ્તાનમાં મક્કીની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદ તેમને લાહોરમાં નજરકેદ કરવામાં આવ્યો હતો.

૨૦૨૦માં પાકિસ્તાનની એક અદાલતે પણ તેને આતંકવાદી ફંડિંગ સંબંધિત કેસોમાં દોષિત ઠેરવ્યો હતો અને તેને આજીવન કેદની સજા ફટકારી હતી. ત્યાર બાદ તે બહુ ઓછો ચર્ચામાં આવ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૩માં મક્કીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા પણ 'વૈશ્વિક આતંકવાદી' જાહેર કરવામાં આવ્યો હતો.

મુંબઈ આતંકવાદી હુમલા ઉપરાંત, મક્કી લાલ કિલ્લાના હુમલામાં તેની સંડોવણીને કારણે ભારતની સુરક્ષા એજન્સીના રડાર પર હતો. ૨૨ ડિસેમ્બર, ૨૦૦૦ના લાલ કિલ્લા પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં મક્કીનો પણ હાથ હોવાનું સામે આવ્યું હતું. આ હુમલામાં લશ્કરના છ આતંકવાદીઓ લાલ કિલ્લા પર ઘૂસી ગયા હતા અને કિલ્લાની રક્ષા કરી રહેલા સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો હતો. ■

# મણિપુરના ઇમ્ફાલ પૂર્વમાં બંદૂક-બૉમ્બ હુમલો

ઇમ્ફાલઃ મણિપુરમાં પહાડી વિસ્તારોના સશસ્ત્ર લોકોએ શુક્રવારે ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના બે ગામડાઓમાં બંદૂકો અને બોમ્બ વડે હુમલો કર્યો હતો. પરિણામે સ્થાનિક લોકોમાં ડરનો માહોલ પેદા થયો હતો. આ જાણકારી પોલીસે આપી હતી.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર સનસાબી અને થમનાપોકપી ગામોમાં થયેલા હુમલામાં કોઇ જાનહાનિના સમાચાર નથી. તેમણે કહ્યું કે સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી હતી. જેના લીધે બંને ગામોમાં ભીષણ ગોળીબાર થયો હતો. અધિકારીએ જણાવ્યું કે પહાડી વિસ્તારોમાંથી સશસ્ત્ર લોકોએ સવારે લગભગ ૧૦-૪૫ વાગ્યે સનસાબી ગામ અને આસપાસના વિસ્તારોમાં અંધાધૂંધ ગોળીબાર અને બોમ્બ ફેંકવાનું શરૂ કર્યું હતું. જેથી સુરક્ષા કર્મચારીઓએ જવાબી કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. હથિયારોથી સજ્જ લોકો અને સુરક્ષા કર્મચારીઓ વચ્ચે ગોળીબાર શરૂ થયા બાદ સ્થાનિક લોકો આમતેમ ભાગતા જોવા મળ્યા હતા. અધિકારીએ વધુમાં જણાવ્યું કે સશસ્ત્ર લોકોએ જિલ્લાના થમનાપોકપી ગામમાં પણ સવારે લગભગ ૧૧-૩૦ વાગ્યે હુમલો કર્યો હતો. જેના કારણે ત્યાંના રહેવાસીઓમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. સીઆરપીએફના કર્મચારીઓ સહિત સુરક્ષા દળોએ ગોળીબારીમાં ફસાયેલાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધોને બચાવ્યા હતા. નોંધનીય છે કે ગયા વર્ષે મણિપુરમાં મેથી મેઇતેઇ અને કુકી સમુદાયો વચ્ચે ફાટી નીકળેલી કોમી હિંસામાં ૨૫૦થી વધુ લોકોનાં મોત થયાં છે અને હજારો લોકો બેઘર થયા છે. ■

# મ.પ્ર.ના પરિવહન વિભાગના પૂર્વ અધિકારી કેસ મામલે ઇડીના દરોડા

ભોપાલઃ ઇડીએ શુક્રવારે મની લોન્ડરિંગની તપાસના ભાગરૂપે મધ્ય પ્રદેશમાં પરિવહન વિભાગના ભૂતપૂર્વ અધિકારીને ત્યાં દરોડા પાડ્યા હતા. તાજેતરમાં જ લોકાયુક્ત પોલીસે અપ્રમાણસર સંપતિ રાખવાના આરોપમાં દરોડા પાડ્યા હતા. આ જાણકારી સત્તાવાર સૂત્રોએ આપી હતી.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી)એ એક લાવારિસ એસયુવીમાંથી લગભગ રૂ. બાવન કરોડના મૂલ્યનું સોનું અને રોકડ સંબંધિત જપ્તીની તપાસ કરી રહ્યું છે. રાજધાની ભોપાલ, ગ્વાલિયર અને જબલપુરમાં પાંચ-છ જગ્યાએ દરોડા પાડવામાં આવી રહ્યા છે. સૂત્રોએ જણાવ્યું કે આ પરિસર સૌરભ શર્માના પરિવાર અને સહયોગીઓ સાથે સંકળાયેલા છે. લોકાયુક્ત પોલીસે ગયા અઠવાડિયે ભોપાલમાં શર્માના પરિસરમાં દરોડા પાડ્યા બાદ ૨.૮૫ કરોડની રોકડ સહિત ૩ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જપ્ત કરી હતી. ત્યારબાદ ૨૦ ડિસેમ્બરે આવકવેરા વિભાગે ભોપાલમાં એક લાવારિસ એસયુવીમાંથી રૂ. ૪૦ કરોડની કિંમતની ૫૨ કિલોગ્રામ સોનાની લગડીઓ અને ૧૧ કરોડ રૂપિયાથી વધુની રોકડ કબજે કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર વાહન ચેતન સિંહ ગૌર નામના વ્યક્તિના નામે રજિસ્ટર હતું, જે શર્માનો નજીકનો સહયોગી છે. સૂત્રોએ જણાવ્યું કે બંને કેસો એકબીજા સાથે સંકળાયેલા હોઇ શકે છે અને તથ્યોની ભાળ મેળવવા માટે તપાસ ચાલી રહી છે. કહેવામાં આવે છે કે શર્માએ લગભગ એક વર્ષ પહેલા સેવામાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. ■

## પહેલા પાનાનું ચાલુ

### ભટિંડા બસ અકસ્માત

સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસ અને જિલ્લા વહીવટીતંત્રએ રાહત કામગીરી આરંભી હતી અને ઈજાગ્રસ્તોને સારવારાર્થે તાત્કાલિક સ્થાનિક હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. એનડીઆરએફની ટીમ પણ સહાય કરવા ઘટનાસ્થળે પહોંચી હતી.

જોકે, અકસ્માતનું ચોક્કસ કારણ જાણી શકાયું ન હોવાનું તેમણે કહ્યું હતું. રાહત કામગીરી નિહાળવા ઘટનાસ્થળે પહોંચેલા ભટિંડાના નાયબ કમિશનર શૌકત અહમદે કહ્યું હતું કે મેડિકલ ટીમ અને ઍમ્બ્યુલન્સ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. (એજન્સી) ■

### રાષ્ટ્રીય શોક

પરિવાર પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરીને અમૃતસર આવ્યો હતો.

મનમોહન સિંહે હિંદુ કોલેજમાંથી ઇન્ટરમીડિએટ અને અર્થતંત્રમાં ગ્રેજ્યુએશન કર્યું હતું. તેઓ પંજાબ યુનિવર્સિટીના હોશિયારપુર કેમ્પસમાં ઉચ્ચ અભ્યાસ કરવા ગયા હતા. બાદમાં તેઓ પંજાબથી યુકેની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ભણવા ગયા હતા અને ત્યાં અર્થશાસ્ત્રમાં ફર્સ્ટ ક્લાસ સાથે ડિગ્રી મેળવી હતી.

મનમોહન સિંહ નાના હતા ત્યારે તેમની માતાનું નિધન થયું હતું અને બાદમાં તેમને દાદીએ ઉછેર્યા હતા.

પાકિસ્તાનથી સ્થળાંતર કરીને ભારતના અમૃતસર આવેલો મનમોહન સિંહનો પરિવાર અમૃતસરમાં ભાડાંના ઘરમાં રહેતો હતો અને ત્યાં રહીને જ તેઓ સ્નાતક થયા હતા.

મનમોહન સિંહ વડા પ્રધાન હતા ત્યારે તેમની સાથે લક્ઝરી વાહનોનો કાફલો રહેતો હતો, પરંતુ તેમને પોતાની સાદી મારુતિ સુઝુકી ૮૦૦ કાર માટે અનોખો પ્રેમ હતો.

મનમોહન સિંહે ૨૦૦૪થી ૨૦૧૪ના દસ વર્ષના શાસન દરમિયાન દેશના અર્થતંત્રને છૂટછાટભર્યું બનાવ્યું હતું. તેમની યુપીએ સરકાર માહિતી માટેના અધિકારનો કાયદો (રાઇટ ટૂ ઇન્ફોર્મેશન એક્ટ), શિક્ષણ માટેનો અધિકારનો ધારો (રાઇટ ટૂ એજ્યુકેશન એક્ટ) અને 'મનરેગા' લાવી હતી. (એજન્સી) ■

### ભારત બેકફૂટ પર

અને વિરાટ કોહલી (૮૬ બૉલમાં ૩૬ રન) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૦૨ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી. બિનજરૂરી રન દોડવા સંબંધમાં બન્ને વચ્ચેની ગેરસમજને કારણે યશસ્વીએ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યાર બાદ મેલબર્ન-મૅન સ્કૉટ બૉલેન્ડ ત્રાટક્યો હતો અને તેણે બૅટની બહારની કટ લાગતાં વિકેટકીપર ઍલેક્સ કેરીને કેચ આપી બેઠો હતો.

શુક્રવારની રમત પૂરી થઈ ત્યારે ભારતે ફૉલો-ઑનથી બચવા ૧૧૧ રન બનાવવાના બાકી હતા, જ્યારે પાંચ વિકેટ પડવાની બાકી હતી. જો ફૉલો-ઑન અપાશે કે પછી કાંગારૂઓ બીજા દાવમાં ઝડપથી રન બનાવીને ભારતને ૪૦૦-પ્લસનો લક્ષ્યાંક આપશે તો ભારતના પરાજયની સંભાવના વધુ રહેશે.

વર્તમાન સિરીઝમાં ભારતના આંગળીને વેઢે ગણાય એટલા બૅટર્સ સારું રમવામાં સફળ થયા છે. જસપ્રીત બુમરાહ, રવીન્દ્ર જાડેજા, આકાશ દીપ જેવા બોલર્સને કારણે જ સિરીઝ હજી ૧-૧ની બરાબરીમાં છે, પરંતુ હવે આગળનો માર્ગ ખૂબ કઠિન છે. ભારતે ખૂબ સંઘર્ષ કરવો પડશે.

મેલબર્નમાં આ પહેલાંની બન્ને ટેસ્ટમાં ભારતે વિજય મેળવ્યો હતો અને આ વખતે કોઈ ચમત્કાર થાય તો ફરી એકવાર જીતીને ભારત અહીં વિજયની ઐતિહાસિક હૅટ-ટ્રિક કરી શકે એમ છે.

બુમરાહે અહીં પ્રથમ દાવમાં ચાર વિકેટ લીધી, જ્યારે જાડેજાએ ત્રણ અને આકાશ દીપે બે વિકેટ મેળવી હતી. એક વિકેટ વૉશિંગ્ટન સુંદરને મળી હતી. ■

### કાશ્મીરમાં કાતિલ થંડી

આનંદ માણી રહ્યા છે. કાશ્મીરી બાળકો ચિલ્લેકલાં દરમિયાન ભારે ઠંડીનો આનંદ માણતા જોવા મળે.યળ્યા હતા. જોકે જમ્મુ-કાશ્મીર સરકારે લોકોની સુરક્ષાનું કારણ આગળ ધરી થીજી ગયેલા તળાવ-સરોવર પર ચાલવા પર પ્રતિબંધ મૂકી દીધો છે.

તાજેતરમાં જ કાશ્મીરમાં તાપમાન માઈનસ ૮.૫ ડિગ્રી થઈ ગયું હતું જેને ચિલ્લેકલાંનો આરંભ માનવામાં આવે છે. ચિલ્લેકલાં સામાન્ય રીતે ૨૧ ડિસેમ્બરે શરૂ થઈ ૨૯ જાન્યુઆરી સુધી ચાલે છે.

સમગ્ર કાશ્મીરમાં શીતલહેર ફેલાઈ ગઈ છે અને હિમાલય વિસ્તારમાં જનજીવન પ્રભાવિત થયું છે.

આગામી દિવસોમાં કાશ્મીરમાં ભારે હિમવર્ષા થવાની ચેતવણી આપી દેવામાં આવી છે. ત્રણ થી પાંચ જાન્યુઆરી દરમિયાન હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. ■

# એસઆરએ હેઠળ બબ્બે વાર ઘર મેળવવાના કૌભાંડનો પર્દાફાશ

મુંબઈઃ ઝૂંપડપટ્ટી પુનર્વસન (એસઆરએ) યોજનામાં ઘર મળ્યું હોવા છતાં બનાવટી દસ્તાવેજો રજૂ કરીને ફરી એક વાર પાત્રતા મેળવનારા ૨૧ જણને વિતરિત થયેલાં ઘરને તાબામાં લેવાની પ્રક્રિયા ઓથોરિટીએ શરૂ કરી છે. આ બાબતે સુનાવણી ચાલી રહી હોઇ નજીકના સમયમાં જ આ ઘરો પાછાં મેળવવામાં આવશે, એવું ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું હતું. કુદરતી ન્યાય અનુસાર આ ૨૧ જણને સુનાવણીની તક આપવામાં આવી હોવાનું પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

ઘર જેઓને મળ્યાં છે એ ઝૂંપડપટ્ટીવાસીઓનાં નામ ફરી નવી પાત્રતા કરવાનો ગોટાળો ઉજાગર થયો છે. આને કારણે ઓથોરિટીએ એ તમામ ઘરને પાછાં મેળવવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અંધેરી પશ્ચિમના શ્રીરામવાડી નગર ખાતે ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનામાં ઘર મેળવનારાં ૨૧ જણને પાત્ર ઠેરવવામાં આવ્યા હતા. આ જ યોજનામાં જાગરૂક ઝૂંપડપટ્ટીવાસીઓએ ફરિયાદ કર્યા બાદ ઓથોરિટી સફાળી જાગી હતી. જોકે ફરિયાદ આવી ન હોય ત્યાં સુધી કોઇ પણ કાર્યવાહી કરવાની કોઇ પણ સિસ્ટમ ઓથોરિટી પાસે ન હોવાનું સ્પષ્ટ કરવામાં આવ્યું હતું. જોકે હવે ઓથોરિટીને ફરિયાદ મળતાં તપાસ શરૂ કરવામાં આવી હતી, જેમાં એક વાર પાત્ર ઠર્યા પછી ફરી પાછા બનાવટી દસ્તાવેજોને આધારે ઘર મેળવવા માટે આગળ આવેલા ૨૧ જણ પાસેથી ઘર પાછાં મેળવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું ઓથોરિટીએ જણાવ્યું હતું. ■

# ધારાશિવમાં સરપંચ પર પેટ્રોલ ભરેલાં કોન્ડોમ ફેંકાયા

મુંબઈઃ મહારાષ્ટ્રના ધારાશિવ જિલ્લામાં ચાર વ્યક્તિએ કથિત રીતે એક સરપંચની એસયુવીની વિન્ડશિલ્ડ તોડી નાખી વાહનની અંદર પેટ્રોલ ભરેલું કોન્ડોમ ફેંકી દીધું હતું, એમ પોલીસે શુક્રવારે જણાવ્યું હતું. તુળજાપુર ખાતે ગુરુવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ થયેલા આ હુમલામાં સરપંચ નામદેવ નિકમ અને વાહનમાં સવાર અન્ય એક વ્યક્તિને ઇજા થઈ હોવાની માહિતી આપી અધિકારીએ ઉમેર્યું હતું કે મેસાઇ જવળગા ગામના સરપંચ નિકમ તે સમયે પોતાની એસયુવીમાં મુસાફરી કરી રહ્યા હતા. નિકમની ફરિયાદના આધારે, તુળજાપુર પોલીસે ચાર અજાણ્યા હુમલાખોરો સામે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ ૧૧૦ હેઠળ, સદોષ માનવવધ કરવાના પ્રયાસ અંગે કેસ નોંધ્યો છે એમ અધિકારીએ જણાવ્યું હતું.

આ મહિનાની શરૂઆતમાં બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખના અપહરણ અને હત્યાને પગલે ભારે આક્રોશના વાતાવરણમાં ગામના વડા પર હુમલો કરવામાં આવ્યો છે. વિપક્ષે દાવો કર્યો છે કે આ હત્યા પાછળ રાજ્યના મંત્રી ધનંજય મુંડેના નજીકના સહયોગી વાલ્મિક કરાડ મુખ્ય સૂત્રધાર છે. (પીટીઆઈ)■

# ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ ટ્વિન ટનલ પ્રોજેક્ટ સામે પ્રશ્નાર્થ

## નરેન્દ્ર મોદીના હસ્તે એક વર્ષ પહેલાં ભૂમિપૂજન થયા પછી પણ જમીન નથી મળતી

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું એ ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ ભૂગર્ભ માર્ગ પ્રોજેક્ટમાં કેન્દ્ર સરકાર હેઠળની મુંબઈ પોર્ટ ઓથોરિટી (એમબીપીએ)એ આડખીલીઓ ઊભી કરી છે. આ પ્રોજેક્ટ માટેની જગ્યાનું વળતરનો ઉકેલ આવતો નથી.

એમબીપીએ દ્વારા ભાડૂઆતો પાસેથી આ જગ્યા લેવાની શરત એમએમઆરડીએ સમક્ષ મૂકવામાં આવી છે. એ માટે માત્ર જમીન હસ્તાંતરણ માટે ૮૫૦૦ કરોડ રૂપિયા ગણવા પડે એવી શક્યતા હોવાનું એમએમઆરડીએના અધિકારીએ જણાવ્યું હતું. આને કારણે હવે આ જગ્યા માટે રાજ્ય સરકારે દરમિયાનગીરી કરવી, એવી વિનંતી એમએમઆરડીએએ કરી છે.

ઈસ્ટર્ન ફ્રી એક્સપ્રેસ પરથી આવતાં વાહનો સીધાં મરીન ડ્રાઈવ પહોંચી શકે અને નરીમાન પોઈન્ટ ખાતે કોઇ પણ અડચણ ન થાય એ માટે એમએમઆરડીએ ટ્વિન ટનલ ઊભી કરી રહી છે. આ માર્ગનું ભૂમિપૂજન વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૪માં થયું હતું. એ સમયથી એમએમઆરડીએ પ્રોજેક્ટ માટે જગ્યા મેળવવાનો પ્રયાસ કરી રહી છે. આ પ્રોજેક્ટ માટે અંદાજે ૪.૩ હેક્ટર જમીનની જરૂર હોઇ એમાંથી ૧.૯૬ હેક્ટર જગ્યાની કાયમી સ્વરૂપે જરૂર પડશે, જ્યારે બાકીની જગ્યા કામ પૂરું થયા બાદ પાછી આપી દેવામાં આવશે. હાલની સ્થિતિમાં એમએમઆરડીએ એક હેક્ટર જગ્યા મેળવવામાં મેળવી શકી છે. આ જગ્યા પર ટનલ બનાવવા માટે શાફ્ટ ઊભું કરવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. પણ જમીન હસ્તાંતરણ કરવાનું કોકડું ઉકેલાતું ન હોવાથી પ્રોજેક્ટમાં વિલંબ થઇ રહ્યો છે. ■

# વંદે ભારત સુપર હિટઃ એપ્રિલથી ડિસેમ્બર ટ્રેન ફુલ

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી છૂટતી મધ્ય રેલવેની વંદે ભારત એક્સપ્રેસને પ્રવાસીઓ પાસેથી બહોળો પ્રતિસાદ સાંપડ્યો હતો. એપ્રિલથી ડિસેમ્બર મહિના દરમિયાન આ ટ્રેન એક પણ વાર ખાલી નથી ગઇ. તમામ દિવસોમાં તેનું રિઝર્વેશન ફુલ થઇ ગયું હતું.

આ ટ્રેનની બેસવાની ક્ષમતાની સરખામણીએ પ્રવાસીઓની સંખ્યા ૧૦૨ ટકા વધી હોવાની નોંધ થઇ હતી.

સીએસએમટીથી શિરડી, સોલાપુર, જાલના અને મડગાંવ એમ ચાર વંદે ભારત છૂટે છે. આ ટ્રેન મેલ-એક્સપ્રેસની તુલનામાં આરામદાયક અને ઝડપી હોવાથી પ્રવાસીઓની પહેલી પસંદગી વંદે ભારત જ રહી છે.

રેલવે અધિકારીએ આપેલી માહિતી અનુસાર પહેલી એપ્રિલથી ૧૬મી ડિસેમ્બર વચ્ચેના સમય દરમિયાન આ ચારેય માર્ગ વંદે ભારતના પ્રવાસીઓ માટે કુલ ૧૪.૧૧ લાખ સીટ ઉપલબ્ધ થઇ હતી. આમાં તબક્કા વાર કુલ ૧૪.૩૧ લાખ પ્રવાસીઓએ સીટ બુક કરાવી હતી. ■

# એર ઈન્ડિયાના પાઈલટની આત્મહત્યાના કેસમાં બોય ફ્રેન્ડને મળ્યા જામીન

મુંબઈઃ ગયા મહિને કથિત રીતે આત્મહત્યા કરનાર એર ઈન્ડિયાના પાઇલટના બોયફ્રેન્ડ આદિત્ય પંડિતને મુંબઈની અદાલતે શુક્રવારે જામીન આપી દીધા છે. અંધેરીના મરોલ વિસ્તારમાં 'કાણકિયા રેઇન ફોરેસ્ટ' બિલ્ડિંગમાં ભાડાના ફ્લેટમાં રહેતી પાયલટ સૃષ્ટિ તુલી (૨૫) પચીસ નવેમ્બરની વહેલી સવારે મૃત હાલતમાં મળી આવી હતી. આ દુર્ઘટનાના એક દિવસ પછી પોલીસે તેના બોયફ્રેન્ડ આદિત્ય પંડિત (૨૭)ની ધરપકડ કરી તેના પર ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) કલમ ૧૦૮ હેઠળ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ મૂક્યો હતો.

આરોપીની જામીન અરજીને એડિશનલ સેશન્સ જજ (દિંડોશી કોર્ટ) ટી. ટી. અગલાવેએ મંજૂરી આપી હતી. વિગતવાર આદેશ હજી સુધી ઉપલબ્ધ નથી થયો. તુલીના પિતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે આરોપી અને તેની પુત્રી આત્મહત્યા પહેલા પાંચ-છ દિવસથી એક જ રૂમમાં રહેતા હતા. જોકે ઘટનાના દિવસે આરોપી દિલ્હી જવા રવાના થયો હતો.


ફરિયાદ અનુસાર આરોપી અને સૃષ્ટિ તુલીના આહારની અલગ હોવાથી એ બાબતે તેમની વચ્ચે વિવાદ થતો હતો. તુલી માંસાહારી હતી જ્યારે આરોપી શાકાહારી છે. પંડિતે તુલી પર સતત દબાણ કર્યું હતું કે તે તેની ખાવાની ટેવો બદલી નાખે, જેના કારણે સૃષ્ટિએ આત્મહત્યા કરી લીધી હશે એવો આક્ષેપ ફરિયાદીએ કર્યો હતો.

પંડિતના વકીલ અનિકેત નિકમે એવી દલીલ કરી હતી કે આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ બનતો નથી. ન તો અગાઉ કોઈ ફરિયાદ હતી કે ન તો કોઈ સુસાઇડ નોટ હતી, અને તેથી એવું કહી શકાય નહીં કે અરજદારે આત્મહત્યા માટે ઉશ્કેરણી કરી હતી. (પીટીઆઈ)■

Mohanlal S Mithaiwala
MUMBAI-AHMEDABAD
સ્પેશ્યલ કેસર દુધ મસાલો
અમારા ખાસ વિવિધ શિયાળુ પાક
સાલમ પાક | અડદિયા પાક | મેથી પાક(લાડુ)
અમારો માલ અહીં લખેલ અધિકૃત દુકાનોમાંથી જ મળશે.
મુંબઈ: • ઝવેરીબજાર: 23439944, 23410374 • 45, ભૂલેશ્વર: 22410955, 22411268
• ગ્રાન્ટ રોડ: 23871167, 23824031 • 95, ભૂલેશ્વર: 22412526 • બોરીવલી વેસ્ટ: 28936012
• પાર્લા ઈસ્ટ: 12/12 A, નેહરૂ રોડ, શિવસાગર હૉટલની બાજુમાં-26189776
અમદાવાદ: 26421133, 25463300
Order Now On zomato & SWIGGY Also
અમારી પાર્લા અને બોરીવલીની દુકાન દર રવિવારે ખુલી રહે છે.

સૌથી મોટો આંતરરાષ્ટ્રીય કન્ઝયુમર એક્સ્પો
Hurry ! Visit Today
UPTO 70% off
iicf TM
FULLY A/C
Electronic Partner: vijay sales
50,000 Sq. Ft. Area of Electronics / Appliances
INDIA INTERNATIONAL CONSUMER FAIR
www.iicfexhibitions.in
Entry by Ticket Rs.50
બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, MMRDA ગ્રાઉન્ડ, એશિયન હાર્ટ હોસ્પિટલ પાસે, BKC, બાંદ્રા
દૈનિક સમયઃ શનિ. રવિ. અને રજાઓ સ. ૧૧ ક. થી રા. ૯.૩૦ ક. સુધી. અઠવાડિયાના દિવસોઃ બ. ૧ ક.થી રા. ૯.૩૦ ક. સુધી.
૨૪મી ડિસેમ્બર ૨૦૨૪થી ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૨૫ સુધી
પ્રવેશ નિઃશુલ્કઃ આ પેપર એડ લાવો અને ૧ વ્યક્તિની એન્ટ્રી ફ્રી મેળવો માત્ર ૨૮ ડિસેમ્બર સાં. ૫ ક. સુધી માન્ય.
તમામ રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય બ્રાન્ડસ
AN EXPO ON
ઈલેક્ટ્રોનિક્સ, ઉપકરણો, I.T., ફર્નિચર્સ, ફર્નિશિંગ અને ઈન્ટિરિયર્સ, ડ્રેસ મટિરિઅલ્સ, હોમ ટેક્સ ટાઈલ્સ, હેલ્થ એન્ડ બ્યુટી, હેન્ડિક્રાફ્ટસ, આયુર્વેદિક દવા, ઓટોમોબાઈલ્સ, ફૂટ વેર્સ, બેડશીટ બેડકવર, આર્ટિફિશિઅલ જ્વેલેરી, કિડ્સ બુક અને ટોયઝ, ફૂડ કોર્ટ અને ઘણું બધું...
- BKC ખાતે વર્ષનો સૌથી ભવ્ય એક્સ્પો.
- ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સનો વિશાળ ૬૦૦૦૦ ચો. ફૂટ વિસ્તાર
- ફર્નિચર અને આંતરિકનો ૨૦ ચો. ફૂટ વિસ્તાર
- ઉપભોક્તા ઉત્પાદનોનું વિશાળ પ્રદર્શન
- આંતરરાષ્ટ્રીય સ્ટોલઃ થાઈલેન્ડ, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, તુર્કી
- સમગ્ર ભારતમાંથી અલગ-અલગ ઉત્પાદનો
- ૧૦૦૦ ઉત્પાદનો ૧૦૦ ટોપ બ્રાન્ડ્સ
- માઉથ વોટરિંગ ફૂડ કોર્ટ
9356868712
વિશ્વસ્તરનો પારિવારિક શોપિંગ અનુભવ

આપના આદર્શો અને આપે કંડારેલા પથ પર ચાલતાં અમે અસીમ ગૌરવ અનુભવીએ છીએ.



ધીરુભાઈ હીરાચંદ અંબાણી
ફાઉન્ડર ચેરમૅન – રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
ડિસેમ્બર ૨૮, ૧૯૩૨ – શાશ્વતી
એક નિર્ભિક, નુતન ભાવિના પંથે અમારી આગેકૂચમાં અમારું સતત પથદર્શન કરી રહ્યો છે આપનો વારસો.
Reliance Industries Limited
Growth is Life
Jio
www.ril.com

# પુણેમાં બનેલી અમાનુષી ઘટનાના આરોપીને ફાંસી આપવા માગણી

## બે બાળકીના હત્યારાને ઝડપથી સજા મળે એ માટે ખટલો ફાસ્ટ ટ્રેકમાં ચલાવાશે

મુંબઈઃ પુણેના રાજગુરુનગરમાં એક નરાધમ દ્વારા બે નાની ઉંમરની બહેનો સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ મહારાષ્ટ્ર આખામાં તેનો પ્રચંડ આક્રોશ ઠલવાઈ રહ્યો છે. આ જ કારણથી સુરક્ષાનો પ્રશ્ન ફરી એક વાર એરણે આવ્યો હોવાની કબૂલાત પણ વિધાનપરિષદનાં ડેપ્યુટી સ્પીકર નીલમ ગોરેએ કરી હતી. હવે મહિલા પંચનાં અધ્યક્ષા રૂપાલી ચાકણકરે આરોપીને તાત્કાલિક સજા મળે એ માટે કેસને ફાસ્ટ ટ્રેકમાં ચલાવવામાં આવશે, એવી માહિતી આપી હતી. આરોપીને ફાંસીને માંચડે લટકાવવામાં આવે એ માટે રાજ્ય મહિલા પંચ સરકારને વિનંતી કરવામાં આવશે. રાજગુરુનગર શહેરમાં બે બહેનોની હત્યા બાદ પીડિત કુટુંબને ન્યાય મળે એ માટે રાજગુરુનગર પોલીસ સ્ટેશનની બહાર આંદોલન છેડવામાં આવ્યું હતું. પીડિત કુટુંબ અને આંદોલનકારીઓ સાથે નીલમ ગોરેએ સંવાદ સાધ્યા બાદ અને કુટુંબીજનોએ કરેલી માગણી માન્ય થયા બાદ આખરે આંદોલનને પાછું લેવામાં આવ્યું હતું. બીજી બાજુ સાતકરસ્થળ ગ્રામપંચાયતે પીડિત કુટુંબને ઘર, નોકરી અને તેમના દીકરાના શિક્ષણની જવાબદારી સ્વીકારી છે. પીડિત કુટુંબને ન્યાય મળે અને આરોપીને સજા આપવામાં વિલંબ ન થાય એ માટે કેસને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવાની માગ કરવામાં આવી હતી. જોકે લોકોમાં ઊભી થતી વિકૃતિભરી માનસિકતાને બદલવાની જરૂર છે. આ માટે સરકારે કડક પગલાં લેશે એવો મને વિશ્વાસ છે, એવું નીલમ ગોરેએ જણાવ્યું હતું. હાલમાં કોર્ટમાં અનેક કેસો પેન્ડિંગ છે એટલે આ કેસને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં અને તેને બે શિફ્ટમાં ચલાવવા માટેની માગણી ગોરેએ કરી હતી.

## લગ્ન માટે સગીરા પર દબાણઃ ૧૨ સામે ગુનો

થાણેઃ સગીરાનું અપહરણ કર્યા બાદ લગ્ન માટે તેના પર દબાણ કરવા બદલ થાણે જિલ્લાની પોલીસે ૧૨ જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, જેમાંથી સાતની ઓળખ થઇ છે. ફરિયાદીએ પોલીસને જણાવ્યું હતું કે તેને પ્રથમ મંદિરમાં દર્શનને બહાને ગુજરાતના નવસારી ખાતે અને બાદમાં ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં સંબંધીને ત્યાં લઇ જવાઇ હતી. તેણ કલવા પોલીસને એમ કહ્યું હતું કે સંબંધીઓએ તેના લગ્ન એક આરોપી સાથે બળજબરીથી કરાવ્યાં હતાં. સગીરાની ફરિયાદને આધારે કલવા પોલીસે ૧૨ જણ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ૧૨માંથી સાત આરોપીને ઓળખી કાઢવામાં આવ્યાં છે, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)

## ૫૮ ટકા પ્રોપર્ટી ટેક્સની વસૂલીમાં સુધરાઈ સફળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રોપ્ટી ટેક્સના ૬,૦૦૦ કરોડ રૂપિયાના લક્ષ્યાંકની સામે અત્યાર સુધીમાં ૫૮ ટકા ટેક્સ એટલે કે ૫,૨૪૩ કરોડ રૂપિયા વસૂલ કરવામાં સફળતા મળી છે. વસૂલીની રકમમાં ગયા વર્ષે મોડેથી ભરાયેલા પ્રોપર્ટી ટેક્સનો પણ સમાવેશ થાય છે. ચાલુ વર્ષનો પ્રોપર્ટી ટેક્સની મુદત પૂરી થાય તે પહેલા અને દંડ ભરવો ના પડે તે માટે ૩૦ ડિસેમ્બરના રોજ પાલિકા મુખ્યાલય અને વોર્ડ ઓફિસના નાગરી સુવિધા કેન્દ્રનો સવારના આઠ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી તેમ જ ૩૧ ડિસેમ્બરના રોજ સવારના આઠ વાગ્યાથી રાતના ૧૨ વાગ્યા સુધી ખુલ્લા રાખવામાં આવવાના છે.

પાલિકાના ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં પ્રોપર્ટી ટેક્સનો નક્કી કરેલો લક્ષ્યાંક વસૂલ કરવામાં ભારે પડકારોનો સામનો કરવો પડયો હતો. પાલિકાએ ડિફોલ્ટો સામે આંખ લાલ કરીને આકરાં પગલાં લઈને ૪,૮૫૬.૩૮ કરોડ રૂપિયા વસૂલ કર્યા હતા, જે કુલ લક્ષ્યાંકથી ૩૦૦ કરોડ રૂપિયા વધુ હતા.

પ્રોપર્ટી ટેક્સની રકમ વસૂલ કરવામાં સફળતા મળી છે, છતાં ચાલુ નાણાકીય વર્ષમાં પ્રોપર્ટી ટેક્સમાં વધારો કરવામાં આવ્યો નથી. છતાં ભવિષ્યમાં પ્રોપર્ટી ટેક્સ મારફત આવકમાં ઘટાડો થાય નહીં તે માટે પાલિકા અનેક ઉપાયયોજના અમલમાં મૂકી રહી છે, જેમાં મુખ્યત્વે ડિફોલ્ટરો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ નાગરિકોને પ્રોપર્ટી ટેક્સના બિલો પહેલી ઓક્ટોબરના મોકલવામાં આવ્યા હતા. ચાલુ નાણાકીય વર્ષ માટે પ્રોપર્ટી ટેક્સમાં ૩,૮૫૨ કરોડ રૂપિયા જમા કર્યા છે, અમે જાન્યુઆરી અને માર્ચ વચ્ચે વધુ રકમ જમા થાય એવી અપેક્ષા રાખી રહ્યા છે અને માર્ચ ૨૦૨૫ સુધીમાં લક્ષ્યાંક પૂરો કરવાનો પ્રયાસ રહેશે.

દર વર્ષે પાલિકા પોતાના હદમમાં આવતી નવ લાખથી વધુ મિલકત પાસેથી પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરે છે, જોકે તાજેતરના વર્ષોમાં પ્રોપર્ટી ટેક્સના માધ્યમથી થતી પાલિકાની આવકમાં ઘટાડો થયો છે, જેનું કારણ ૫૦૦ ચોરસ ફૂટ સુધીની રહેણાંક મિલકતને પ્રોપર્ટી ટેક્સમાંથી રાહત સહિત ૨૦૧૫-૧૬ના ટેક્સ રિવિઝનનો અભાવ છે.

# થર્ટી ફર્સ્ટ નાઈટે ૧૪,૦૦૦થી વધુ પોલીસ મુંબઈમાં ઊભે પગે રહેશે

મુંબઈઃ નવા વર્ષના સ્વાગત માટે થર્ટી ફર્સ્ટની રાતે મુંબઈમાં ઠેકઠેકાણે રાતભર ચાલતી ઉજવણી દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે એ માટે મહાનગરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હોઇ ૧૪,૦૦૦થી વધુ પોલીસ કર્મચારી અને અધિકારીઓને તહેનાત કરવામાં આવશે.

થર્ટી ફર્સ્ટની રાતે બંદોબસ્ત માટે ૮ એડિશનલ પોલીસ કમિશનર, ૨૯ ડેપ્યુટી પોલીસ કમિશનર, ૫૩ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર સહિત ૨,૧૮૪ પોલીસ અધિકારીઓ તેમ જ ૧૨,૦૪૮ પોલીસ કર્મચારીઓને તહેનાત કરાશે. એ સિવાય મહત્ત્વનાં સ્થળોએ બંદોબસ્ત માટે સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (એસઆરપીએફ)ની પ્લાટૂન્સ, ક્વિક રિસ્પોન્સ ટીમ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ), તથા રાયટ્સ કન્ટ્રોલ ફોર્સ અને હોમ ગાર્ડસની પણ મદદ લેવામાં આવશે. શહેરના વિવિધ રેલવે સ્ટેશન, ધાર્મિક સ્થળો અને ગિરદીનાં સ્થળો ખાતે સાદા વેશમાં પોલીસ તહેનાત રહેશે, જ્યારે સીસીટીવી કેમેરાથી પણ નજર રાખવામાં આવશે. એ દિવસે પોલીસ દ્વારા ઠેકઠેકાણે કોમ્બિંગ ઓપરેશન હાથ ધરવામાં આવશે.

દરમિયાન ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન અને ડ્રન્ક એન્ડ ડ્રાઇવ વિરુદ્ધની ઝુંબેશને વધુ તીવ્ર કરવામાં આવી છે. ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસ દ્વારા ઠેરઠેર નાકાબંધી કરવામાં આવશે. દારૂ ઢીંચી વાહન ચલાવનારી વ્યક્તિ, જાહેર સ્થળે ધીંગાણું કરનારા, મહિલાઓ સાથે ગેરવર્તન કરનારા અને નશીલો પદાર્થનું વેચાણ-સેવન કરનારા લોકો સામે પણ કડક કાર્યવાહી કરાશે. નાગરિકોએ મદદ માટે ૧૦૦ નંબર પર સંપર્ક સાધવાનું પોલીસ દ્વારા જણાવવામાં આયું છે.

## ૫.૪૫ કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસનો ફરાર આરોપી કોલકાતાથી પકડાયો

મુંબઈઃ કંપની વતી રોકડમાં ટ્રાન્ઝેક્શન કરતાં બમણો ફાયદો થવાની લાલચે મહિલા સાથે ૫.૪૫ કરોડ રૂપિયાની છેતરપિંડી આચવાના કેસમાં ફરાર આરોપીને પોલીસે કોલકાતાથી ઝડપી પાડીને લોકઅપભેગો કરી દીધો હતો. આરોપીની ઓળખ મોહંમદ નિયાઝ આલમ તરીકે થઇ હોઇ તેની પાસેથી આઠ મોબાઇલ, પાંચ સિમ કાર્ડ અને વિવિધ બેન્કના ડેબિટ કાર્ડ મળી આવ્યાં હતાં, એમ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર ખાનગી કંપની સાથે કોઇ સંબંધ ન હોવા છતાં કંપની વતી રોકડમાં ટ્રાન્ઝેક્શન કરતા બમણો ફાયદો થવાની લાલચે આરોપી નિયાઝ આલમ તથા અન્ય છ વ્યક્તિએ થાણેમાં રહેતી મહિલા સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી હતી. ૨૮ ઑક્ટોબર, ૨૦૨૩થી ૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન આ છેતરપિંડી આચરાઇ હતી. આ પ્રકરણે દિંડોશી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં ગુનો દાખલ કરાયો હતો.

કેસની તપાસ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા હાથ ધરાઇ રહી હતી અને ગુનામાં સંડોવાયેલો આરોપી નિયાઝ પોતાનો મોબાઇલ નંબર સતત બદલતો હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. દરમિયાન આરોપી દિલ્હી, હૈદરાબાદ અને ઉત્તર પ્રદેશ જતો હોવાનું જણાતાં પોલીસની ટીમને ત્યાં મોકલવામાં આવી હતી, પણ તે મળ્યો નહોતો. આખરે નિયાઝ પશ્ચિમ બંગાળમાં હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી અને સાત દિવસ સતત શોધ ચલાવ્યા બાદ આખરે એનએસસીબી એરપોર્ટ પોલીસની મદદથી તેને ઝડપી પાડ્યો હતો.

## સરકારી નોકરી મેળવવા બનાવટી પત્રનો ઉપયોગઃ ગુનો દાખલ

થાણેઃ એક્સાઇઝ વિભાગમાં નોકરી મેળવવા માટે સરકારી અધિકારીના નામ સાથેના બનાવટી પત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળતાં થાણે પોલીસે ગુનો દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

એક્સાઇઝ વિભાગના ટોચના અધિકારીનું નામ અને સીલ સાથેનો બનાવટી પત્ર ગયા વર્ષે થાણેની સિવિલ હોસ્પિટલને મોકલવામાં આવ્યો હતો, જેમાં વિભાગ માટે પસંદ કરાયેલા બે ઉમેદવારોની તબીબી તપાસ કરવાનું જણાવવામાં આવ્યું હતું.

મેડિકલ ટેસ્ટ કરાયા બાદ ઉમેદવારોને જિલ્લાના મુરબાડ અને શહાપુર વિસ્તારમાં એક્સાઇઝ સબ-ઇન્સ્પેક્ટર તરીકે રાખવામાં આવ્યા હતા. બાદમાં નોકરીમાં ભરતી માટે રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો બનાવટી હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું.

સ્ટેટ એક્સાઇઝના સુપરિન્ટેન્ડેન્ટે આ પ્રકરણે વાગલે એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસની તપાસ ચાલી રહી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

છેલ્લા પાનાનું ચાલુ

### ઘાટકોપરમાં કુર્લાવાળી

હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં પ્રીતિ પટેલને તપાસીને મૃત જાહેર કરાઇ હતી. બાકીના ચાર જણની સારવાર ચાલી રહી છે. ઇજા પામેલા ચારેય જણ ઘાટકોપરના ચિરાગનગરના રહેવાસી છે, એમ પોલીસે કહ્યું હતું. દરમિયાન આ અકસ્માત બાદ સ્થાનિકોએ આરોપ કર્યો હતો કે ટેમ્પો ડ્રાઇવર દારૂના નશામાં હતો. ટેમ્પો નારાયણ નગર તરફથી ઘાટકોપરની દિશામાં પૂરપાટ વેગે આવી રહ્યો હતો ત્યારે અચાનક તેણે કાબૂ ગુમાવ્યો હતો અને ત્યાંના સ્ટોલ સાથે ટકરાયા બાદ રાહદારીઓને તેણે અડફેટમાં લીધા હતા, જેમાં મહિલાનું મૃત્યુ થયું હતું.

### લાડકી બહેન

પૂર્ણ કરવામાં આવે છે. રાજ્યમાં બધું મળીને સાડાચાર લાખ શિક્ષકો છે, આ બધાનું વેતન તૈયાર કરીને આપવામાં આટલા દિવસો લાગે છે.

લાડકી બહેન સહિતની યોજનાઓ પાછળ ખર્ચની જોગવાઈઓ કરવામાં આવી રહી હોવાથી ગુરુવાર સુધી શિક્ષકોના પગાર અંગેની જોગવાઈ કરવામાં આવી નહોતી. લાડકી બહેન યોજનાના હપ્તા બેંકમાં જમા કરવાનું ચાલુ કરવામાં આવ્યું હતું. આથી હવે શિક્ષકોના વેતનની તૈયારીમાં વિલંબ થયો છે. આવી સ્થિતિમાં પહેલીથી પાંચમી સુધીમાં શિક્ષકોના પગારમાં લગભગ બેથી ત્રણ દિવસનો વિલંબ થઈ શકે છે. એટલે કે નવા વર્ષમાં શિક્ષકોના આવતા નાણાંમાં બેથી ત્રણ દિવસનો વિલંબ થઈ શકે છે. આધારભૂત સાધનો પાસેથી મળતી માહિતી અનુસાર નવા વર્ષમાં શિક્ષકોના પગારમાં બેથી ત્રણ દિવસનો વિલંબ થવાની શક્યતા છે. લાડકી બહેન યોજનાના કારણે રાજ્યની તિજોરી પર આર્થિક બોજ આવ્યો હતો અને શિક્ષકોના પગારની જોગવાઈ અટકી પડી હતી. આ રકમ શુક્રવારે મોડી રાત્રે વર્ગીકૃત કરવામાં આવી છે. શિક્ષકોના પગારની રકમ હંમેશા ૧૫મી સુધી વર્ગીકૃત કરવામાં આવે છે અને જિલ્લા વહીવટીતંત્ર પાસે ૨૦ તારીખ સુધીમાં ફાળવણી થઈ જાય છે. આ વખતે ફાળવણી ૨૭ તારીખ પછી થઈ હોવાથી હવે વહેલી તકે પગાર ચૂકવવા શિક્ષણ વિભાગ દોડતું થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે આ મહિને રાજ્યમાં ક્યાંક બે-ત્રણ દિવસ તો ક્યાંક પાંચ દિવસનો વિલંબ થઈ શકે છે.

### થર્ટી ફર્સ્ટની રાતે

સંતોષ મળવો જોઇએ. દારૂ પીરસતી વખતે અમારા સભ્યો કે પછી મહેમાનો માટે કોઇ મર્યાદા રાખી ન શકીએ. માત્ર દારૂનું સેવન કરનારી વ્યક્તિની ઉંમર અંગે એ તકેદારી રાખીએ છીએ. આ ઉપરાંત અમે વેલેટ સેવા તેમ જ ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા પર ધ્યાન આપીએ છીએ.પાર્ટીમાં નશો કરનાર મહેમાન ઘરે સલામતીપૂર્વક પહોંચી શકે એ માટે અમે ડ્રાઈવર્સ કે પછી ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા કરવાની જવાબદારી રાખીએ છીએ. અમારા સ્ટાફ, ખાસ કરીને બારટેન્ડર્સને નવા વર્ષની ઉજવણી માટે ખાસ તાલીમ આપીએ છીએ. આ તહેવાર ધામધૂમથી મનાવવાનો છે અને અમે અમારે ત્યાં આવનારાઓને આનંદનો અનુભવ કરાવવા માગતા હોઇએ છીએ. અમારી જવાબદારી પાર્ટીમાં કોઇ ખલેલ ન પહોંચે અને મહેમાનોની સલામતીની છે.

### હવે હોમિયોપથી

છે. ઉપરાંત, છૂટક દવા ડીલરો ડોક્ટરો દ્વારા આપવામાં આવેલ પ્રિસ્ક્રિપ્શન પર દવાઓ વેચી શકે છે. જોકે, મહારાષ્ટ્ર હોમિયોપેથિક મેડિસિન પ્રેક્ટિશનરના પ્રિસ્ક્રિપ્શન પર દવાઓ વેચતા પહેલાં સુનિશ્ચિત કરવાનું રહેશે કે પ્રિસ્ક્રિપ્શન પર નોંધણી નંબર અને આધુનિક ફાર્માકોલોજી (સીસીએમપી)માં પ્રમાણપત્ર કોર્સ લાયકાત પ્રમાણપત્ર નંબર લખવામાં આવ્યો છે. આ જવાબદારી છૂટક દવા વેચનારની રહેશે એવી માહિતી કમિશનર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના અધિકારીએ આપી હતી. મહારાષ્ટ્ર યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સીસ (એમયુએચએસ)માંથી સીસીએમપી કોર્સ કરનારા હોમિયોપેથી ડૉક્ટરો એલોપેથિક દવાઓનું પ્રિસ્ક્રિપ્શન આપી શકે છે, પરંતુ તેઓ મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલ (એમએમસી)માં રજિસ્ટ્રેશન મેળવી શકશે નહીં. એમએમસી હોમિયોપેથી ડોક્ટરોને નોંધણી નંબર આપવાના નિર્ણયને મોર્ડન મેડિસિન ડોક્ટરો સાથેનો અન્યાય માને છે.

### બીમાર દીકરીની

છે, એમ તેમણે કહ્યું હતું. આ અંગે વધુ માહિતી આપતાં ભાજપના સ્થાનિક નગરસેવક સૂર્યકાંત ગવણીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે અકસ્માત ભયાનક રીતે થયો હતો. પ્રીતિ પટેલનું દુઃખદ નિધન થયું હતું અને તેની ૬૫ વર્ષની મમ્મી ચંદ્રિકા ઠક્કરને પગમાં માર વાગ્યો હતો. ચંદ્રિકા ઠક્કરની સારવાર ચાલી રહી છે.

# જૈન મરણ

રાધનપુર તીર્થ નિવાસી ધીરજલાલ શાંતિલાલ દોશી (ઉં. વ. ૮૯) ગુરુવાર તા. ૨૬-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સુશીલાબેનના પતિ. સંજય, સુકેતુ, સેજલના પિતા. હીના, સોનલ અને સંદીપકુમારના સસરા. હેત્વી વિરાજકુમાર, મનન, હિતાર્થ અને યશવીના દાદા/ નાના. સ્વ. વીનુભાઇ, નિરંજનભાઇ, ભૂપેન્દ્રભાઇ, સ્વ. અરુણાબેન, પ્રવર્તીની પ્રજ્ઞપ્તાશ્રીજી અને પ્રશમનાશ્રીજીના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સંઘ**

સ્વ. જયાબેન ગાંઠાણી (ઉં. વ. ૭૮) જે ગામ કુબા (રાવણી)ના વતની હાલ મલાડ તે સ્વ. ચંદુલાલ કપૂરચંદ ગાંઠાણીના ધર્મપત્ની. તે દિવાળીબેન વરજીવનદાસ સંઘવીના સુપુત્રી. તે નલિનભાઇ, કિરણબેન, મીનાક્ષીબેન, જાગૃતિબેનના માતુશ્રી. તા. ૨૫-૧૨-૨૪ના બુધવારના અવસાન પામેલ છે. સદગતનું બેસણું તા. ૨૮-૧૨-૨૪ના શનિવારના ૧૦થી ૧૨. ઠે. લક્ષ્મીનારાયણ મંદિર, કાઠિયાવાડી ચોક, રાણી સતી માર્ગ, મલાડ (ઇસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. અરવિંદ હીરાલાલ પટણીના ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૮૩) તા. ૨૫-૧૨-૨૪ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે મનિષાના માતુશ્રી. મિલનના સાસુ. મેઘલના નાની. સ્વ. ભગવતીબેન હેમચંદ શાહના દીકરી. સ્વ. લીલાવતી હીરાલાલના પુત્રવધૂ. સ્વ. કીર્તિભાઇ, હરેશભાઇ, હેમેન્દ્રભાઇના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલારી વિશા ઓશવાળ જૈન**

ગામ ડબાસંગ (જામનગર) નિવાસી હાલ પ્રભાદેવી દાદરના સ્વ. અશોકભાઇ લીલાધર શાહ (ઉં. વ. ૭૯) તે સુનંદાબેનના પતિ. દિપનભાઇ, રીનાબેનના પિતાશ્રી. તે હેમલબેનનાં સસરા. પાર્શ્વના દાદા. તે ગુણવંતીબેન વેલજી ગેલૈયા (ગામ-લાખાવડ)ના જમાઇ. સ્વ. શાંતીલાલભાઇ, સ્વ. રમેશભાઇ, સ્વ. અરુણભાઇ, ચંદ્રકાન્તભાઇ, અનીલભાઇ, સ્વ. પંકજભાઇ, સ્વ. રંજનબેન, સ્વ. મંજુલાબેન, ઇલાબેનના ભાઇ. તા. ૨૫-૧૨-૨૪ બુધવારે અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૯-૧૨-૨૪ રવિવારે સવારના ૧૦થી ૧૨. ઠે. રામજી અંદરજી વાડી, ચંદાવરકર રોડ, માટુંગા (ઇસ્ટ).

**જામનગર હાલાર વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

હાલ પવઇ મૃદુલાબેન વસા (ઉં. વ. ૮૬) સ્વ. છોટાલાલ લક્ષ્મીચંદ વસાના ધર્મપત્ની. તે સ્વ. ભૂરીબેન લક્ષ્મીચંદ વસાના પુત્રવધૂ. સ્વ. પુષ્પાબેન હીરાલાલ શેઠના પુત્રી. સ્વ. રાજેન્દ્ર હીરાલાલ શેઠના બેન. સ્વ. મનીષના માતુશ્રી. દર્શનાના સાસુમા. તા. ૨૩-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયણના લક્ષ્મીચંદ કુંવરજી ભગત (મોતા) (ઉં.વ. ૯૩) ૨૬-૧૨ના અવસાન પામેલ છે. દેવકાંબેન/લીલબાઇ કુંવરજી રામજીના પુત્ર. સ્વ. વિજયાબેનના પતિ. જયંત, સ્વ. નરેન્દ્ર, પ્રદીપ, હીનાના પિતા. પ્રેમચંદ, હરખચંદ, કાંતી, હીરાકુંવર લીલાધર, મંજુલા, કોડાય રતન તલકશી, ના.ખાખર કસ્તુર હરસુખરાય, બિદડા પુષ્પા શામજી, ધનવંતી અમૃતલાલ, વરાડીયા ચંદનબેન દેવશીના ભાઇ. રાયણ ઉમરબાઇ ઠાકરશી વેલજી ગડાના જમાઇ. પ્રા. લાયન્સ કમ્યુનીટી હોલ, ૯૩-બી, ગારોડીયા નગર, ઘાટકોપર (પૂ.).

વાંઢ (ગજપુરી)ના નરેશ (મંગલ) પ્રેમજી નંદુ (ઉં.વ. ૬૩) તા. ૨૬-૧૨-૨૪ના અવસાન પામેલ છે. ભાનુબેન પ્રેમજીના પુત્ર. નીતા (મીના)ના પતિ. રીંકલ, સુમીતના પિતા. વિજય, નિર્મળા નાગજી, મોટી ખાખરના નયના નરેશ, ભારતી સુનીલ, વાંકીના ડીમ્પલ કિરણ, રશ્મી મહેશના ભાઇ. પત્રીના વિમળાબેન પ્રેમજી વિજપારના જમાઇ. પ્રાર્થના : શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં. સં. કરસન લધુ નિસર હોલ, દાદર. ૪ થી ૫.૩૦. નિવાસ : નીતા નરેશ નંદુ, બી-૨, ૨૮૦૨, રોમેલ એથર, ઉમીયા માતા મંદિરની બાજુમાં, ગોરેગામ (ઇ.).

ડોણ હાલે બાડાના માતુશ્રી ચંદનબેન પોપટલાલ ગાલા (ઉં.વ. ૮૫) તા. ૨૫-૧૨-૨૪, બુધવારનાં અવસાન પામ્યા છે. દેવકાંબાઇ રવજી જીવરાજ ગાલાના પુત્રવધૂ. પોપટલાલના પત્ની. ભરત, ગીરીશ, અરૂણા, જીતેન્દ્રના માતુશ્રી. બાડા ચંચલબાઇ ધનજી કેશવજી ગડાના સુપુત્રી. કલ્યાણજી, સુંદરજી, મુલચંદ, ભાઇલાલ, કસ્તુરના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસઃ જીતેન્દ્ર ગાલા, ૩૦૧, વિઘ્નહર્તા, બી.નં. ૧૦, ટાગોર નગર, વિક્રોલી (ઇ).

કાંડાગરાના મંજુલાબેન (જયાબેન) મોરારજી મેઘજી છેડા (ઉં.વ. ૮૫) તા. ૨૭-૧૨-૨૪ના અવસાન પામેલ છે. મોરારજીના પત્ની. લાછબાઇ મેઘજી સુરા છેડાના પુત્રવધૂ. અમર, કિરણ, જ્યોતિના માતુશ્રી. કોડાયના માતુશ્રી કસ્તુરબેન કાનજી આસધીરના સુપુત્રી. વસનજી, લક્ષ્મીચંદ, અમૃત, ખુશાલ, મુલચંદ, નાગલપુર વિજય હરીલાલ, બારોઇ વિમળા ચંદ્રકાંત, રોહાના મુક્તા મનસુર, ગોધરા માયા દિપકના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અમર છેડા, બી-૫૦૫, શીલ એપાર્ટમેન્ટ, લજપતરાય રોડ, વિલેપાર્લા (વે.).

ગુંદાલાના અ.સૌ. ચેતના અતુલ સતરા (ઉં.વ. ૬૦) ૨૬-૧૨ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન શામજીના પુત્રવધૂ. અતુલના પત્ની. કોમલ, પ્રણયના માતા. કુંદરોડી ઝવેરબેન પ્રેમજીના પુત્રી. ચેતના વિપુલ, ૨. ગણેશ અરૂણા કમલેશના બેન. પ્રા. : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા.સં.સં કરસન લધુ નિસર હોલ, દાદર (વે). ટા.: ૨ થી ૩.૩૦. નિ. : અતુલ સતરા, ૪૦૧, અલ્પ્સ હાઇટ્સ, આર. પી. રોડ, મુલુંડ (વે).

**વિશા ઓશવાળ સેવા સમાજ જૈન**

ભોગીલાલ દલસુખભાઇ શાહ (ઉં.વ. ૯૧) હાલ તારદેવ ૨૫/૧૨/૨૪ના અવસાન થયેલ છે. તે સ્વ. નીરુબેનના પતિ. સ્વ. શાંતિલાલ પૂંજીરામ સંઘવીના જમાઈ. હર્ષદ, રીટા, હીના, સીમા, સ્વ. સંજયના પિતા. કવિતા, દિનેશ, અનિલ, કલ્પેશ, મોનાના સસરા. પિતૃવંદના શનિવાર તા. ૮/૧૨/૨૪ના ૨ થી ૪, પાટીદાર હોલ, ફ્રેંચ બ્રિજ, ઓપેરા હાઉસ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વિસા શ્રીમાળી જૈન**

મજેવડી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. શાન્તીલાલ ગીરધરલાલ રામાણીના ધર્મપત્ની જશવંતીબેન (ઉં.વ. ૮૩) તે દિનેશ, ચેતન, રેખા કુંતલકુમાર નારેચણીયાના માતા. દિશા, રીમ્પલના સાસુ. જશ, નીવ, વત્સલના દાદી. જામજોધપુર નિવાસી સ્વ. નેમચંદ દામોદર મહેતાના દીકરી તા. ૨૬/૧૨/૨૪ ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

સાણોદર નિવાસી હાલ બોરીવલી સ્વ. શિવલાલ રાયચંદ વઘાણીના ધર્મપત્ની લીલાવંતીબેન (ઉં.વ. ૮૭) ગુરૂવાર, તા. ૨૬/૧૨/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે હર્ષદ, ગિરીશના માતુશ્રી. ગીતા, સુરેખાના સાસુ. સ્વ. નેમચંદ, સ્વ. મનસુખ, સ્વ. જગજીવનના ભાભી. પિયરપક્ષે સ્વ. ગીરધરલાલ રતનશી કપાસીના દીકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ સુવઈના સ્વ. રૂક્ષ્મણીબેન નરશી માંઈયા ગાલાના (ઉં.વ. ૮૦) બુધવાર, તા. ૨૫-૧૨-૨૪ના થાણા મધ્યે અવસાન પામેલ છે. સ્વ. પાલઈબેન માંઈયા ગુણશીના પુત્રવધૂ. નરશી માંઈયાની ધર્મપત્ની. ગં.સ્વ. તારા, ઉર્મિલા, મનિષા, લતા, પ્રદિપ, હરેશના માતુશ્રી. શાંતિ, સ્વ. હરખચંદ, વિજપાર, અશોક, ધીરજના સાસુ. કેનિષા, જીનલ, હર્ષના દાદી. સ્વ. ભાણબાઈ કુંવરજી ટોકરશી સાવલાની દીકરી. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. ૯૧૨, શ્રી જગન્નાથ સોસાયટી, અલમેડા રોડ, ચંદનવાડી, થાણા-વેસ્ટ.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ આધોઈના સ્વ. ચુનીલાલ આસદીર ફરીયા (ઉં.વ. ૬૪) બુધવાર, તા. ૨૫-૧૨-૨૪ના મુંબઈમાં અવસાન પામેલ છે. સ્વ. રાણીબેન આસદીરના સુપુત્ર. ગુણવંતીના પતિ. સાગરના પિતા. અયાંશના દાદા. મયુરીના સસરા. સ્વ. રમીલા, નેમચંદ, કાનજીના ભાઈ. પિપરાળાના જેઠાલાલ નોંઘા નિસરના જમાઈ. પ્રાર્થના સભા શનિવાર, તા. ૨૮-૧૨-૨૪ સમય ૧૦.૩૦ થી ૧૨. સ્થળઃ કાંદિવલી વર્ધમાન સ્થાનક, એસ.વી. રોડ, કાંદિવલી-વેસ્ટ, ઠે. શિવમ હાઈટ, ૪૦૧, જવાહર નગર રોડ, નંબર ૮, ગોરેગામ -વેસ્ટ.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ઉંટડી હાલ જોગેશ્વરી નિવાસી કાંતાબેન મગનલાલ પટેલ (ઉં. વ. ૯૧) મંગળવાર તા. ૨૪-૧૨-૨૪ના દેવલોક પામ્યા છે. તે સ્વ. રતનબેન કલ્યાણજીના પુત્રી. તે સ્વ. મગનલાલના પત્ની. તે સ્વ. ચંપકભાઇ, પોપટભાઇ, સ્વ. લક્ષ્મીબેન, સ્વ. વજીબેન, દિવાળીબેનના બેન. તે સ્વ. હસમુખભાઇ, સ્વ. સુમનભાઇ, અશોકભાઇ, હેમંતભાઇ, સ્વ. જશુબેન, લક્ષ્મીબેન, સ્વ. સુશીલાબેનના માતા. તે લીલાબેન, રક્ષાબેન, હર્ષિલાબેન, સ્વ. ખંડુભાઇ, ભીખુભાઇના સાસુ. તેમનું બેસણું શનિવાર, તા. ૨૮-૧૨-૨૪ના રોજ બપોરે ૨થી ૫ અને પુષ્પપાણી શુક્રવાર તા. ૩-૧-૨૫ના બપોરે ૩થી ૫ કલાકે રાખેલ છે. ઠે. રૂમ નં-૯, જીના દેસાઇ ચાલ, શિવ ટેકરી, ફણસવાડી, જોગેશ્વરી (પૂર્વ), લૌકિક રિવાજ બંધ છે.

**દશા શ્રીમાળી વણિક**

મૂળ વતન ગોધરા હાલ મુંબઇ નિવાસી ગૌરવ દીપકભાઇ શાહ તા. ૨૫-૧૨-૨૪ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૧૨-૨૪ શનિવારના ૫થી ૭. ઠે. એન.એલ. હાઇસ્કૂલ, મલાડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૪. વિભૂતિ અને દીપકભાઇ શાંતિલાલ શાહ, રીનલ ગૌરવ શાહ, અહાન ગૌરવ શાહ.

**ખંભાતી વિશા લાડ વણિક**

શોભના ધોળકિયા (ઉં. વ. ૭૮) તે સ્વ. સતીષ પુરુષોતમદાસ ધોળકિયાના પત્ની. સ્વ. નવનીતલાલ ગુંદરીઆના પુત્રી. મિતેષ અને પીંકી રહમત ખાનની માતુશ્રી. ગીતા, નીતિન, નિકેશના ભાભી. તા.૨૬-૧૨-૨૪ને ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાનિમા વૈષ્ણવ વણિક**

દેવગઢ બારીયા નિવાસી હાલ દહીંસર અ. સૌ. રૂપલબેન (ઉં. વ. ૫૮) તે સંદીપભાઇના પત્ની. તે સ્વ. સુભદ્રાબેન નટવરલાલ બક્ષીના પુત્રવધૂ. સૂર્યાબેન રમેશભાઇ દેસાઇ (દાહોદ)ની પુત્રી. રુચિ રીજલકુમાર કડકિયાના માતુશ્રી. દીપીકા, રાકેશ, હિતેષના ભાભી. તે સોનલ, ચંદ્રેશાનાબહેન, તે ઇયાનના નાની.ગુરુવાર તા. ૨૬-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૮-૧૨-૨૪ના સાંજે ૪થી ૬. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી રાજગોર**

ગામ ગુદિયાલી (કચ્છ) સ્વ. પ્રવીણભાઇ (ઉં.વ.૫૯) તે તા. ૨૫-૧૨-૨૪ના ગામ ગુદિયાલી કચ્છ મધે રામશરણ પામેલ છે. તે સ્વ. મણિબાઇ મુરજી લક્ષ્મીદાસ વ્યાસના સુપુત્ર. સ્વ. હિરાબેન તથા જયાબેનના પતિ. વૈશાલી વિશાલકુમાર બોડા, રાજેશ તથા ચેતનના પિતા. પ્રેમજી, ધનજી, જેઠાલાલ, કિશોર, ગવરીશંકર, દેવકાબાઇ દામજી બોડા, સ્વ. પ્રેમિલાબેન કાંતિલાલ, ગં. સ્વ. રમિલાબેન કાંતિલાલ શિણાઇ, સ્વ. રતનબેન પ્રભુલાલ, નિર્મળાબેન ગોવિંદજીના ભાઇ. તે ગં. સ્વ. મીઠાબાઇ શંકરજી વેલજી મોતા (બાગ) તથા રમિલાબેન ભગવાનજી મોતા (મો. ખાખર)ના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૧૨-૨૪ શનિવારે ૩થી ૫. ઠે. શ્રી અચ્છલ ગચ્છ જૈન ઉપાશ્રય, ટાગોર નગર ગ્રુપ-૧, મ્યુનિશિપલ સ્કૂલની બાજુમાં, વિક્રોલી (ઇસ્ટ).

**કપોળ**

સાવરકુંડલા વાળા હાલ મુલુંડ સ્વ. ભાનુમતી તથા સ્વ. નટવરલાલ અમૃતલાલ કાનજી શેઠના પુત્ર પ્રકાશભાઇ (ઉં. વ. ૪૩) શ્રીજીચરણ પામ્યા છે. તે દીપાના પતિ. અને રૂપા નિલેશ પરબિયા, મીરા નૈનેશ મહેતા, સોનલ સંજય મોદી, વર્ષાબેનના ભાઇ. પરિયાવાળા સ્વ. નિર્મળાબેન ધીરુભાઇ દેસાઇના જમાઇ. મનીષા સ્નેહલ દેસાઇ, મિતલ મનીષ દેસાઇના બનેવી.મહુવાવાળા સ્વ. હરિલાલ, સ્વ. મથુરાદાસ ગીરધરલાલ વોરાના ભાણેજ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૯-૧૨-૨૪ રવિવારના ૪થી ૬. ઠે. લોહાણા મહાજન વાડી, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**હાલાઇ બ્રહ્મક્ષત્રિય**

લલિતભાઇ કકૈયા (ઉં. વ. ૭૫) તે ગુરુવાર તા. ૨૬-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે રતિલાલ રૂગનાથ કકૈયાના સુપુત્ર. તે અંજનાબેનના પતિ. અર્ચના, દર્શન અને નૈનેષના પિતાશ્રી. મિત્તલ, અમી, ઉર્વીના સસરા. તે જન્મેજય કલ્યાણજી શનિષ્વરાના જમાઇ. પ્રાર્થનાસભા રવિવાર, તા ૨૯-૧૨-૨૪ના શ્રી સ્વામીનારાયણ મંદિર, યોગી નગર, બોરીવલી (વેસ્ટ), સાંજે ૫થી ૭.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

ઉના નિવાસી હાલ પવઇ નિલમબેન રસિકલાલ ગાંધી (ઉં. વ. ૮૨) તો નિખિલ રસિકલાલ ગાંધી. અ. સૌ. રુપલ અમિતભાઇ જસાણી. તથા દીપા રસીકલાલ ગાંધીના માતુશ્રી. તે અ. સૌ. હિના નિખિલ ગાંધીનાં સાસુ. તે વત્સલ નિખિલ ગાંધીના દાદી. તે રુકમણીબેન નગીનદાસ જુઠાણીના દીકરી. હંસાબેન વિનોદચંદ્ર ભગત, સ્વ. ભરતભાઇ નગીનદાસ જુઠાણી તથા ધીમંતભાઇના બહેન.તા. ૨૭-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. ઠે. ૩૦૧, જેમ હાઉસ, લેક બુલેવાડ રોડ, હીરાનંદાની, પવઇ, મુંબઇ-૪૦૦૦૭૬. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કાનજી મોતીપચાણ પ્રીતીબેન જમનાદાસ ઠક્કર (પોપટ)ગામ કચ્છ લોડાઇ હાલ મુલુંડ સુપુત્ર બાદલ (ઉં.વ. ૫૧) તા. ૨૪-૧૨-૨૪ના મંગળવારે સ્વર્ગવાસ થયેલ છે. તે હીનાના પતિ. રાહીલ, હેલાના પિતાશ્રી. નીશાદના મોટાભાઇ. ભકતીના જેઠ. હીરના દાદુ. સ્વ. અનસુયા, નાનજી ખીમજી ઠક્કર (દનાણી) ગામ કચ્છ વરાડિયાના જમાઇ હાલ મુલુંડ, પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૮-૧૨-૨૪ના ૫થી ૭. ઠે. કાલીદાસ મેરેજ હોલ, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

માંગરોળ નિવાસી હાલ મુંબઇ (પારલા) ગં. સ્વ. શાંતાબેન (ઉં. વ. ૯૬) તે સ્વ. વિષ્ણુ પ્રસાદ વલ્લભદાસ વોરાના ધર્મપત્ની તા. ૨૫-૧૨-૨૪ના બુધવારના કૈલાસવાસી થયેલ છે. ગં. સ્વ. રંજનબેન વિરેન્દ્રભાઇ ત્રિવેદી. ગં. સ્વ. ચંદ્રીકાબેન જનકરાય ઓઝા, યજ્ઞેશભાઇ, ગિરીશભાઇ, વિજયભાઇના માતુશ્રી. તથા પૂર્ણીમાબેન, સ્વ. ઉષાબેન, આશાબેનનાં સાસુ. અંજુ, ગૌરવ, રૂચી, રાજના દાદી. મનીષા, મેહુલ, જીજ્ઞા, નેહલ અને જયનાં નાની. પ્રાર્થનાસભા તા. ૩૧-૧૨-૨૪ના મંગળવાર ૫થી ૭. ઠે. ૧લે માળે, બ્રહ્મમહેશ્વર ભવન, સન્યાસ આશ્રમ, સન્યાસ આશ્રમ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**કપોળ**

ચિત્તલવાળા હાલ બોરીવલી સ્વ. કંચનબેન ભગવાનદાસ માણેકચંદ પારેખના પુત્ર ચંદ્રકાન્ત (ઉં.વ.૭૩) ૨૬/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. મીનલ, હેતલ, ભાવિકના પિતા. તન્વી, કલ્પેશ, અતુલના સસરા. સાસરાપક્ષે ડુંગરવાળા સ્વ. મંજુલાબેન પ્રાણજીવનદાસ મહેતાના જમાઈ. ધૈર્ય, શોર્ય, હિમાંત પિન્કેશના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

જામ ખંભાળિયા નિવાસી હાલ મુંબઈ (લાલબાગ) ગં.સ્વ. હંસાબેન પોપટ (ઉં.વ. ૮૭) તે સ્વ. મોંઘીબેન હરિદાસભાઈ ગોકાણી દ્વારકાવાળાના પુત્રી. સ્વ. વસંતરાય પોપટના ધર્મપત્ની. સ્વ. લક્ષ્મીદાસભાઈ પુરુષોત્તમદાસ પોપટ અને સ્વ. કસ્તુરબેનના પુત્રવધૂ. મનોજ, પ્રજ્ઞા, મંદાના માતુશ્રી. મીતા, મિતેશ ચંદારાણા તથા રસેશ ઠક્કરના સાસુ. ૨૬-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

નાના માચીયાળા નિવાસી હાલ વિલેપારલે ગં.સ્વ. શાંતાબેન અમૃતલાલ ભટ્ટ (ઉં.વ. ૯૪) ૨૫-૧૨-૨૪ના કૈલાસવાસી થયેલ છે. ગીતાબેન -ઉમાબેન- યોગેશ - ભાવેશના માતુશ્રી. અરવિંદભાઈ - શરદભાઈ - મનિષાબેન - હેમાબેનના સાસુમા. સિદ્ધાંત -નિધિ -પરીતા - ઋષિતના દાદીમા. હિરેન -આશિષ -અંકિત -પાયલના નાનીમા. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદીચ્ય સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ**

ટીંટોઈ નિવાસી હાલ મીરા રોડ સ્વ. રસિકલાલ મગનલાલ ઠાકરનાં પત્ની ગં.સ્વ. ઇન્દિરાબેન (ઉં.વ. ૮૩) તા. ૨૬-૧૨-૨૪ના દેવલોક પામ્યાં છે. તે ધિરેન, ધવલનાં માતા. નિશા, ફાલ્ગુનીનાં સાસુ. નિધિ દર્શન વ્યાસ, સિદ્ધિ, નીલ, વેદાંત, ભવ્યનાં દાદી. ચોઈલા નિવાસી સ્વ.કેદરલાલ અંબાલાલ ગોરનાં દીકરી. સ્વ. નટવરલાલ, જયંતીલાલનાં બહેન. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૮-૧૨-૨૪ના ૪:૦૦ થી ૬:૦૦. સ્વામિનારાયણ મંદિર, સેક્ટર -૧૦, શાંતિનગર, મીરા રોડ પૂ.

**દશા સોરઠિયા વણિક**

કાલાવડ નિવાસી હાલ બોરીવલી ભરત શેઠ (ઉં.વ. ૬૬) તે સ્વ. ચંદુલાલ હીરાચંદ શેઠ અને સ્વ. જશવંતીબેનના પુત્ર. રેખાબેનના પતિ. ચિંતન અને જીનલના પિતા. માનસી અને મિતેષ સંપટના સસરા. ગં. સ્વ. કાશ્મીરા રાજેન્દ્ર દોશી અને પારુલ (શીલા) ભરત સાંગાણી અને જયેશ અને બંકિમના ભાઈ. સ્વ. સુશીલાબેન નગીનદાસ ધોળકીયાના જમાઈ, તા. ૨૫-૧૨-૨૪ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

અસ્પી દીનશા રૂસ્તમ તે કેટાયુન એ. રૂસ્તમના ખાવીંદ. તે મરહુમો દીનશા તથા પીરોજા રૂસ્તમના દીકરા. તે રોમીનના બાવાજી. તે તીનાઝના સસરા. તે સોલી, ડીનાઝ તથા મરહુમો નોશીર ને ઝોમીના ભાઇ. તે સીમોનના બપાવાજી. તે ડોલી તથા મરહુમ મીનુ હોરમઝદીના જમાઇ. (ઉં. વ. ૭૬) રે. ઠે. દીનશા બાગ, ઓપો. રેલવે, બી-કેબીન, પટેલ પાડા, દહાણુ રોડ, (ઇસ્ટ), થાણે-૪૦૧૬૦૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૮-૧૨-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે હોડીવાલા બંગલી ડુંગરવાડીમાં.

રોશન દારબ ચોકસી તે મરહુમ દારબના વિધવા. તે મરહુમો ધનમાય તથા બમનશા ટર્નરના દીકરી. તે ફરોખ ને મેહેર ટાટાના માતાજી. તે શીરાઝ ને હોરમઝના સાસુ. તે રેહાન ને રયાનના મમયજી. તે મરહુમો સુનામાય ને ડોસાભોય ચોકસીના વવ. (ઉં. વ. ૮૭) રે. ઠે. એ-૧૭, યુનાઇટેડ ચેમ્બરસ, ત્રીજો માળ, ૩૪૬-એ. ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૮-૧૨-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે વાડીયા બંગલી, ડુંગરવાડી, મુંબઇ.

ગુલ દિનશા પટેલ તે મરહુમ દિનશા શાપુરજી પટેલના વિધવા. તે જહાંગીરજી તથા મરહુમ ડોસીબાય પટેલના દીકરી. તે મેહેર, વીસ્પી ને પોરસના માતાજી. તે અજીત ને કનીજેના સાસુ. તે ફરોખ તથા મરહુમો રોડા ને દારાના બહેન. તે પેશવાન ને રોકશેનના બપયજી. તે અમરીતા ને મલાઇકાના મમયજી. (ઉં.વ. ૮૭) રે. ઠે. ૨૩, નાના બિલ્ડિંગ, ત્રીજો માળે, ગીલ્ડર લેન, મુંબઇ સેન્ટ્રલ, મુંબઇ-૪૦૦૦૮૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૮-૧૨-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે, મેહેલા પટેલ અગિયારી ગ્રાન્ટરોડ.

રોશન દારા પટેલ તે દારા બમન પટેલનાં ધનિયાની. તે મરહુમો પીરોજા ને મરહુમ કાવસ મિસ્ત્રીના દીકરી. તે સરોશ ને ખુશનુમા દુબાશના માતાજી. તે નંદીની પટેલ ને ફરોખ દુબાશના સાસુ. તે સુન્નુ પટેલ ને મરહુમ અસ્પી ને શાવક મિસ્ત્રીના બેન. તે અર્તશ ને બારઝીનના બપયજી. (ઉં. વ. ૮૦) રે. ઠે. ફલેટ નં.૧૨`એ, પ્લોટ નં. ૬૩૦, બી વિંગ, જેફરીના સી. એચ. એલ. પારસી કોલોની, ખારેઘાટ રોડ, દાદર-મુંબઇ-૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૯-૧૨-૨૪ના રોજે બપોરે ૩.૪૫ કલાકે રૂસ્તમ ફરામના અગિયારી દાદર.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



**દૂષણ પ્રદૂષણનું:** મુંબઈમાં પ્રદૂષણના ધુમ્મસની ચાદર પથરાયેલી છે છતાંય મુંબઈગરાનો જુસ્સો ઓછો નથી થયો. પછી ભલેને એ ક્રિકેટની રમત હોય. આવા વાતવરણમાં પણ સીએમએમટી પાસે આઝાદ મેદાનમાં મેચ રમવામાં ગળાડૂબ ક્રિકેટરો જોઈ શકાય છે તસવીરમાં. (પીટીઆઈ)

# ધૂળ છે મુંબઈના ઝેરી પ્રદૂષણનો વિલન નં. વન

## સુધરાઈની પ્રદૂષણ સામે જંગ: રસ્તાઓ પર બબ્બે શિફ્ટમાં પાણીમારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરા છેલ્લા થોડા દિવસથી પોતાના શ્વાસમાં ઝેર લઈ રહ્યા છે. પાટનગર દિલ્હીની માફક જ હવે દેશની આર્થિક રાજધાની મુંબઈમાં પણ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. વાયુ પ્રદૂષણને કારણે હવાની ગુણવત્તા સતત કથળી રહી છે ત્યારે મુંબઈ મહાનગરપાલિકાએ ફરી એક વખત શહેરના નાના અને મોટા તમામ રસ્તાઓને ધોવાનું ચાલુ કરી દીધું છે, જેમાં અત્યંત વ્યસ્ત રસ્તાઓ પર નિયમિત રીતે પાણીનો છંટકાવ કરવા માટે ટ્રક-માઉન્ટ ફૉગ મિસ્ટ કૅનન મશીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રસ્તા પરની ધૂળને દૂર કરવા માટે રસ્તા ધોવા માટે ૧૦૦ ટેન્કરોને તહેનાત કરવામાં આવ્યા છે, વધુમાં ઈ-સ્વીપર મશીનનો ઉપયોગ કરીને ધૂળને ફેલાતી રોકવા માટે શેરીઓ તથા ફૂટપાથને સાફ કરવામાં આવી રહી છે.

મુંબઈમાં છેલ્લા એક અઠવાડિયાથી હવાની ગુણવત્તા કથળી ગઈ છે, જેના કારણે નાગરિકોના આરોગ્યના અસર થઈ રહી છે. હવાની ગુણવત્તા એટલે કે ઍર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) બગડવામાં ધૂળનો નોંધપાત્ર ફાળો છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે હવાની ગુણવત્તા સુધારવા માટે પાલિકાએ તેનો ડસ્ટ મિટિગેશન પ્લાન લાગુ કરી રહી છે.

શુક્રવારે મુંબઈમાં અનેક વિસ્તારોમાં એક્યુઆઈ અત્યંત નબળી શ્રેણીમાં નોંધાયો હતો. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જણાવ્યા મુજબ સૌથી નબળો એક્યુઆઈ બોરીવલી (પૂર્વ)માં ૨૦૬, નેવી નગર-કોલાબામાં ૨૬૩, મઝગાવમાં ૨૦૭ અને મલાડ પશ્ચિમમાં ૨૬૪ એક્યુઆઈ નોંધાયો હતો.

પાલિકાએ પર્યાવરણ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, બિલ્ડિંગ પ્રપોઝલ, રોડ અને ટ્રાફિક ડિપાર્ટમેન્ટ અને સ્થાનિક વોર્ડ ઓફિસ દ્વારા શહેરમાં વાયુ પ્રદૂષણ રોકવા માટે અનેક પગલાં હાથ ધર્યા છે. પાલિકાના તમામ ૨૪ પ્રશાસકીય વોર્ડમાં બે શિફ્ટમાં ટ્રક-માઉન્ટેડ ફોગ મિસ્ટ કેનન મશીન દ્વારા પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે, જ્યાં બાંધકામ, ડિમોલિશન અને ખોદકામનું કામ ચાલી રહ્યું છે તેવા સ્થળોએ પાણીનો છંટકાવ સતત કરવામાં આવી રહ્યો છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પર્યાવરણ વિભાગના સબ-એન્જિનિયર દરેક વોર્ડના વિવિધ વિભાગો સાથે સંકલન કરી રહ્યા છે. દૈનિક રીતે સાઈટનું ઈન્સ્પેકશન કરી રહ્યા છે. રસ્તાનું બ્રશિંગ કરીને રસ્તા ધોવા માટે ૧૦૦ ટેન્કરો તહેનાત કરવામાં આવ્યા છે, તેમાં ૫,૦૦૦ લિટરની ક્ષમતાના ૬૭ ટેન્કર અને ૯૦૦૦ લિટરની ક્ષમતાના ૩૯ ટેન્કરનો સમાવેશ થાય છે. ખુલ્લી જગ્યામાં રહેલા કન્સ્ટ્રકશન મટિરિયલ પર દૈનિક રીતે પાણીનો છંટકાવ કરવા પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તેમ જ કાટમાળ અને બાંધકામ રો-મટિરિયલને ટ્રકમાં ઉપરથી ઢાંક્યા વગર ખુલ્લી રીતે લઈ જવામાં આવે છે તો તેની સામે કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે.■

### ૨૮૮ કિલોમીટર રસ્તા સાફ

સુધરાઈએ શુક્રવારે સાંજે છ વાગ્યા સુધીમાં ૨૪૮ કિલોમીટરના રસ્તાઓને સાફ કરીને ધોયા હતા. સફાઈ કામગીરીમાં પાણીના ટેન્કર, ફાયરેક્સ મશીનનો અને મિસ્ટિંગ મશીન સહિત ૯૫ મશીનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૯૮ વાહનો જેમાં જેસીબી ટેન્કર, ડમ્પર, મેકેનિકલ સ્વીપર, ઈ-સ્વીપર, કચરો ઉપાડનારા, તેમ જ ધૂળ અને કાટમાળને ભેગો કરીને તેનું પરિવહન કરનારાં વાહનોનો સમાવેશ થાય છે. દિવસ દરમ્યાન કુલ ૧૫૯ ટન કાટમાળ જમા કરવામાં આવ્યો હતો અને તેને પ્રોસેસિંગ સેન્ટરમાં લઈ જવામાં આવ્યો હતો. વધુમાં ૩૫૨ ક્લીનઅપ માર્શલોએ સાર્વજનિક સ્થળ પરથી ૫૨,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલ કર્યો હતો.

### મલાડમાં સૌથી વધુ પ્રદૂષણ

બીકેસી, ૧૫૩, બોરીવલી(પૂર્વ) ૨૦૬, ભાયખલા ૧૩૫, ચેમ્બુર ૧૨૨, છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ ૧૫૦, કોલાબા ૧૧૬, દેવનાર ૧૯૫, ઘાટકોપર ૧૨૬, કાંદિવલી (પૂર્વ) ૧૧૭, કાંદિવલી (પશ્ચિમ) ૧૪૬, ખેરવાડી-બાન્દ્રા ૧૩૨, ભાંડુપ, ૧૦૩, કુર્લા ૧૨૨, મલાડ (પશ્ચિમ) ૨૬૪, મઝગાંવ ૨૦૭, માઈન્ડસ્પેસ-મલાડ ૧૩૪, મુલુંડ (પશ્ચિમ) ૧૧૪, નેવી નગર-કોલાબા ૨૬૩ એક્યુઆઈ નોંધાયો હતો. ■

## ૫૦૦ કરોડ રૂપિયા પાણીમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પ્રદૂષણનું સ્તર ઘટાડવા માટે છેલ્લા એક વર્ષથી સ્વચ્છ મુંબઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, જેમાં પાણીનાં ટેન્કર ભાડામાં પર લેવા, ધૂળનું પ્રમાણ ઘટાડવા મિસ્ટિંગ મશીનની ખરીદી સહિત અન્ય ઉપાયયોજના માટે લગભગ ૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. તેમાંથી ફક્ત પાણીના ટેન્કરના કૉન્ટ્રેક્ટ માટે જ અત્યાર સુધી ચાર કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. અત્યાર સુધી ૨૨,૨૭૭ કિલોમીટર કરતા વધુ લંબાઈના રસ્તા ધોવામાં આવ્યા છે, છતાં ધૂળના પ્રમાણમાં કોઈ ઘટાડો જણાતો નથી. એકનાથ શિંદેના સમયમાં ૨૧ નવેમ્બર, ૨૦૨૩થી સ્વચ્છતા ઝુંબેશ ચાલુ કરવામાં આવી હતી, જે અંતર્ગત રસ્તા, ધૂળ, ડિવાઈડર, સાર્વજનિક શૌચાલયોની સફાઈ તથા કાટમાળ ઉપાડવાનું કામ કરવામાં આવતું હતું. પ્રદૂષણનું સ્તર ઘટાડવા માટે પાલિકાએ લગભગ ૫૦૦ કરોડ રૂપિયાના મશીન સહિતના સાધનો ખરીદ્યા છે. સ્વચ્છતા માટે ૨૫ સ્વીપર મશીન છે, તેમ જ વધુ ઈલેક્ટ્રિક સ્વીપર મશીન પણ ખરીદવામાં આવ્યા છે, છતાં કોઈ ફાયદો થયો નથી. ■

# બીડ બન્યું બિહાર

# મહારાષ્ટ્રના આ જિલ્લામાં ચાલી રહ્યું છે ગન કલ્ચર: એક હજારથી વધુ લોકો રાખે છે ઘોડો

મુંબઈ: બીડ જિલ્લામાં મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની નિર્ઘૃણ હત્યા બાદ બીડ જિલ્લો સતત ચર્ચામાં રહ્યો છે. મહારાષ્ટ્રનો આ જિલ્લો ધીરે ધીરે બિહાર બની ગયો છે. અહીં ગન કલ્ચરનું પ્રમાણ વધ્યું છે અને એવું કહેવાય છે કે એક હજારથી વધુ લોકો પાસે અહીં ગન છે. સામાજિક કાર્યકર્તા અંજલિ દમણિયા છેલ્લા કેટલાક દિવસથી બીડમાં ચાલી રહેલા ગન કલ્ચરને સામે લાવ્યાં છે. લાઈસન્સ ન હોવા છતાં બિન્ધાસ્ત બંદૂકોનું અહીં કેટલું સામ્રાજ્ય છે તેને સોશિયલ મીડિયા પર ઉજાગર કર્યું છે.

અહીંના રહેવાસીઓમાં કઇ પદ્ધતિથી આતંકનો હાઉ ઊભો કરવામાં આવે છે તેનો પુરાવો આપવાનો પ્રયત્ન દમણિયાએ કર્યો છે. બીડમાં ગન કલ્ચરનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે ત્યારે અહીં ખરેખર કેટલા લોકો પાસે ગન રાખવાનું લાઈસન્સ છે એવો પ્રશ્ન પણ તેમણે અહીં રજૂ કર્યો છે. બીજી બાજુ બીડમાં મોટા ભાગનાં શસ્ત્રો લાઈસન્સવાળાં હોવાનો દાવો પણ દમણિયાએ કર્યો છે.

દમણિયાએ કરેલા દાવા અનુસાર પરભણી અને અમરાવતીમાં સૌથી વધુ લાઈસન્સ આપવામાં આવ્યાં હોવાનું કહેવાય છે. દરમિયાન બીડમાં ૧૨૮૧ જણ પાસે શસ્ત્રનાં લાઈસન્સ છે. જોકે લાઈસન્સ આપતાં સમયે તેની ખાતરી કર્યા પછી જ આપવામાં આવે છે. એ સમયે ગુનાહિત પાર્શ્વભૂમિને પણ તપાસવામાં આવતી હોય છે. જોકે નાનકડી ટપરી પર પણ જે પદ્ધતિથી બંદૂક કમરમાં લટકાવીને લોકો ફરતા જોવા મળી રહ્યા છે ત્યારે પોલીસે તેઓને રમવા માટે બંદૂક આપી હોય એવું જણાઇ રહ્યું છે. બે દિવસ પહેલાં એક જણની ધરપકડ કરવામાં આવી ત્યારે તેણે હવામાં ગોળીબાર કર્યો હોવાનો વીડિયો વાયરલ થયો હતો. જોકે આવા લાઈસન્સ વિનાના લોકો કેટલા ફરી રહ્યા છે, એવો સવાલ પણ દમણિયાએ કર્યો હતો. જે જિલ્લાને પછાત માનવામાં આવી રહ્યો છે એ જિલ્લામાં પેટ ભરવા માટે રાજ્ય આખામાં ફરવું પડતું હોય છે એ જિલ્લામાં ગન કલ્ચર જોઇને અનેક લોકોનાં ભવાં ઊંચાં થઇ ગયાં છે.

### ખેતરમાં સ્વરક્ષણ માટે બંદૂક રાખવી પડે છે

બીડ જિલ્લામાં મોટા પ્રમાણમાં પિસ્તોલનું પ્રદર્શન કરવામાં આવે છે. આને કારણે સમાજમાં તેનો આતંક ફેલાય છે, એવો આરોપ દમણિયાએ કર્યો હતો. બીજી બાજુ મનસેના પ્રવક્તા પ્રકાશ મહાજને બંદૂક રાખવાનું કારણ આપતાં જણાવ્યું હતું કે ખરેખર તો ખેતરમાં રહેતા હોવાને કારણે સ્વરક્ષણ માટે બંદૂક રાખવામાં આવતી હોય છે. મેં પણ લાઈસન્સધારી બંદૂક રાખી હતી. પણ હવે ૭૨ વર્ષની ઉંમરે મારે તેની કોઇ જરૂર ન હોવાથી મેં સરકારને એ પરત કરી દીધી છે. ■

## બીડમાં કાયદો અને વ્યવસ્થા સંતોષકારક નથી

### જિલ્લા નેતૃત્વ જવાબદાર, અજીત પવારના વિધાનસભ્ય ધનંજય મુંડે પર લગાવ્યો આરોપ, અજિત પવાર અથવા દેવેન્દ્ર ફડણવીસ બીડના પાલક પ્રધાન બને એવી માગણી કરી

બીડ: બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યાને મામલે રાજકીય વર્તુળોમાં આરોપ-પ્રત્યારોપ ચાલી રહ્યા છે. પોલીસે હજુ સુધી કેટલાક આરોપીઓની ધરપકડ કરી નથી. આરોપીઓને પકડવાની માગણી ઉઠી છે. આ દરમિયાન નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના વિધાનસભ્ય પ્રકાશ સોલંકેએ રાજ્યના પ્રધાન ધનંજય મુંડે પર આરોપ લગાવ્યો છે. વિધાનસભ્ય પ્રકાશ સોલંકેએ કહ્યું હતું કે, બીડ જિલ્લામાં ગુનાખોરી માટે જિલ્લાની નેતાગીરી જવાબદાર છે અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંતોષકારક નથી. જેના કારણે હવે એનસીપીમાં જ પ્રધાન ધનંજય મુંડેનો વિરોધ જોવા મળી રહ્યો છે.

'બીડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંતોષકારક નથી. રેતી ચોરી, દારૂના વેચાણના ધંધાથી કેટલાક લોકોના હાથમાં મોટી રકમ આવે છે. આ જ કારણ છે ખંડણીની માંગણી, છેડતી અને હત્યાઓ માટે. સત્તાવાળાઓ લોકો અને પોલીસ પ્રશાસન પર દબાણ લાવે છે, એવો ગંભીર આરોપ સોલંકેએ કર્યો હતો.

સરકારે એસઆઈટીનું ગઠન કર્યું, પોલીસ સુપરિન્ટેડન્ટની બદલી કરીને યુવાન જાબાંઝ આઈપીએસ અધિકારીને બીડમાં નિયુક્ત કરવામાં આવ્યા છતાં ૧૮ દિવસ પછી પણ હત્યા અને ખંડણીના આરોપીઓને પકડી ન શકાય એવું કેવી રીતે થઈ શકે. આરોપીને રાજ્યાશ્રય ન હોય અથવા કોઈનું દબાણ ન હોય તો આવું થવું શક્ય નથી, એવી શંકા તેમણે વ્યક્ત કરી હતી.

'જિલ્લા નેતૃત્વ જવાબદાર'

પ્રકાશ સોલંકેએ જણાવ્યું હતું કે, છેલ્લા અઢી વર્ષથી આ જિલ્લાનું નેતૃત્વ કોણ કરી રહ્યું છે તેનું નામ લેવાની જરૂર નથી. હવે આ છેડતીના ગુનાના આરોપી એવા વાલ્મીક કરાડ મારફતે ખંડણીનું રેકેટ ચાલી રહ્યું છે. આ તમામ મામલામાં અમારા જિલ્લાની નેતાગીરી જવાબદાર છે એમ કહેવું ખોટું નહીં હોય. તેમણે એમ પણ કહ્યું હતું કે, 'જો અજીતદાદા અથવા દેવેન્દ્ર ફડણવીસ બીડ જિલ્લાના પાલક પ્રધાનનું પદ સ્વીકારે તો મને લાગે છે કે જિલ્લાની સ્થિતિ બદલાઈ જશે.' ■



## પરલીમાં કોના બેંક ખાતામાં ૯૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર થયા?

### ધનંજય મુંડેને ટાર્ગેટ કરીને ભાજપના જ સુરેશ ધસનો આક્ષેપ: મહાદેવ બેટિંગ એપ પસંદગીના તપાસ અધિકારી નિમાયા ન હોત તો મલયેશિયા સુધી રેલો પહોંચત એવોય આક્ષેપ

મુંબઈ: બીડમાં સરપંચ સંતોષ દેશમુખની હત્યા બાદ વિપક્ષો દ્વારા ધનંજય મુંડેની હકાલપટ્ટી કરવામાં આવે એવી માગ કરવામાં આવી હતી એ તો સમજ્યા, પણ હવે ભાજપના જ વિધાનસભ્યએ ધનંજય મુંડે પર પોતાના અધિકારીઓને લાવીને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો આરોપ મૂક્યો છે. પોતાની મરજી પ્રમાણેનો કારભાર ચલાવવા માટે બીડમાંથી બાહોશ અને ઈમાનદાર અધિકારીઓની હકાલપટ્ટી કરીને પોતાના અધિકારીઓને લાવીને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. પરલીમાં એક વ્યક્તિના નામ પર બેંકમાં ૯૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર થયા હોવાનું જણાયું છે અને તેની પાછળ 'આકા' છે, એવો આરોપ ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસે ધનંજય મુંડેનું નામ લીધા વિના કર્યો હતો. મહાદેવ બેટિંગ એપ ભ્રષ્ટાચારની તપાસ કરવામાં આવી હોત તો એ મલેશિયા સુધી પહોંચ્યો હોત, એવો આરોપ પણ તેમણે કર્યો હતો. આ અંગેના તમામ દસ્તાવેજો બીડના નવનિયુક્ત એસપી નવનીત કોવતને આપવામાં આવ્યા હોવાનું ધસેએ જણાવ્યું હતું. બે દિવસ પહેલાં ધસે એસપી કોવતને મળ્યા હતા અને કાયદો અને વ્યવસ્થા અંગે ચર્ચા કરી હતી. ત્યાર બાદ ધસેએ પત્રકારો સાથે વાતચીત કરી હતી. તેમણે કહ્યું હતું કે પરલીમાં એક જ વ્યક્તિના નામ પર ૯ અબજ રૂપિયાનો બેંક વ્યવહાર થયો છે. બીજી એક વ્યક્તિના નામ પર પણ એવો જ વ્યવહાર થયો છે. આ માટે કઇ એજન્સીએ તપાસ હાથ ધરવી જોઇએ.

મહાદેવ એપના માધ્યમથી પરલીમાં લોકોએ અબજો રૂપિયા ગુમાવ્યા તેની પાછળ આકાનો હાથ છે. મહાદેવ એપની તપાસ કરવામાં આવી હોત તો તેની લિંક પરલીથી મલેશિયા સુધી પહોંચી હોત, એવું ધસેએ પત્રકારોને જણાવ્યું હતું. આની પાછળ પણ આકાનો જ હાથ છે. બીડમાં કોઇ પણ પ્રકરણ લો તેની પાછળ આકાનો જ હાથ છે. એક ઠેકાણે ૫૦ એકર જમીન ખરીદી. ગરીબોની જમીનો હડપી. કોના નામ પર કેટલી જમીન છે એ જુઓ. બીડમાં ગેંગ્સ ઓફ વાસેપુર જેવી સ્થિતિ સર્જાઇ છે, એવું ધસેએ જણાવ્યું હતું. બીડમાં તમામ પ્રકરણની પોતાના પાસે દસ્તાવેજો છે અને પોલીસે તેની તપાસ કરવી જોઇએ, એવું ધસેએ જણાવ્યું હતું.■

## છગન ભુજબળ તેમની સાથે થયેલા વર્તનથી નારાજ છે: નરહરી ઝિરવાળ

મુંબઈ: અજિત પવારની એનસીપીના નેતા છગન ભુજબળ કેબિનેટમાં સ્થાન ન મળવાથી નારાજ છે, તેઓ ઓબીસી સમુદાયના સંગઠનો, મોરચા અને સંસ્થાઓની બેઠકો કરી રહ્યા છે. એક તરફ છગન ભુજબળ સતત અજિત પવારની ટીકા કરી રહ્યા છે અને પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યા છે તો બીજી તરફ છગન ભુજબળ નવો મોરચો બાંધતા જોવા મળી રહ્યા છે. આ બધાની વચ્ચે એનસીપીના એક સિનિયર નેતાએ સમગ્ર પરિસ્થિતિ પર પોતાનો પક્ષ માંડ્યો હતો અને કહ્યું હતું કે તેઓ તેમની સાથે કરાયેલા વર્તનથી નારાજ છે, પરંતુ તેઓ અજિત પવારની સાથે જ રહેશે.

કેબિનેટમાં ભાજપના હિસ્સામાંથી એક પ્રધાન પદ ખાલી છે. નારાજ છગન ભુજબળ પ્રધાનપદ મેળવવા માટે ભાજપમાં જોડાઈ શકે છે તેવી ચર્ચા ચાલી રહી છે અને આ માટે છગન ભુજબળ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા એવા અહેવાલો રાજકીય વર્તુળોમાં ફરી રહ્યા છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઉકેલ શોધવા માટે આઠથી દસ દિવસમાં ફરી મળવાનું વચન આપ્યું છે. આ અંગેની માહિતી ખુદ છગન ભુજબળે આપી હતી. અજિત પવારના એનસીપીના સિનિયર નેતા અને ભુજબળનું જ ખાતું મેળવનારા નરહરિ ઝિરવાળે છગન ભુજબળની નારાજગીના પ્રકરણને લઈને મહત્વની વાત કરી હતી.

હું છગન ભુજબળને મળ્યો હતો, ત્યારે તેમણે સ્પષ્ટ કર્યું હતું કે પ્રધાનપદું ન આપવામાં આવ્યું તેનાથી નહીં, પરંતુ તેમની સાથે જે રીતનું વર્તન કરવામાં આવ્યું તેનાથી તેઓ નારાજ હતા. તેમણે કહ્યું હતું કે વર્તણુંક સારી રીતે કરવામાં આવી નથી. તેના પર મેં તેમને કહ્યું કે તમે મોટા છો, અમારા માટે અલગ નિર્ણય ન લો. મેં કહ્યું કે રાજ્યસભા આપવા માટે ચર્ચા છે તો તેમણે નારાજી વ્યક્ત કરતાં કહ્યું હતું કે હવે જનતાએ મારા પર વિશ્વાસ દેખાડીને વિધાનસભામાં મોકલ્યો ત્યારે હવે તેઓ મને રાજ્યસભામાં મોકલી રહ્યા છે, એમ નરહરી ઝિરવાળે કહ્યું હતું.

છગન ભુજબળે 'જહાં નહીં ચૈના, વહાં નહીં રહેના' એવું સૂચક નિવેદન કર્યા બાદ રાજ્યમાં તેમની નારાજગી ચર્ચાનો વિષય છે. છગન ભુજબળ કોઈ અલગ જવાનો વિષય છે ત્યારે નરહરી ઝિરવાળે કહ્યું હતું કે ભુજબળ ભાજપમાં જોડાય એવી કોઈ શક્યતા નથી, તેઓ અજિત પવારની સાથે જ રહેશે. ■

## હૉર્ન વગાડયું એમાં યુવકે એસયુવીમાંના તબીબને માર્યો

મુંબઈ: મહારાષ્ટ્રના નાંદેડથી શુક્રવારે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. આઈટીઆઈ ચોક વિસ્તારમાં એક યુવકે ચાલતી એસયુવીની છત પર ચડીને વાહન ચલાવતા ડોક્ટર પર હુમલો કર્યો હતો. આ ઘટનાનું કારણ માત્ર હોર્ન વગાડવાનું કહેવાય છે. આ ઘટના સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. ડૉ. પ્રકાશ નાગરગોજે લોહા તહસીલના માલકોલીમાં એક હોસ્પિટલ ચલાવે છે. દરરોજની જેમ તે પોતાની ફોર્ચ્યુનરમાં નાંદેડથી હોસ્પિટલ જઈ રહ્યા હતા. ત્યારે આઈટીઆઈ ચોક પર અચાનક એક યુવક તેની કારની ઉપર ચઢી ગયો અને હોર્ન વગાડવાના કારણે ગુસ્સામાં ડોક્ટરને મારવાનું શરૂ કર્યું.

સમજદારી દાખવી ડો. નાગરગોજેએ વાહનને પોલીસ સ્ટેશન તરફ લઈ જવાનું નક્કી કર્યું. આ દરમિયાન યુવક કારની છત પર બેઠો રહ્યો અને તેમને સતત મારતો રહ્યો. આ દરમિયાન રસ્તા પર હાજર અન્ય વાહનચાલકોએ આનો વીડિયો બનાવ્યો જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જો કે રસ્તા પર હાજર લોકોના ટોળાએ તબીબને બચાવવાનો પ્રયાસ કર્યો નહોતો.

ડો.નાગરગોજે પોલીસ સ્ટેશને પહોંચતા જ પોલીસે તાત્કાલિક સ્થિતિ પર કાબૂ મેળવી યુવકને કસ્ટડીમાં લીધો હતો. સ્થાનિક પોલીસે ઘટનાની પુષ્ટિ કરી છે અને આરોપી યુવક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ઘટના અંગે ડો.નાગરગોજેએ જણાવ્યું કે તેઓ દરરોજ હોસ્પિટલ જવા માટે આ માર્ગનો ઉપયોગ કરે છે, પરંતુ તેમની સાથે આવો બનાવ પહેલીવાર બન્યો છે. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે અને ડોક્ટરને આશ્વાસન આપ્યું છે કે યુવકને આ માટે કડક સજા કરવામાં આવશે. ■

## વારસદારનું નકલી સર્ટિફિકેટ આપનાર ક્લર્કની પનવેલમાં ધરપકડ

મુંબઈ: પનવેલ સિટી પોલીસે મેજિસ્ટ્રેટની સહી અને કોર્ટ સ્ટેમ્પનો ઉપયોગ કરીને વારસદારના પ્રમાણપત્ર જારી કરવાના આપેલા નકલી આદેશના આરોપસર પનવેલ જિલ્લા અદાલતના એક ક્લર્કની ધરપકડ કરી છે. ૩૨ વર્ષનો ક્લર્ક દીપક મોહન ફડ પર બનાવટી કોર્ટ ફી રસીદો આપવાનો આરોપ પણ છે. તપાસમાં પોલીસને એવું પણ જાણવા મળ્યું હતું કે કોર્ટમાં દાખલ કરાયેલા વારસદારોના સર્ટિફિકેટ માટે બનાવટી ચલણો બનાવીને લાખો રૂપિયાની ઉચાપત કરવામાં દિપક ફડ કથિત રીતે સંડોવાયેલો છે. ગયા મહિને એક એડવોકેટે સિવિલ તપાસ કેસ નં.૧૧૩/૨૦૨૨માં હુકમની પ્રમાણિત નકલ મેળવવા કોર્ટમાં અરજી કરી હતી.

સિવિલ કોર્ટના આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટ પ્રવિણ બાંદીવડેકરે કરેલી ચકાસણી દરમિયાન જાણવા મળ્યું હતું કે, પ્રમાણિત નકલો માટેના રજિસ્ટરમાં અરજીની નોંધ કરવામાં આવી નથી. સ્વ.નારાયણદાસ છોટેલાલ ગુપ્તાની મિલકત માટે વારસદારનું પ્રમાણપત્ર મેળવવા સંબંધિત અરજીમાં એવું જાણવા મળ્યું હતું કે, આ કેસ સિવિલ જજ જુનિયર ડિવિઝન, પનવેલની કોર્ટમાં પેન્ડિંગ છે. વધુ ચકાસણીમાં જાણવા મળ્યું છે કે પ્રમાણિત નકલની અરજી પરના આદેશમાં સિવિલ જજ જુનિયર ડિવિઝન, પનવેલ અને પ્રવિણ બાંદીવડેકરની બનાવટી સહીઓ તેમજ બનાવટી કોર્ટ સીલનો સમાવેશ થાય છે. કોર્ટની કોમ્પ્યુટરાઇઝ્ડ સિસ્ટમ સામે આ નકલી આદેશની તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે આ કેસ કાઢી નાખવામાં આવ્યો છે.

તપાસમાં એમ પણ જાણવા મળ્યું છે કે ક્લર્ક ૨૦૧૯થી આ અરજીઓ માટે ચલણો બનાવીઅરજદારો દ્વારા ચૂકવવામાં આવેલા પૈસાની ઉચાપત કરતો હતો. ■

## નક્સલવાદીનું આત્મસમર્પણ

ગોંદિયા: સાત લાખ રૂપિયાનું ઇનામ ધરાવતા એક નક્સલવાદીએ ગોંદિયામાં આત્મસમર્પણ કર્યું હતું. દેવા ઉર્ફે અર્જુન ઉર્ફે રાકેશ સુમડો મુદમ (૨૭) ગેરકાનૂની કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા (માઓવાદી) સાથે સંકળાયેલો હોવાની માહિતી પણ અધિકારીએ આપી હતી. ■



Deepak Somaiya



## આજની હાસ્યકથા

વાસુદેવ સોઢા
feedback@bombaysamachar.com

# ગ્રહ (કે પછી ગૃહ) નડતર?!

**મકાન ભાડે દેવું છે?**
**હા.. દેવું છે ને! તમારા જેવા સારા ભાડૂત હોય તો મારે સથવારો થાય ને સારા ભાડૂત હોય તો રહેવાની મજા આવે**

આ વાત જ એવી બની, જે સાંભળતાં શરીરના અણુએ અણુમાં ઊથલપાથલ મચી જાય. વાવાઝોડાએ વિનાશ સર્જ્યો હોત તો વાંધો ન હતો. ધરતીકંપ થયો હોત તોય આઘાત ન લાગત. પૂર આવ્યું હોત ને તારાજી કરી હોત તોપણ નારાજી ન થાત, પણ આ વાત જ રૂંવાડે રૂંવાડું બેઠું કરી દે તેવી હતી.

શિયાળો હોય તો તાપ માંડે લાગવા, માથું ફાડી નાખે તેવો ધોમધખતો તડકો હોય તો ટાઢ થથરાવી દે અને ચોમાસું હોય ને વરસાદમાં પલળેલા હોઈએ તો સાવ કોરા થઈ જઈએ. જો વગર વરસાદે કોરા રહી ગયા હોઈએ તો પરસેવે રેબઝેબ થઈને ભીનાં થઈ જવાય એવી વિસ્ફોટક વાત બની ગઈ.

પાનના ગલ્લે ઊભો ઊભો હું પાન ચાવતો હતો. ત્યાં મેં મારા પરમ મિત્ર મહેશ પંડિતને આવતો જોયો. એ એની ધીમી, મોજીલી અને ગર્વીલી ચાલે સામેથી ચાલ્યો આવતો હતો. આવીને પૂછ્યું: ‘વાસુ, પાન ખાવું છે?’

‘જોને, મારું મોઢું લાલ નથી જોતો?’ મેં કહ્યું.

‘હા મોઢું તો લાલ દેખાય છે. તોય બીજું ઠપકાર..’ મહેશ પંડિતે આગ્રહ કર્યો.

‘જો ભાઈ મહેશ..! હવે તમાચો મારીને મોઢું લાલ રાખવાના જમાના ગયા.!’

‘કેમ?’

‘હવે તો પાન ખાઈને મોઢું લાલ રાખવાનું છે...’ કહીને મેં પંડિતના તમાકુવાળા માવાનો ઑર્ડર આપ્યો.

પછી મે પંડિત સામે જોયું: ‘તારી પાસે ટીપણું છે?’

દાઢીના વાળમાં હાથ ફેરવી, પેન્ટને બે હાથે પકડીને કેડ તરફ ખેંચ્યું. ત્રણસો નંબર તમાકુના માવાને મસળતો બોલ્યો: ‘છે ને.. ચાલ ઘેરે..!’

એના માવાની ત્રણસો નંબર તમાકુની ખુશબો માણતાં અમે બંને પંડિતના ઘેરે આવ્યા.

‘આ રહ્યાં, એકના બદલે બે..!’ ખૂણામાં પડેલા કૂડના ખાલી બેરલ તરફ આંગળી ચીંધીને પંડિત બોલ્યો.

‘અલ્યા તું તે કોઈ પંડિત છો કે ઘનચક્કર?’ હું કચવાઈને બોલ્યો.

‘આ ટીપણાં નથી તો શું છે?’

‘હું પંડિત પાસે હોય ને ગ્રહ-નક્ષત્ર જુએ એવાં ટીપણાની વાત કરું છું.’

‘ગ્રહની તારે શું જરૂર પડી?’ પંડિતે મારી સામે નેણ ઉલાળીને પૂછ્યું.

‘મારે તો કોઈ જરૂર નથી પડી. મારે તો એ જાણવું છે કે મારા ગૃહ આડે કયો ગ્રહ આવે છે? મારે એ ગ્રહને તગડવો છે...’ મેં એને સમજ આપી.

‘આ બધી વહીવટી બાબત છે. ગ્રહ બાબતે કોઈ ખોટો આગ્રહ ન રખાય.’

પંડિતનો મૂળભૂત સ્વભાવ વહીવટી એટલે એ કોઈ પણ બાબત વચ્ચે વહીવટ લાવે જ...

‘પહેલાં વાત શું છે એનો રિપોર્ટ આપ..!’

મને થયું કે આ હમણાં આવક અને જાવક નંબર પણ માગશે અને ત્રણ નકલમાં જણાવવાનું કહેશે. એક નકલ ઓ.સી. પણ રખાવશે. એ કરતા હું જ અહીંથી જતો રહું. હું હજી જવા માટે પગલાં ભરું ત્યાં તેણે મને પકડ્યો:

‘વાત શું છે એની તો ચોખવટ કર...’

‘યાર,મકાન ખાલી કરવાનું છે..’ મેં કહ્યું.

‘મકાન ખાલી કરવાનું છે?’ એ ડઘાઈને બોલ્યો. કારણ કે એના પર વીતી ગઈ છે કે મકાન ખાલી કરવું એટલે શું? એ બાબત સારી રીતે જાણતો હતો.

‘ઉતાવળ છે?’ એણે મને પૂછ્યું.

‘તને માવાની તલપ લાગે ત્યારે તારે જેટલી ઉતાવળ હોય, એટલી જ ઉતાવળ છે’ મેં કહ્યું: ‘માટે તાબડતોડ મકાન શોધ’

મકાન નવેસરથી બનાવવામાં જેટલો સમય નથી લાગતો એથી વધારે સમય ભાડાનું મકાન શોધવામાં જાય છે અને ભાડાનું મકાન મળ્યા પછી પણ, એ મકાનને શોધવામાં જેટલો સમયગાળો વીત્યો હોય તેટલો સમય તેમાં રહેવા માટે મળશે કે કેમ? એની કોઈ ગેરંટી આપતા નથી. જે મકાનમાં અમે રહેવા આવ્યા એના પૂરા આઠ કે નવ મહિના પણ નહોતા થયા. મકાન રૂપાળું હતું. નાનકડું હતું. નાની એવી ઓસરી હતી. નાના બે રૂમ હતા. સરસ મજાનું હતું પણ....

‘મકાન કેમ ફેરવવું છે?’ પંડિતે ત્રણસોના નશામાં મને પૂછ્યું.

‘મારે ફેરવવાનો વિચાર નથી. મકાન માલિકે મારું માથું ફેરવી નાખ્યું છે.’

‘કેમ?’

‘મકાન માલિકને મકાન પરત જોઈએ છે માટે ખાલી કરવાનું કહ્યું છે.’

‘માલિકનો હુકમ માથે ચડાવવાનો રહ્યો..’ પંડિત પણ મૂંજાઈ ગયો.

આ મકાનમાં આવ્યા એને આઠેક મહિના થયા હતા, પણ ખરેખર ગણીએ તો છેલ્લા ચાર મહિનાથી જ અહીં રહેતાં હોઈએ એવું લાગ્યું, કારણ કે આગલા મકાનમાંથી ઉચાળા ભરાયા પછી ઘણી બધી ચીજવસ્તુઓ આડીઅવળી થઈ ગઈ હોય. ડબા- ડૂબલીઓ વીંખી વીંખીને ગોઠવી હોય... ચાર મહિને માંડ જોઈતી ચીજનો પત્તો લાગ્યો હોય અને યોગ્ય જગ્યાએ મૂકી હોય. ચાર મહિના સમુંનમું કરવામાં વીત્યા હોય. આડોશીપાડોશી સાથે માંડ હજી મનમેળ જામ્યો હોય. એ બધામાં આઠ મહિના થયા હોય ત્યાં ધડાકો થાય કે ‘ખાલી કરો.’ આવું થાય એટલે મગજને ખાલી ચડે કે નહિ?

નવું મકાન શોધવું એ ખરી કવાયત છે. આવડા મોટા નગરમાં આપણને ઓળખે કોણ? ઓળખાણ ધરાવતા મિત્રોને કહીએ, પણ અગાઉ એને કેટલાય હેરાન કર્યા હોય. આવું એકાદ વખત હોય તો તો સમજ્યા મારા ભાઈ, પણ જ્યાં જાવ ત્યાં મકાનમાલિકો ઠરીઠામ થવા ન દે. મને થયેલ કે મિત્રોને સીધી રીતે ક્યાં પૂછવું? પંડિતને ટીપણાનું પૂછીને મૂળ મુદ્દો સમજાવ્યો, પણ ગૃહ જ્ઞાન એને ગ્રહ જ્ઞાન કરતા અઘરું લાગ્યું.

મિત્ર મુકેશ પંડિત સાફ શબ્દોમાં કહે: ‘યાર, તું કહે તો શનિ ગ્રહને સીધો કરી દઉં. ગુરુ ગ્રહને આકાશેથી હેઠો ઉતારું. મંગળને મનાવી લઉં.... પણ ગૃહ શોધવું એ મારા જ્ઞાન બહારનું છે..! પંડિત પાણીમાં બેસી ગયો.

બીજા મિત્રો પાસે મેં રજૂઆત કરી, પણ જરા જુદી રીતે. આપણો ઉદ્દેશ બર આવે એવી રીતે મેં પૂછ્યું:

‘મિત્ર, તંબુ મળે?’

‘તંબુ?’ પેલા પરમ મિત્રએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

‘હા, તૂટેલો-ફાટેલો તંબુ હોય તો ચાલે’ મેં મિત્રની પ્રતિક્રિયા જોઈને કહ્યું.

‘તંબુની કોને જરૂર પડી?’ મિત્રએ મને સામો સવાલ કર્યો.

‘મારે’ મેં ભારપૂર્વક કહ્યું.

પેલા મિત્ર મારી સામે ટગર ટગર જોઈ રહ્યા:

‘દોસ્ત, મજાક છોડ.... તંબુનો ઉપયોગ એસ.આર.પી.ની ટુકડી કરતી હોય છે. એને જુદા જુદા ઠેકાણે ટૂંકા સમય માટે રહેવું પડે માટે..! અને તંબુનો ઉપયોગ બીજા સર્કસવાળા કરે ને ત્રીજા હરતા ફરતા વણજારા..!’

‘આપણું પણ એવું જ માની લેને..! અહીં ખુલ્લી જમીન તો ઘણી છે. ચારે ખૂણે ચાર ખીલા ઠોકીને વચ્ચે લાકડું ઊભું કરી દઈએ... એટલે સમજાયું?!’

એ થોડી વાર મારી સામે તાકી રહ્યો. એને મગજમાં કંઈ ફીટ થતું હોય તેવું ન લાગ્યું... પછી તો ગુપ્તચરોની માફક કેટલાક મિત્રો ગોઠવી દીધા. મકાન શોધવાની સઘન ઝુંબેશ આદરી. બિલાડી તેના બચોળિયાને સાત ઘેરે ફેરવે ત્યારે તેની આંખો ઊઘડે તેમ મારા ઘરના લબાચા સાથે મારે સાત ઘર ફરવા પડશે ત્યારે ઠરીઠામ થવાશે,એવું મને લાગ્યું.

થોડી હિંમત રાખી મકાનની શોધ ચાલુ રાખી. ઘેરે પગ મૂકું અને શ્રીમતીજી પૂછે, એ પણ એક જ શબ્દમાં: ‘મળ્યું?’

‘ના..!’ હું ટૂંકમાં પતાવું.

બીજી વખતનો ફેરો મારીને હું પાછો ખાલી કરાવવાના ગૃહમાં પ્રવેશું. ગૃહસ્વામિની પૂછે:

‘ગોત્યું?’

‘ના..!’

વળી બીતાં બીતાં ડેલીમાં પગ મૂકું. ગૃહશોભા પૂછે: ‘જડ્યું?’

આપણો એ જ રેડીમેડ જવાબ: ‘ના!’

શ્રીમતી માટે ગૃહસ્વામિની-ગૃહશોભા એવાં વિશેષણનો મારો શાબ્દિક ઉપયોગ ઉપહાસ કરાવતા હતા. કારણ, અહીં સ્વામિની હતી, પણ ગૃહનો પતો ખાતો ન હતો. શોભા મારી સામે જ હતી, પણ એ બિચારી ગૃહ વિનાની શેની શોભા બને??

દર વખતે મારે મિત્રો-સ્વજનોને નવું જ સરનામું આપવું પડતું તો એક મિત્રએ મને પૂછ્યું : ‘હરિ તારા નામ છે હજાર, કયા નામે લખવી કંકોતરી..! રોજ રોજ બદલે મુકામ, કયા ધામે લખવી કંકોતરી?!’

મેં એ મિત્રને જવાબ આપી દીધો. શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવે છે તેમ:

‘હું ક્યાં નથી? કણે કણમાં સમાયેલો છું... હું અહીં ઘેર ઘેર છું...!’

આ બધા વચ્ચે એક જગ્યાએ આશાનો તંતુ બંધાયો. મને થયું કે આપણા ગ્રહો એટલા સાવ નબળા નથી કે ગૃહ આડા આવે.

શ્રીમતીજી સાથે એક મકાન જોવા ગયા. એક ઓરડો હતો. મને થયું કે એક ઓરડો તો એક, પણ તંબુ કરતાં તો

સારો.

શ્રીમતીએ માલિકણબહેનને પૂછ્યું: ‘મકાન ભાડે દેવું છે?’

‘હા.. દેવું છે ને! તમારા જેવા સારા ભાડૂત હોય તો મારે સથવારો થાય ને સારા ભાડૂત હોય તો રહેવાની મજા આવે.’

શ્રીમતીજીએ ભાવવિભોર અવાજે કહ્યું: ‘હા, બેન...અમે પણ એવા સારા મકાન માલિક શોધીએ છીએ’

મકાનમાલિકબહેન કહે: ‘અહીં પેલા રહેતા હતા ને એ ભાડૂત એટલા બધા સારા હતા કે મારે આંગણું ન વાળવું પડતું. અમારું ખૂબ ધ્યાન રાખતા. મારું પાણી ભરી આપતા. રસોઈમાં પણ મદદ કરતા. ક્યારેક વાસણ પણ સાફ કરી આપતા!’

એમણે સારા ભાડૂતના સાતેક ગુણ વર્ણવ્યા. શ્રીમતીજી શું જવાબ આપે છે એ જાણવાની મને ઉત્કંઠા થઈ.

‘હા સાચું બેન, અમે પણ એવા સારા મકાનમાલિકને ત્યાં જ રહીએ છીએ. મારે કશી ચિંતા જ નહીં એ અમારું દળણું દળી આપતા. કપડાં ધોઈ આપતા. ક્યારેક રસોઈ પણ બનાવી આપતા.... બેન, આવા સારા મકાનમાલિક તો કોક જ હોય ને...?!’

પેલા બહેન પાસે અમારાં શ્રીમતીજીએ સારા મકાનમાલિકના નવેક સદગુણો વર્ણવ્યા એમાં કામકાજ ખોરવાઈ ગયું. બીજે દિવસે પેલાં બહેનનો જવાબ આવ્યો : ‘અમારી મામીના ભાઈના દીકરાનો ભાઈ મુંબઈથી રહેવા આવે છે.. હવે મકાન ખાલી નથી.!’

મકાનની શોધમાં એક વખત એવો આવ્યો કે કોઈ મારું નામ પૂછે કે ફલાણાભાઈને ઓળખો છો? તો સામેથી અચૂક એક જ જવાબ મળે:

‘કોણ પેલા મકાન શોધે છે એ જ ને?!’

શહેરમાં આ રીતે હું નામ કાઢી ગયો, પણ પછી મને થયું: ચાલો, આમ તો આમ આ રીતે લોકો મને ઓળખતા તો થયા....! પછી જે મળે એ મને પૂછતા: ‘ભાઈ મકાન મળ્યું?!’

કરતાં જાળ કરોળિયો....! અમારી મકાન-શોધ અવિરત ચાલુ હતી ત્યાં મિત્ર પંડિત ડોલતો ડોલતો આવ્યો. એને અચાનક આવેલો જોતાં અમને આશા જાગી કે આ કંઈક શુભ સમાચાર આપશે... આખરે સૌનો ભગવાન છે ને!? અમે ક્યાં કોઈની જાનું લૂંટી છે તે અમને મકાન ન મળે!. આવતાંની સાથે જ મુકેશ પંડિત બોલ્યો: ‘અમારા મકાન માલિક મુંબઈથી આવી રહ્યા છે.... અમારે પણ હવે મકાન ખાલી કરવાનું છે. વાસુ, ક્યાંય ખાલી મકાન હોય તો ધ્યાનમાં રાખજે.!’

મને ચોરસ ચોરસ ચક્કર આવવા લાગ્યા... બેશુદ્ધ થતાં પહેલાં હું પંડિત સામે જોઈ રહ્યો..! (સમાપ્ત)■

મુંબઈ સમાચાર
નવી ધારાવાહિક નવલકથાનો
આરંભ
સોમથી શનિ
રોજ એક તાજું પ્રકરણ
તમારી આતુરતાનો અંત
બહુ જલદી!

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પેટે | અવાળું |
| પેઠે | તવી |
| પેણી | માટે |
| પેઢું | આંટો, વળ |
| પેચ | માફક |

### ઓળખાણ પડી?



આપણા દેશના વિવિધ શહેર વિવિધ ઉપનામથી ઓળખાય છે. કયું શહેર ‘સિટી ઓફ લેક્સ’ - સરોવરના શહેર તરીકે ઓળખાય છે એ કહેશો?

અ) નાશિક બ) ઉદયપુર ક) અજમેર ડ) પઠાનકોટ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વ | ૨ હી | ૩ વ | ટી | ૪ તં | ત્ર | | ૫ બો | ગ | ૬ સ |
| ૭ જ | ન | ન | | ગ | | ૮ દ | ર | | હ |
| ન | | ૯ રા | ત | દિ | વ | સ | | ૧૦ વાં | ક |
| ૧૧ દા | ૧૨ ઉ | જી | | લી | | ૧૩ મ | ૧૪ હા | | ર્મ |
| ૧૫ ર | ઢી | | ૧૬ ન | | ૧૭ સા | | ૧૮ લ | ૧૯ બા | ચા |
| | પ | | ૨૦ સ | મ | ર્થ | ૨૧ ન | | ૨૨ રી | રી |
| ૨૩ ઉ | ક | ૨૪ ર | ડો | | ૨૫ ક | વા | ૨૬ લી | | |
| પ | | ઢ | | ૨૭ બ | | ૨૮ જૂ | ન | ૨૯ વા | ણી |
| ૩૦ રો | જ | | ૩૧ બ | હુ | ૩૨ રા | ની | | ચા | |
| ક્ત | | ૩૩ દો | ડ | ધા | મ | | ૩૪ ભા | ળ | વું |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | | | |
| | | | | ૫ | ૬ | | | | ૭ |
| | | ૮ | | | | ૯ | | | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | ૧૩ | | | |
| ૧૪ | | | ૧૫ | ૧૫-અ | | | ૧૬ | | |
| | | | | | | | ૧૭ | | |
| ૧૮ | | ૧૯ | | ૨૦ | | ૨૧ | | | ૨૨ |
| | | | | ૨૩ | ૨૪ | | | ૨૫ | |
| ૨૬ | ૨૭ | | ૨૮ | | | | ૨૯ | | |
| ૩૦ | | | | | ૩૧ | | | | |

**આડી ચાવી**
૧. અનિશ્ચિત, લટકતું (૫)
૪. કામકાજની પરિસ્થિતિ, કટોકટીનો સમય (૩)
૫. તપ કરનાર (૩)
૮. દૂધ ઉપર તરે (૨)
૯. શિવસેનાનું સામયિક (૩)
૧૦. કપડાં--- ને સૂકવો (૩)
૧૨. સંયોગ, બનાવનો વખત (૪)
૧૪. તટરક્ષક દળ---નું કામ કરે (૨)
૧૫અ. ભીનાશ, આર્દ્રતા, ભેજ (૨)
૧૬. ચડવું એટલે શૂરાતન ચડવું (૨)
૧૭. સૂતેલું (૨)
૧૯. હમણાં જ, તાત્કાલિક (૩)
૨૧. પૂજાપાઠ કરાવવા તે (૩)
૨૩. પાણી ભરેલું (૪)
૨૫. લાંબું, મોટું (૨)
૨૬. ટેક્ષ, કર (૨)
૨૮. શાંતિ / ઉર્દૂ (૩)
૩૦. દાદાગીરી, આપખુદી (૪)
૩૧. તાંતણો, લાગ, તાકડો (૩)

**ઊભી ચાવી**
૧. અપમાન પામેલું (૫)
૨. ખેલંદો (૫)
૩. વેલ (૨)
૪. મહિનો (૨)
૬. રજા, ઇજાઝત (૫)
૭. દુર્ઘટના (૪)
૯. --પર કાપડ વણાય (૨)
૧૧. પહેલાં દરેક હિંદુ માથે રાખતા (૩)
૧૩. વિષયી, કામલોલુપ (૨)
૧૫. ક્ષત્રીવટ, ક્ષત્રિયપણું (૩)
૧૬. વિવાહ વિધિમાં સાથે ચાલતાં બોલાતા મંત્રો (૪)
૧૭. દેવ (૨)
૧૮. લેણદેણ સંબંધી લખન (બ.વ.) (૪)
૧૯. દંડ (૨)
૨૦. રીતરિવાજ (૩)
૨૧. વર્તુળ, સર્કલ (૨)
૨૨. હોનારત (૪)
૨૪. પ્રજા, લોકો, નાગરિકો (૩)
૨૭. બધાને નડતો ગ્રહ (૨)
૨૮. અમૃત (૨)
૨૯. અધ્યક્ષ (૨)

### ગુજરાત મોરી મોરી રે

મીઠાઈ ગુજરાતીઓનો મનભાવન ખાદ્ય પદાર્થ છે. અહીં આપેલી કઈ મીઠાઈમાં ચણાના લોટનો ઉપયોગ કરવામાં આવે છે એ કહી શકશો?

અ) સાટા બ) ઘૂઘરા ક) બરફી ડ) મોહનથાળ

### જાણવા જેવું

જમીન ઉપર પથરાતા વેલાની જાતની જટામાંસી નામની વનસ્પતિનું બિલાડીની પૂંછડી જેવું ઉપર રેસાનાં જૂથરાંવાળું મૂળ છે. સુગંધી હોવાથી ચંદનમાં વપરાય છે. વળી તેમાંથી સુગંધી તેલ નીકળે છે. એમાંથી પાકો કાળો રંગ પણ નીકળે છે. પાકીને ધોળા થઈ ગયેલા વાળ રંગવામાં તેનો ઉપયોગ ઉત્તર હિંદુસ્તાનમાં પુષ્કળ થાય છે.

### સુડોકુ-૭૦૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૮ | ૨ | | ૪ | ૬ | | ૯ |
| ૯ | | ૭ | | | | ૨ | | ૮ |
| | ૨ | | | | | | ૭ | |
| ૮ | | | ૩ | | ૭ | | | ૪ |
| | ૩ | | | | | | ૮ | |
| ૪ | | | ૬ | | ૫ | | | ૨ |
| | ૪ | | | | | | ૧ | |
| ૫ | | ૯ | | | | ૪ | | ૬ |
| ૬ | | ૩ | ૯ | | ૨ | ૮ | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૧ | ૮ | ૬ | ૪ | ૨ | ૭ | ૩ |
| ૩ | ૭ | ૪ | ૨ | ૯ | ૫ | ૧ | ૬ | ૮ |
| ૬ | ૨ | ૮ | ૭ | ૩ | ૧ | ૯ | ૪ | ૫ |
| ૮ | ૫ | ૨ | ૯ | ૪ | ૭ | ૬ | ૩ | ૧ |
| ૧ | ૩ | ૯ | ૬ | ૨ | ૮ | ૭ | ૫ | ૪ |
| ૪ | ૬ | ૭ | ૫ | ૧ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૯ | ૮ | ૬ | ૩ | ૫ | ૨ | ૪ | ૧ | ૭ |
| ૭ | ૪ | ૫ | ૧ | ૮ | ૬ | ૩ | ૯ | ૨ |
| ૨ | ૧ | ૩ | ૪ | ૭ | ૯ | ૫ | ૮ | ૬ |

### ચતુર આપો જવાબ

દત્તાત્રેય મંદિર માટે જાણીતો ‘કાળો ડુંગર’ કયા રાજ્યમાં સ્થિત છે એ જણાવો. ૪૦૦ વર્ષથી મંદિરમાં રાંધેલા ભાતનો પ્રસાદ આપવામાં આવે છે.

માથું ખંજવાળો

અ) મહારાષ્ટ્ર
બ) મધ્ય પ્રદેશ
ક) ગુજરાત
ડ) મેઘાલય

### નોંધી રાખો

આપણું ભવિષ્ય બહારથી ઉછીના લીધેલા જ્ઞાન પર નહિં, પણ સ્વતંત્ર વિચારવાની આપણી ક્ષમતા અને સખત પરિશ્રમ પર અવલંબે છે.

### માઈન્ડ ગેમ

ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં એક ઈનિંગ્સમાં નવ વિકેટ ઝડપનારા પહેલા ભારતીય બોલરનું નામ જણાવો. વેસ્ટ ઇન્ડિઝ સામે સિદ્ધિ મેળવી હતી.

અ) બાપુ નાડકર્ણી બ) એસ. વેંકટરાઘવન ક) સુભાષ ગુપ્તે ડ) સલીમ દુરાની

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| લક્ષણ | નિશાની |
| લખત | કરાર |
| લજ્જા | શરમ |
| લઢણ | પદ્ધતિ |
| લપડાક | તમાચો |

ગુજરાત મોરી મોરી રે: ભાવનગર

ઓળખાણ પડી: નોર્વે

માઈન્ડ ગેમ: ગાંધીનગર

ચતુર આપો જવાબ / માથું ખંજવાળો: કોયનાનગર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટિકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) સુરેખા દેસાઈ (૯) નીતા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ભારતી બુચ (૧૪) શ્રદ્ધા આશર (૧૫) પુષ્પા પટેલ (૧૯) લજિતા ખોના (૨૦) મહેશ દોશી (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ મુનીમ (૨૬) મીનળ કાપડિયા (૨૭) નુતન વિપીન (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) અશોક સંઘવી (૨૯) હર્ષા મહેતા (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) અરવિંદ કામદાર (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪)ભાવના કર્વે (૩૫) કલ્પના આશર (૩૬) અંજુ ટોલિયા (૩૮)ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જગદીશ ઠક્કર (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૪) દિલીપ પરીખ (૪૫) કિશોર બી. સંઘરાજકા (૪૬) શિલ્પા શ્રોફ (૪૭) નિતિન બજરિયા (૪૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૯) પુષ્પા ખોના (૫૦) નંદકિશોર સંજાણવાળા (૫૧) વિણા સંપટ (૫૨) વિજય આશર (૫૩) મહેશ સંઘવી

# વીક ઍન્ડ

## ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# આજના યુવાનોમાં ચોરી-ચોરી... છૂપકે-છૂપકે...

# શું ચાલી રહ્યું છે?

**અત્યાર સુધીમાં ૩૫૦થી વધુ મોબાઈલ ઍપ્સ પર પ્રતિબંધ મુકાઈ ગયો હોવા છતાં ડિજિટલ યુગની યુવાપેઢી અજાણી ઍપ્સ કે પ્લૅટફૉર્મ્સ પર ઑનલાઈન કેવા કેવા ખતરનાક ખેલ કરી રહી છે એની સ્ફોટક ઝલક...**

એક જમાનો હતો, જ્યારે માણસની આયુ માત્ર બે શબ્દથી ગણાતી. એકઃ જુવાન - નવી પેઢી અને બીજીઃ વૃદ્ધ - જૂની પેઢી!

આજે સિનારિયો સાવ પલટાઈ ગયો છે. તમે કયા વર્ષમાં જન્મ્યા એના પરથી તમારી આયુનું વર્ગીકરણ થાય. ઉદાહરણ તરીકે,૧૯૬૫-૧૯૮૦ દરમિયાન જન્મેલા એની યુવાવસ્થામાં પહોંચે તો એ 'જનરેશન X' તરીકે ઓળખાય છે. એ જ રીતે, ૧૯૮૧-૧૯૯૬ની પેઢી 'મિલેનિયલ્સ' ગણાય. એને ઘણા 'જનરેશન Y' પણ કહે છે. જ્યારે ૧૯૯૭થી ૨૦૧૨ વચ્ચે જન્મેલી યુવા પેઢી 'જનરેશન Z' તરીકે ઓળખાય છે. આ પહેલાંનાં વર્ષોવાળા 'બૂમર્સ' કહેવાય છે.

'આ તો થયું વયનું વર્ગીકરણ. હવે આજની પેઢીઓવાળા એમના જીવન દરમિયાન કેટલાં સિક્રેટ રાખી શકે?' એનાં પણ જાતભાતનાં સંશોધન થયાં પછી માનસશાસ્ત્રીઓ એવાં તારણ પર આવ્યા છે કે માણસ એના જીવન દરમિયાન વધુમાં વધુ ૧૩થી ૧૪ વાત ગુપ્ત રાખી શકે માનસનિષ્ણાતો આ તારણ પર કઈ રીતે પહોંચ્યાં એ તો આપણે નથી જાણતા, પણ સામાન્ય રીતે કહેવાય છે ને કે અમુક લોકોનાં મન એવાં દરિયા જેવાં ઊંડાં હોય છે, જે ભલભલા સિક્રેટ-રહસ્ય - ખાનગી વાત એમાં 'ડૂબાડી' રાખી શકે. હશે આવા અપવાદરૂપ કેટલાક, પણ હકીકત એ છે કે સામાન્ય રીતે પુરુષ ૧૩-૧૪થી વધુ રહસ્ય મનની અંદર રાખી શકતો નથી. એમાંય સ્ત્રી તો પુરુષ જેટલાય ભેદ પોતાના પેટમાં રાખી શકતી નથી એવું અનુભવીઓ કહે છે!

મૂળ વાત પર પરત ફરીએ તો આ ડિજિટલ જમાનામાં આજની જનરેશન Z હવે વધુ ને વધુ ગુપ્તતા જાળવતી થઈ ગઈ છે. સાત-આઠ વર્ષ પહેલાં 'ફેસબુક' કે 'ટ્વિટર' (હવે X) જેવાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો જે દબદબો હતો એ હવે ઝડપથી ઘટી રહ્યો છે. હવે એ પહેલાં જેવાં સુરક્ષિત પણ રહ્યાં નથી. આજની ટેકનોલૉજી જાણતો કોઈ નવોદિત હેકર પણ એમના સુરક્ષાચક્રમાં સહેલાઈથી છીંડું પાડી શકે છે. પરિણામે આજના જુવાનિયાં એમની ગુપ્તતા જાળવવા નવી, પણ ઓછી જાણીતી નેટવર્કિંગ સાઈટ્સ પસંદ કરી રહ્યા છે. જોકે, આવી કેટલીક અજાણી ઍપ્સ પણ આજની પેઢી માટે ફસામણીનો ફંદો બની રહી છે.

સાયબર ફ્રોડ- ક્રાઈમ જે ઝડપે વધી રહ્યાં છે એ જોતાં આપણી સરકારે ઢગલાબંધ ઍપ્સ પર પ્રતિબંધ મૂકીને એને ફરજિયાત બંધ કરાવી દીધી છે. આવી ઍપ્સની ફસામણી કેવી ખતરનાક અને જોખમી છે એનો અંદાજ સરકારે બંધ કરાવેલી ઍપ્સના આંકડા પરથી આવશે.

આ બધા વચ્ચે પણ આજે અનેક એવી ઍપ્સ પણ છે કે, જેણે આપણાં અનેક રોજિંદાં કામ ઘણાં ઝડપી અને સરળ બનાવી દીધાં છે. એમાંય 'વોટ્સઍપ'ની મેસેજિંગ-ચેટ-વિડિયો કોલની સુવિધા વધી છે. વાપરનારાની અમુક માહિતી લીક ના થઈ જાય - બહાર ન પડી જાય એ માટે 'વોટ્સઍપ'એ તાજેતરમાં એની ફરતે બે થી ત્રણ સુરક્ષા ચક્ર રચી દીધાં છે. 'વોટ્સઍપ' જેવી જ સુરક્ષા અને સુવિધા ધરાવતી બીજી કેટલીક ઍપ્સ કે પ્લેટફોર્મ્સ છે. આમ છતાં આજના તરુણ-તરુણીઓ જાહેરમાં ઓછી જાણીતી એવી 'ડિસ્કોર્ડ' અને 'વિકર' કે પછી 'હાઈસાઈડ' ઍપ વાપરી રહ્યા છે. નિષ્ણાતો અનુસાર આ ત્રણેય ઍપ્સ 'હેંગઆઉટસ' અને 'વોટ્સઍપ' કરતાં વધુ સુરક્ષિત છે. કેટલાક દેશની જાસૂસી એજન્સીઓ તો 'વિકર' તથા 'હાઈસાઈડ' પર જ પહેલી પસંદગી ઉતારે છે...!

પોતાની અમુક વાત પોતાના પૂરતી જ સીમિત રહે - ગામ આખાને ખબર પડે એ તો કોઈ પણ ન ઇચ્છે એ ખરું, પણ યુવા પેઢીમાં વ્યાપક થઈ રહેલી વધુપડતી ગોપનીયતા માત્ર વડીલો માટે જ નહીં, સમાજશાસ્ત્રીઓ ઉપરાંત કાયદાના રક્ષકો માટે પણ ચિંતાનો વિષય બન્યો છે..

જોકે, અહીં આપણી ચર્ચા કે વાતનો મુખ્ય મુદ્દો છેઃ શા માટે આજની પેઢી વધુ ને વધુ ગુપ્તતા જાળવે છે કે જાળવવા ઇચ્છે છે અને આવી એમની વૃત્તિ-રીતિ કેવી જોખમી પણ પુરવાર થઈ શકે એની કદાચ આ પેઢીને જાણ નથી.

જોકે, આ દિશામાં પોતાની રીતે તપાસ કરનારી સરકારી તેમ જ ખાનગી જાસૂસી એજન્સીઓની નજર સામે જે રહસ્ય બહાર આવી રહ્યું છે એ બહુ વિસ્ફોટક છે.

ઉદાહરણ તરીકે એક પ્રતિષ્ઠિત ઓનલાઈન એન્ટ્રન્સ ટેસ્ટનાં પેપર્સ કેમ ડી-કોડ કરવા (એટલે કે ફોડવા)થી માંડીને ઈ-ડેટિંગ - સેક્સ ટેક્સિંગ - પોર્નોગ્રાફીથી લઈને રેવ (ડ્રગ્સ) પાર્ટી ક્યાં-ક્યારે યોજાવાની છે ઉપરાંત ક્રિપ્ટો કરન્સીની બે નંબરી લેતી-દેતી, ઇત્યાદિ ખાનગી પ્રવૃત્તિમાંય મોટા ઘરના કહેવાય એવા અને મનોરંજનની દુનિયામાં તાજેતાજી પ્રસિદ્ધિ મેળવી હોય એવા જુવાનિયા પણ સંડોવાયા છે.

આવી યુવા પેઢી ખુદ લેટેસ્ટ ડિજિટલ ટેકનોલૉજીથી પરિચિત છે એટલે પોતાના ભેદ અકબંધ રાખવા ઓનલાઈનનાં નવાં અને અજાણ્યાં સાધનો વધુ વાપરે છે. 'જેન-ઝેડર્સ' જેવા ટૂંકાક્ષરે ઓળખાતા 'જનરેશન ઝેડ'ના યુવાનોમાં 'ડિસ્કોર્ડ' અને 'વિકર'ની જેમ 'રેડડિટ' ઍપ પણ ખાસ્સી લોકપ્રિય છે. ૩૦ લાખથી વધુ યુવાનો આ ઍપ સાથે સક્રિય સંકળાયેલા છે.




અહીં મોટા ભાગના યુવાનો પોતાની ઓળખ સંતાડવા વિચિત્ર લાગે એવાં ભળતાં જ નામ-વાક્ય મૂકે છે,જેમકેઃ 'ફેટ ઘોસ્ટ', 'સ્લિમબ્યૂટિ', 'હોર્ની' વગેરે. 'વોટ્સઍપ'ની જેમ અહીં કોઈ પોતાનાં 'ડીપી' (ડિસ્પ્લે પિક્ચર)માં સેલ્ફી મૂકવાને બદલે પ્રાણી-પક્ષીની આકૃતિ કે રેખાંકન મૂકે છે.

એ જ રીતે, અત્યંત ખાનગી વાત માહિતી - સેક્સ કે હાર્ડ પોર્નો ક્લિપ્સ માટે કે પછી ડ્રગ્સ પાર્ટીના આયોજન માટે થોડી વાર પછી આપમેળે 'ભૂંસાઈ' જતી ચેટ-ફોટા કે વિડિયો ક્લિપની સુવિધા ધરાવતી 'વિકર' સરકારના ગુપ્તચરોની જેમ યુવાનોમાં પણ પ્રિય છે.

આ બધા વચ્ચે, દોઢ કરોડથી વધુ સક્રિય મેમ્બર્સ ધરાવતી 'ડિસ્કોર્ડ' ઍપ અવનવી ગેમિંગ માટે કિશોરો-તરુણોમાં જાણીતી છે. જોકે, ઓનલાઈન ગેમિંગ - રમતના આ પ્લેટફોર્મે ઘણી વાર નાદાન કિશોર-તરુણોને અજાણતાં જ ગેમબ્લિંગ (જુગાર)ની લત તરફ પણ ધકેલી દીધા હોવાના દાખલા બન્યા છે અને એક વાર લાગેલી જુગારની લત કાચી વયના કિશોરોને ડ્રગ્સ-પોર્નોગ્રાફી જેવાં કેવાં કેવાં દૂષણોમાં ડૂબાડી દે છે એનાથી એનાં મા-બાપ ખુદ અજાણ હોય છે.

તાજેતરમાં પ્રાઈવેટ સર્વરની મદદથી ચાલતી એક પિક્ચર અને લખાણવાળી ચેનલ (ઍપ)માં દિલ્હી-મુંબઈ-બેંગ્લોર-હૈદરાબાદ-કોલકાતા તથા ગૌહાટીની સ્કૂલ-કૉલેજનાં તરુણ-તરુણીઓ સંકળાયેલાં હોવાની વાત બહાર આવી છે. આવા એક હજારથી વધુ મેમ્બર્સ ધરાવતી આ ચેનલ પર અશ્લીલ ફોટા અને ગંદી-ગલીચ ભાષાનો છૂટથી ઉપયોગ થાય છે. સાઈબર ક્રાઈમ સેલ સુધી આ બાતમી પહોંચતાં જ આ સાઈટ હમણાં બંધ પડી ગઈ છે.

બીજી તરફ, રાતોરાત શ્રીમંત બની જવાનાં સપનાં દેખાડતી ક્રિપ્ટો કરન્સીની કમાવાની લત પણ બીજાં દૂષણોમાં પેટ્રોલ હોમવાનું કામ કરે છે. આ જ રીતે, 'ડાર્કનેટ' તરીકે ઓળખાતી ગુપ્ત નેટવર્કની એક સિન્ડિકેટ ભારતમાં કામ કરી રહી છે. ૨૫૦ જેટલી વ્યક્તિની આ સિન્ડિકેટ ડ્રગ્સની હેરાફેરીનું કામ કરી રહી છે. આ ટોળકીમાં સોફ્ટવેર ઈજનેર-ડૉક્ટર અને આર્થિક નિષ્ણાત જેવા ૨૦ યુવાનને આપણા નાર્કોટિક બ્યુરોએ ઝડપી લીધાં પછી ઘણી ચોંકાવનારી માહિતી આપણી સાયબર ક્રાઈમ એજન્સીને મળી છે.

ડ્રગ્સની લેતી-દેતીમાં રૂપિયા બે કરોડનો ક્રિપ્ટો કરન્સીમાં ધંધો કરનારી આ ટોળકીનો બોસ રઘુનાથ કુમાર છે, જેણે 'ડાર્કનેટ ગીતા' નામનું પુસ્તક પણ લખ્યું છે અને આશ્ચર્યની વાત એ છે કે આ રઘુનાથ અત્યાર સુધી કર્ણાટકની બેલારી જેલમાંથી એનો આ બે-નંબરી ધંધો પણ ચલાવતો હતો! ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# મિશેલસ્ટાડ-ક્રિસમસ માટે જ બનેલું ગામ...







એડિનબરા ફ્રિન્જમાં એક શોથી બીજા શો વચ્ચે જ્યારે મેળ પડે ત્યારે ભારતીય ભોજન મળી જાય તો ટ્રિપમાં મજા કેમ ન આવે? ત્યાં ઘણા જલસા સાથે થોડું શીખવા પણ મળેલું. જેમ કે ઘણા શો 'ફ્રી' કહેવાતા, પણ તેમાં અંતે કલાકારો ટિપ્સની અપેક્ષા રાખે. કોઈએ પોતાના કામ પર મહેનત કરી હોય અને અમને પોતાની કલાથી મજા કરાવી હોય તો અમે જનેરિક ટિકિટના ભાવ જેટલી જ ટિપ આપીને નીકળતાં. કેટલાંક કોમેડિયનો ટિકિટ લીધા પછી પણ ટિપ માટે ટોપી કે જાર લઈને એક્ઝિટ પર ઊભાં રહેતાં. તો ક્યાંક વળી ઘણી ઓછી ટિકિટમાં એક સાથે પાંચ કોમેડિયનો અખતરા કરીને પણ જતા. ત્યાં ક્યારેક પૈસાની સાથે સમય વેડફ્યાનો વધુ અફસોસ થતો. એ લોકો પણ ટિપની અપેક્ષા તો રાખતાં જ.

આ વાત પર અમેરિકન ટિપ કલ્ચર યાદ આવ્યા વિના ન રહે. રેસ્ટોરાં હોય કે બાર, ત્યાં દુનિયાના કોઈ પણ ખૂણે તે નવાઈની વાત નથી, પણ ટિકિટ લઈને ગયેલાં સ્થળો પર ક્યારે ટિપ આપવી અને ક્યારે ન આપવી તેની સમજ અલગ અલગ રહી છે. એડિનબરા ફ્રિન્જમાં અમે ભારતીય કોમિક્સ જોવા માટે લાઇનમાં ઊભેલાં ઘણાં સ્કોટલેન્ડમાં વસેલાં 'દેસી લોકો' સાથે પણ ટેમ્પરરી દોસ્તી કરી લીધેલી. આમ તો આખા યૂકેમાં દેસી લોકોની કોઈ કમી નથી, પણ સ્ટેન્ડ અપ કોમેડી માટે સમય કાઢીને બુકિંગ કરાવીને આ ત્રણ અઠવાડિયાં દરમ્યાન નિયમિત રીતે એન્ટ્રી લાઈનમાં જે દેખાતાં તેમની સાથે ઓળખાણ થયા વિના તો ન જ રહે.

ફ્રિન્જથી પાછાં આવ્યાં પછી પણ લાંબો સમય સુધી ફ્રિન્જની વાતો થયા કરી. ક્યારેક મેળ પડે તો ફરી પણ આંટો મારવાની વાતો થઈ. ખાસ તેના માટે લાઈન-અપ નક્કી જોઈ લેવી, એટલે આ વખતે અમે વિરદાસ, સેલ્યા એબી, હેના ગાડ્સબી વગેરેને લાઇવ જોઈ શક્યા તેમ ક્યારેક નવાં કોઈ કોમિક્સને પણ જોવાનો મોકો મળે. અમારા મનપસંદ રિકી જરવેઈઝને જોવા માટે તો અમે ૨૦૨૫ના સમરમાં છેક બર્લિન સુધી લાંબા થવાનાં છીએ. કોણ જાણે કેમ પણ આ લાઇવ પરફોર્મન્સનો ફેઝ ચાલી રહ્યો છે.

ભારતમાં કોલ્ડપ્લે કોન્સર્ટની હારાકીરી વિષે તો ઘણી વાતો ચર્ચાઈ ચૂકી છે. દુનિયામાં આજ કાલ ઠીક ઠીક જાણીતા કલાકારોનાં પણ લાઇવ પરફોર્મન્સ માટે પડાપડી ચાલી રહી છે. લોકો પ્રવાસ સાથે કોઈ કલાકારને લાઇવ જોવાનો એક્સપિરિયન્સ પણ જોડી દે છે. કુમારની કઝીન દર્શના તેની ટીનએજર દીકરીને ટેલર સ્વિટનું કોન્સર્ટ લાઇવ બતાવવા માટે ન્યુયોર્કથી આમસ્ટરડામ લઈને આવેલી. સાથે સાથે યુરોપ ટ્રિપ પણ પ્લાન થઈ ગઈ, એટલે અમને પણ તેની સાથે થોડા દિવસો વિતાવવાનો મોકો મળેલો. ટેલર સ્વિટનાં કોન્સર્ટ આ વર્ષની અનોખી હાઇલાઈટ બની ગયેલાં. છતાંય તેણે ભારત બાજુ હજી કોઈ પ્લાન ન બનાવ્યા હોવાની પણ ચર્ચા ચાલુ જ છે. બ્રાયન એડમ્સ હોય કે મરૂન ફાઇવ, ભારતની લાઇવ પરફોર્મન્સ જોવા તલસી રહેલી પબ્લિકનો લાભ લેવા માટે હવે વેસ્ટર્ન કલાકારો તૈયાર જ બેઠાં હોય તેવું લાગે છે.

બાકી ટેલર સ્વિટના યુરોપિયન એરાઝ ટૂરના સમય દરમ્યાન જે દિવસે ઝુરિકમાં કોન્સર્ટ હતું તે દિવસે મારી ટીમનાં અડધાથી વધુ લોકો રજા પર હતાં.

હવે ક્રિસમસ અને ન્યુ યરની વચ્ચેના સમયમાં તો યુરોપમાં ભાગ્યે જ કોઈ ઓફિસમાં ઇમેઇલનો જવાબ મળે. એવામાં આ વર્ષે સમર અને ક્રિસમસ, બંને સમયે ઐતિહાસિક ગામ મિશેલસ્ટાડ જવાનો મોકો મળી ગયેલો. આ મિશેલસ્ટાડ આમ તો કોઈ લાઇવ શો માટે જાણીતું નથી પણ, તે ખાસ તેની ક્રિસમસ માર્કેટ માટે જાણીતું છે. અમે તે ક્રિસમસ માર્કેટ પહેલાં જઈ ચૂક્યાં હતાં, પણ સમરમાં ત્યાં ક્રિસમસ મૂડ વિના ગામ જરાય સૂનુ નહોતું તે જોઈને મજા આવેલી. અમે કઝિન દર્શનાના ફેમિલી સાથે ગામની લટાર મારી ઊંચો ચોર ટાવર, પૌરાણિક રાટહાઉસની ઇમારત, બીજા થોડા જુનવાણી 'ફાખવર્ક' ઇમારતોવાળા રસ્તાઓ જોઈને લાગ્યું કે મિશેલસ્ટાડ ક્રિસમસ વિના પણ આરામથી આવી શકાય. જોકે ફરી ત્રણ-ચાર મહિના પછી ગયા અઠવાડિયે ત્યાં પહોંચ્યાં અને લાગ્યું કે તેની ખરી મજા તો ક્રિસમસ સમયે જ આવે છે. જાણે તે ગામનું સર્જન જ ક્રિસમસ માર્કેટ માટે થયું હોય તેવું લાગતું હતું. આમ પણ ત્યાંની ક્રિસમસ માર્કેટ છેક ચૌદમી સદીથી ચાલે છે.

આ વર્ષે આમ પણ ઇન્સ્ટાગ્રામ રીલ્સ અને રિવેન્જ ટૂરિઝમ વચ્ચે યુરોપભરની ક્રિસમસ માર્કેટો ઊભરાઈ રહી છે. એટલું જ નહીં, ઘણાં ભારતીય ટૂરિસ્ટ લેપલેન્ડમાં નોર્થ પોલ પાસે પણ પહોંચી ગયાં છે. તેમાં ઘણાં ટૂરિસ્ટ ડેસ્ટિનેશનોએ સમજીને મર્યાદિત ટિકિટો પૂરતી જ એન્ટ્રી રાખી છે, જેથી વધુ પડતી ભીડમાં કુદરતી રિસોર્સિસને નુકસાન ન પહોંચે. એવું જ કંઇક રાવેનાઝ ગોર્જ નામે જર્મન ક્રિસમાર્કેટે પણ કર્યું છે. તે ગામ નાનકડું છે, એક ભવ્ય વિયાડુક્ટ અને બ્લેક ફોરેસ્ટના પહાડો વચ્ચે એ ગામ એક વાર ફોટામાં પણ જોઈ લો પછી ભુલાય તેમ નથી, પણ ત્યાં એક સમયે ઘણાં મર્યાદિત લોકો ખીણમાં મુક્ત રીતે ફરી શકે તેમ છે. એટલે તે સમયે ક્રિસમસ માર્કેટ જવામાં મર્યાદિત ટિકિટો જ રાખવામાં આવી હતી.

પારંપરિક જર્મન ક્રિસમસ માર્કેટનું કલ્ચર એવું છે કે દરેક ગામની પોતાની નાનકડી ક્રિસમસ માર્કેટ લાગે. તે ખૂબ લોકપ્રિય હોય તો થોડી લાંબી ચાલે અને બાકી એડવેન્ટ કેલેન્ડર મુજબ મર્યાદિત દિવસો દરમ્યાન મેળો લાગે. મિશેલસ્ટાડ અમે ક્રિસમસના આગલા વીકેન્ડ પર બપોરે પહોંચ્યાં ત્યારે ખાસ ભીડ ન હતી. અમે મજાથી લટાર મારી, સ્ટોલ્સનો આનંદ લીધો, સેન્ટરમાં મ્યુઝિક સ્કૂલનાં બાળકોનું લાઈવ કોરસ પરફોર્મન્સ પણ સાંભળ્યું. હેન્ડી ક્રાટ સ્ટોલ્સ, ગ્લુ વાઇન (મસાલાવાળી ગરમ 'મલ્ડ' વાઇન), ઠેર ઠેર ગોઠવેલાં ક્રિસમસ સંબંધિત આર્ટ ઇન્સ્ટોલેશન, સ્વાદિષ્ટ શ્ટોલન કેક, બધું એક ખાતરી કરાવતું હતું, ક્રિસમસ કોઈ ધર્મને બદલે કોમર્સનો તહેવાર બની ગયો હોય તેનું મોટું કારણ એ લાગે કે ડિપ્રેસિંગ ઠંડીમાં માણસો એક્ટિવ અને સારા મૂડમાં રહી શકે. મિશેલસ્ટાડનો ક્રિસમસી મૂડ અમને ન્યુ યર સુધીના ઉત્સાહની ટિપ તો આપી જ ગયો હતો. ■

## સ્પોર્ટ્સ મૅન

યશવંત ચાડ
feedback@bombaysamachar.com

# અશ્વિનનું એરાપલ્લી પ્રસન્ના જેવું જ થયું?


### ૧૯૬૦ના દાયકામાં ઑફ-સ્પિનના શહેનશાહ પ્રસન્નાની અવગણના થઈ હતી સ્પિન-લેજન્ડ અશ્વિને પણ નિરાશ હાલતમાં ભારતીય ક્રિકેટને ગુડબાય કહેવું પડ્યું છે

બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ ભારતની પાંચ મૅચવાળી શ્રેણીની ત્રીજી ટેસ્ટ બાદ બન્ને ટીમ ૧-૧ની બરાબરીમાં હતી ત્યારે ભારતના વિશ્વવિખ્યાત ઑફ-સ્પિનર રવિચન્દ્રન અશ્વિને સિરીઝની અધવચ્ચેથી મેદાન છોડીને ટેસ્ટ-ક્રિકેટમાંથી અચાનક નિવૃત્તિ જાહેર કરીને કરોડો ક્રિકેટ રસિકો ઉપરાંત ટીમના સાથી સભ્યોને આશ્ચર્યચકિત કરી દીધા. ચોંકાવી દીધા એમ કહીશું તોપણ ખોટું નથી.

ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં ભારતીય ટીમ-મૅનેજમેન્ટમાં કૅપ્ટન રોહિત શર્મા, વાઇસ-કૅપ્ટન જસપ્રીત બુમરાહ, હેડ-કોચ ગૌતમ ગંભીર તેમ જ આ ટૂરમાં હાજરી આપનાર ભારતીય પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત આગરકરનો સમાવેશ છે. અશ્વિન ટીમનો સિનિયર ક્રિકેટર હતો. વર્તમાન ક્રિકેટમાં તેની ગણના સર્વશ્રેષ્ઠ સ્પિનર તરીકે થાય છે. ઑસ્ટ્રેલિયાનો ટોચનો ઑફ-સ્પિનર નૅથન લાયન પણ જાહેરમાં કહી ચૂક્યો છે કે અશ્વિનની બોલિંગ પરથી તેને ઘણું નવું શીખવા મળ્યું છે. એવી ધારણા છે કે આવા લેજન્ડરી ક્રિકેટર (અશ્વિન)ને સાનમાં નહીં, પરંતુ આમનેસામને જ કહી દેવાયું હશે કે અશ્વિન, હાલના પ્રવાસમાં ટીમ પસંદ કરતી વખતે રવીન્દ્ર જાડેજા અને વૉશિંગ્ટન સુંદર પછી ટીમના ત્રીજા સ્પિનર તરીકે તારી ગણતરી થશે.

બની શકે કે અશ્વિને મરજી ન હોવા છતાં હથિયાર હેઠાં મૂકી દીધાં હશે અને ઓચિંતી નિવૃત્તિ જાહેર કરી દીધી હશે. આના પરથી સીધું તારણ નીકળે છે કે વિશ્વના હાલના સર્વશ્રેષ્ઠ સ્પિનરની ભારતીય ટીમમાં કશી જ કિંમત કે તેની જરૂર નથી?

આવું જ જો છે તો પછી અશ્વિનની હાલત ૧૯૬૦-૧૯૭૦ના દાયકાના સર્વશ્રેષ્ઠ ઑફ-સ્પિનર એરાપલ્લી પ્રસન્ના જેવી જ થઈ કહેવાય.


એરાપલ્લી પ્રસન્ના


રવિચન્દ્રન અશ્વિન

ક્રિકેટના ચાહકોને યાદ હશે જ કે એરાપલ્લી પ્રસન્નાએ ૧૯૬૭-'૬૮ના ઑસ્ટ્રેલિયાના પ્રવાસ દરમ્યાન ચાર ટેસ્ટમાં પૂરી પચીસ વિકેટ ઝડપીને તરકીબોવાળી અને ચાતુર્યભરી બોલિંગથી સૌને પ્રભાવિત કર્યા હતા. તેમણે એ પ્રવાસની પચીસ વિકેટ બાદ તરત જ ન્યૂ ઝીલૅન્ડના પ્રવાસમાં ત્રણ ટેસ્ટમાં ૨૪ વિકેટ, એમ કુલ મળીને સાત ટેસ્ટમાં ૪૯ વિકેટ લીધી હતી. મન્સૂર અલી ખાન પટૌડીના સુકાનમાં રમાયેલી આ મૅચોમાં પ્રસન્નાએ કમાલ કરી નાખી હતી.

ઑસ્ટ્રેલિયા ખાતેની સિરીઝમાં ભારત ૦-૪થી હારી ગયું હતું, પરંતુ પ્રસન્નાની પચીસ વિકેટ સિરીઝના તમામ બોલર્સમાં હાઇએસ્ટ હતી. ભારતના જ લેફ્ટ-આર્મ પેસ બોલર રુસી સુરતી ૧૫ વિકેટ સાથે બીજા નંબરે હતા અને ઑસ્ટ્રેલિયાના લેગ-સ્પિનર ૧૩ વિકેટ સાથે છેક ત્રીજા નંબરે હતા. ભારત ત્યાર બાદ ન્યૂ ઝીલૅન્ડમાં ૩-૧થી ટેસ્ટ-શ્રેણી જીતી ગયું હતું અને એ વિજયમાં હાઇએસ્ટ ૨૪ વિકેટનું સૌથી મોટું યોગદાન પ્રસન્નાનું જ હતું. ભારતના જ મહાન લેફ્ટ-આર્મ સ્પિનર બિશનસિંહ બેદી ૧૬ વિકેટ સાથે બીજા નંબરે હતા અને કિવી ફાસ્ટ બોલર ડિક મૉટ્ઝ ૧૫ વિકેટ સાથે છેક ત્રીજા સ્થાને હતા.

પ્રસન્નાએ ઉપરાઉપરી બે મુશ્કેલ પ્રવાસમાં અસાધારણ પર્ફોર્મ કર્યું હતું. જોકે ૧૯૭૧માં અજિત વાડેકર સુકાની તરીકે નીમવામાં આવ્યા હતા, જ્યારે શ્રીનિવાસ વેન્કટરાઘવનને ઉપ-સુકાનીપદ સોંપાયું હતું. ભારતીય ટીમનું સંતુલન જાળવવાનો આશય હોવાનું ત્યારે કહેવાયું હતું. વાડેકરને ટીમની બૅટિંગ પર પૂરો ભરોસો નહોતો.

વેન્કટરાઘવન ઉપસુકાની હોવા ઉપરાંત કાબેલ ઑફ-સ્પિનર હતા અને ઉત્કૃષ્ટ ફીલ્ડિંગ પણ કરતા હતા તેથી વિશ્વના શ્રેષ્ઠ ઑફ-સ્પિનર પ્રસન્નાનો ભોગ લેવાયો હતો અને હાલમાં એનું પુનરાવર્તન અશ્વિન સાથે થતું જોવા મળ્યું એ દુઃખદ છે.

પ્રસન્નાની બોલિંગની વિશેષતાની વાત કરીએ તો તેઓ અફલાતૂન ફ્લાઇટમાં ઍક્શન બદલ્યા વગર ઝડપ અને લેન્ગ્થમાં ફેરફાર કરી બૅટરને થાપ દેતા એ ૧૯૬૯માં બ્રેબૉર્ન સ્ટેડિયમમાં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં મેં નજરે જોયું હતું. એ પ્રસંગે મને ઇયાન ચૅપલ સાથે કૉમેન્ટરી બૉક્સમાં વાતચીત કરવાની તક મળી ત્યારે ઇયાને મને કહ્યું હતું કે તેમણે પ્રસન્ના જેવો ટ્રિકી 'ચતુર' સ્પિનર જોયો નથી.

પ્રસન્નાના બૉલમાં ત્યારે ઇયાન ચૅપલ ગજબ રીતે સ્ટમ્પ-આઉટ થયા હતા. પ્રસન્નાના ફ્લાઇટેડ ઑફ સ્પિનમાં બૉલ તેમને દેખાયો જ નહોતો. જોકે બૉલ સીધો વિકેટકીપર ફરોખ એન્જિનિયરના હાથમાં ગયો અને ઇયાન સ્ટમ્પ-આઉટ થતાં સીધા બૅક ટુ ધ પૅવિલિયન થયા હતા.


પ્રસન્ના વિશે અહીં એક ઉલ્લેખ કરવો અસ્થાને નહીં લેખાય. વર્ષો પહેલાં 'હીરો કપ' વખતે ચંડીગઢ ઍરપૉર્ટ પર ઓચિંતી મુલાકાત થઈ ત્યારે મેં તેમને પૂછ્યું કે 'વિકેટો લેવાની તમારી તરકીબ શું હતી અને કૅપ્ટન પટૌડી તમને શું કહેતા હતા?' એવું પૂછ્યું ત્યારે જવાબમાં ફ્લાઇટેડ બૉલિંગમાં માસ્ટરી ધરાવતા પ્રસન્નાએ મને કહ્યું, '૫૦ રન આપી દીધા હોય એમ છતાં પટૌડી મને કંઈ જ નહોતા કહેતા અને મને ગમતી ફીલ્ડિંગ પણ ગોઠવી આપતા હતા. કારણકે પટૌડી એવું માનતા હતા કે પ્રસન્ના ૭૦ રન આપશે ત્યાં સુધીમાં તેણે ત્રણ, ચાર કે પાંચ વિકેટ ઉપાડી જ લીધી હશે. તેઓ માનતા કે બૅટર મારી-મારીને કેટલા શૉટ મારશે? છેવટે કૅચ આપી જ દેશે યા બીજી રીતે આઉટ થઈ જશે.'

ફરી અશ્વિનની વાત પર આવીએ તો તેની સાથે ટીમમાં સદગૃહસ્થ જેવો વ્યવહાર થયો હશે એટલે કે યથાયોગ્ય મહત્ત્વ નહીં આપવામાં આવ્યું હોય એમ જણાય છે અને કદાચ એટલે જ તેણે ટીમ ઇન્ડિયાને ઓચિંતા જ બાય-બાય કરી કરી દીધી હશે. ખરેખર તો ટીમમાં અશ્વિનની ગણના સ્પેશિયાલિસ્ટ તરીકે કરવી જોઈતી હતી, કારણકે અશ્વિન સારી બૅટિંગ પણ કરી જાણે છે.

રવિચન્દ્રન અશ્વિન, તમારો ખૂબ ખૂબ આભાર ક્રિકેટમાં અમને ભરપૂર આનંદ આપવા બદલ. અશ્વિન તારા ભવિષ્ય માટે અમારા સર્વેની શુભેચ્છા છે. ■

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com



# રસ્તા વચ્ચે રસ્તો... ભૂલેલો રસ્તો

આજકાલ રસ્તા પર ટ્રકો એટલી બધી છે કે કાર-ટૅક્સીઓને જગ્યા જ નથી મળતી. ખરેખર તો ટૅક્સીઓ એટલી બધી છે કે કારવાળાઓ પરેશાન છે. આ બધાને કારણે ઑટો રિક્ષા જેવાં ત્રણ પૈડાંવાળાં વાહનો, જે ગમે તે ભોગે ઝડપથી ભાગવા જ માગે છે, એ પણ આગળ જઈ નથી શકતાં. જો રસ્તાઓને ગટર સમજીને આકાશમાં ઊંચાઈ પર રાખેલા કૅમેરાથી જોવામાં આવે તો બધો જ ટ્રાફિક, કચરાના ઢગલા જેવો ધીમે ધીમે સડક પર વહેતો હોય એવું દેખાશે. આ કચરા જેવો ટ્રાફિક દરેક જગ્યાએ, દરેક સિગ્નલ પર, દરેક ચોક પર ઘણીબધી વાર ઊભો રહે અને પછી ઝડપથી થોડી વાર આગળ ભાગવા માંડે. ટ્રક, ટૅક્સી, કાર અને થ્રી વ્હીલર અને ટુ વ્હીલરવાળાઓ.. આહા હા.. આટઆટલા ટ્રાફિકની વચ્ચે જે લોકો પોતાની મોટરસાઈકલ, સ્કૂટર અથવા સ્કૂટી, સાપોલિયાની જેમ સડસડાટ કાઢીને લઈ જાય છે એ લોકો તો રાષ્ટ્રપતિ એવૉર્ડ મેળવવાના અધિકારી છે. જેમ એક હોકીનો ખેલાડી, બીજા ખેલાડીઓને ચકમો આપી, આમ તેમ છટકી છટકીને સરકીને ગોલ પોસ્ટ તરફ આગળ વધે એવી જ રીતે આ ટુ વ્હીલરવાળા સ્માર્ટલી વાંકાચૂકા નાગિનની ચાલ જેમ આગળ વધે રાખે છે. ઘણી વાર એ લોકો એકલા નથી હોતા. એમની પત્ની કે પ્રેમિકા, પ્રેમથી ચાલકની કમર પર હાથ વીંટાળી, પીઠ પર માથું ટેકવી એકદમ વળગીચોંટીને બેઠી હોય છે. ટુ વ્હિલરલવાળા કદાચ આ જ સ્પર્શના આનંદ માટે જ પોતાની પ્રેમિકા કે પત્નીને સ્કૂટરની પાછળ બેસાડીને લઈ જતા હશે. જુવાનિયાઓ માટે તો આ આખા પ્રવાસનો લક્ષ આ સ્પર્શ જ હોય છે. જે રીતે વાર્તાલેખનમાં ક્યારેક ક્યારેક વાર્તાની શૈલી જ લક્ષ્ય બની જતી હોય છે ને વાર્તા બાજુમાં રહી જાય છે એવું જ આ સ્કૂટીસવાર કપલ્સનું હોય છે. આમ આ રીતે સ્કૂટરવાળાઓ પેટ્રોલ ખર્ચ કરીને પ્રેમસ્પર્શ પામી શકે છે. ભલેને કોઈક તો કંઈક તો મજા પામે, આ ટ્રાફિકમાં!

ચલો છોડો, પ્રેમરસને નાખો ધૂળમાં! ખરી મુશ્કેલી તો પોતાના વાહનને ઘણાં બધાં વાહનોના જંગલની વચ્ચેથી બહાર કાઢવાની છે. આ તો હજીય સ્કૂટર કે મોટરસાઈકલની વાત છે. જરા સાઈકલવાળાઓની મુશ્કેલીઓની કલ્પના કરી જુઓ! એની હાલત તો કદાવર પ્રાણીઓની વચ્ચે કીડી જેવી હોય છે. સાઈકલ તો જાણે ટ્રાફિકમાં ખાંચાઓ શોધીને સોયની જેમ પસાર થઈ જાય છે. નરી આંખે ના દેખાય કે દેખાય તો નવાઈ પમાડે એવી રીતે સરકીને જાય અને બીજી બાજુ રસ્તાઓ પર ખૂબ ખરાબ ટ્રાફિક જામ થયે જ રાખે છે.

એક રીતે આપણો ભારત દેશ ખરેખર જોવાલાયક દેશ છે, ના, ના ટૂરિઝમની દૃષ્ટિએ નહીં, પણ એક એવો દેશ કે જે બહુ ઝડપથી આગળ વધી રહ્યો છે. હા, ખાલી આ ટ્રાફિકને કારણે રસ્તો આગળ વધતો નથી. એ અલગ વાત છે. તમને જાણીને સુખદ આશ્ચર્ય થશે કે આપણા દેશની પ્રગતિ કરવાના ચક્કરમાં, આ વર્ષે ટુ વ્હીલરનું ઉત્પાદન ખૂબ વધ્યું છે. મતલબ ચાર પૈડાંવાળી ગાડીનું તો મારૂતિ કે બીજી સસ્તી દેશી ગાડીઓની કૃપાથી ઉત્પાદન વધી જ રહ્યું છે, પણ બે પૈડાંવાળાં વાહનોનું ઉત્પાદન તો બાળવાર્તાની કોઈ રાજકુમારીની જેમ 'દિવસે ના વધે એટલું રાતે' વધી રહ્યું છે.

મને એ જ સમજાતું નથી કે સ્કૂટર વગેરે હાંકવાવાળાને પ્રેમિકાઓ ગમે એટલો કોમળ સ્પર્શ પાછલી સીટથી કરે અને આગળ વધવાની પ્રેમાળ પ્રેરણા આપે, પણ પેલો નીકળશે ક્યાંથી? જગ્યા જ ક્યાં છે? ટ્રક, ટૅક્સી, કાર, સ્ટેશન વેગન અને વિદેશી કારના હરતા ફરતા મ્યુઝિયમમાંથી, જેનું આયોજન સવારથી રાત સુધી ભારતીય રસ્તાઓ પર ચાલુ છે, કોઈ નીકળશે કેવી રીતે? મોટી કંપનીમાં નોકરી હશે તો એ એને વાહન આપીને છૂટી જશે, પેલો ખૂબ જોર લગાડીને વાહન ચાલુ પણ કરી લેશે, પત્ની કે પ્રેમિકા એમનું કોમળ યોગદાન આપવા પાછલી સીટ પર ચઢી જશે, પણ પછી શું થશે? પેલો પ્રેમી પ્રવાસી જઈ જઈને જશે ક્યાં સુધી? ચારે બાજુ સાંકડા, ડિવાઇડરો અને ડામર-કાંકરાવાળો રસ્તો છે, જેમાં થોડી પણ જગ્યા બચી નથી, બચી છે એમાં બધાએ પોતાની કાર ફસાવી દીધી છે અને હા, બીજા એક સમાચાર તમે નથી સાંભળ્યા? લો સાંભળાવું!

રોડરોલરના ઉત્પાદનમાં ઘટાડો થયો છે, કારણ કે આટલાં બધાં વાહનોની ભીડ વચ્ચે રોડ રોલર ઊભું ક્યાં રહેશે અને ઊભાં ઊભાં કરશે પણ શું?

બિચારો પાતળો નાજુક લાચાર રસ્તો આમને આમ દેશના વજનથી વરસોથી - દાયકાઓથી દબાતો જ રહ્યો છે. ■

## વિશેષ

વિવેક કુમાર
feedback@bombaysamachar.com

# યુવાનોમાં વધી રહ્યો છે બોડી બિલ્ડિંગનો ક્રેઝ

આજકાલ યુવાનોમાં ફિટ રહેવાનો ક્રેઝ છે, પરંતુ ફિટ રહેવાની ઈચ્છા કરતાં ફિટ રહેવાની ફેશન વધુ છે. આ જ કારણ છે કે તેઓએ જિમ જવાનું શરૂ કર્યું, તેને હજી એક મહિનો પણ ન થયો હોય અને તેઓ ઇચ્છે કે તેમના ડોલે શોલે દેખાય. એનું પરિણામ એ આવે છે કે તેઓ ઝડપથી બોડી બનાવવાના ચક્કરમાં જોખમી પ્રોટીન સપ્લિમેન્ટ્સના ચક્રવ્યુહમાં ફસાઈ જાય છે, જેના કારણે ઘણાં નુકસાન થાય છે. પછી તે સોશિયલ મીડિયા હોય કે પરંપરાગત મીડિયા, દરેક જગ્યાએ આ કૃત્રિમ પ્રોટીનના જોખમ વિશે ઘણી ચેતવણીઓ આપવામાં આવે છે. લેખો વારંવાર પ્રકાશિત થાય છે. ઘણા લોકો સોશિયલ મીડિયા પર પોતાના ખરાબ અંગત અનુભવો પણ પોસ્ટ કરતા રહે છે, આમ છતાં યુવાનોમાં પ્રોટીન સપ્લીમેન્ટ્સ પ્રત્યે આટલું આકર્ષણ કેમ છે? ચાલો તેને સ્ટેપ બાય સ્ટેપ સમજીએ.


### મસલ્સનો મોહ



યુવાનોમાં ફિટ રહેવાનો અને બોડી બિલ્ડિંગનો ક્રેઝ ખૂબ જ વધી ગયો છે. પરંતુ તેમની હથેળીમાં સરસવ ઉગાડવાની આદત બદલાતી નથી. આનો મતલબ એ છે કે યુવાઓ ફિટ રહેવા માટે જિમ જોઇન કરે છે, એક કે બે અઠવાડિયામાં ઇચ્છે છે કે તેમના મસલ્સ દેખાય. આટલા જલદી મસલ્સ થોડી બને. તેથી તેઓ પ્રોટીન સપ્લિમેન્ટ્સની અંધારી ગલીઓ પર ચાલ્યા જાય છે, જ્યાં આકર્ષિત કરવા માટે ડોલે શોલે તો દેખાય છે, પરંતુ ટૂંક સમયમાં આપણને ખ્યાલ આવે છે કે સ્વસ્થ દેખાવાની આપણી શોધમાં આપણે આપણી જાતને અસ્વસ્થતાના વર્તુળમાં કેદ કરી લીધી છે. વાસ્તવમાં, યુવાનોમાં આ વ્યસન પાછળનું મુખ્ય કારણ જિમમાં પોસ્ટ કરાયેલા ટ્રેનર્સની તસવીરો છે, એનાં જેવા દરેક યુવક રાતોરાત બનવા માંગે છે.

### ટ્રેનર્સનો ફાયદો

જો યુવાનો સિન્થેટિક પ્રોટીનની ચુંગાલમાં ફસાઈ રહ્યા છે, તો તેમાં આવા ટ્રેનર્સની પણ મોટી ભૂમિકા છે, જેઓ જિમમાં કામ કરતી વખતે, રાતોરાત પૈસા કમાવવા માટે યુવાનોને પ્રોટીન સપ્લિમેન્ટ્સનું વ્યસની બનાવી દે છે. આ માટે તેઓ એમ કહીને સંતુષ્ટ થાય છે કે તમારો રોજનો ખોરાક ઘણો નબળો છે. જો તેની સાથે પ્રોટીન સપ્લીમેન્ટ્સ લેવામાં નહીં આવે તો બોડી નહીં બને અને અનેક પ્રકારની સમસ્યાઓ ઊભી થશે. કહેવાની જરૂર નથી કે જે યુવાનો હાલમાં જ બોડી બનાવવાનું સપનું લઈને જિમમાં જોડાયા છે, તેઓ તરત જ તેમની ચુંગાલમાં ફસાઈ જાય છે. સોશિયલ



મીડિયા પણ પરફેક્ટ બોડીના નામે યુવાનોને પ્રોટીન સપ્લિમેન્ટ્સની ચુંગાલમાં ફસાવે છે. એવા યુવાનો જે ખરેખર ઇચ્છે છે કે તેઓ ઝડપથી બોડી બનાવી લે, તેઓ પણ તેમની આ ઈચ્છાને કારણે પ્રોટીન સપ્લિમેન્ટના દલદલમાં ફસાઈ જાય છે.

### પ્રોટીન સપ્લિમેન્ટ્સના ગેરફાયદા




ડોકટરો પ્રોટીન સપ્લિમેન્ટ્સના સેંકડો ગેરફાયદા દર્શાવે છે. જો કે, કેટલાક પ્રોટીન સપ્લિમેન્ટ્સ એવા છે, જેનો યોગ્ય સમયે અને યોગ્ય માત્રામાં ઉપયોગ કરવામાં આવે તો તે ફાયદાકારક બની શકે છે. પરંતુ નિષ્ણાતની સલાહ વિના તેનો વધુ પડતો ઉપયોગ લાભ કરતાં નુકસાન વધુ પહોંચાડે છે. ઉદાહરણ તરીકે, પ્રોટીન સપ્લિમેન્ટ્સ કિડનીની સમસ્યાઓનું કારણ બને છે. કારણ કે સામાન્ય રીતે કિડની અકુદરતી પ્રોટીનને પ્રોસેસ કરવામાં અસમર્થ હોય છે. જ્યારે તેને વારંવાર આવું કરવું પડે છે ત્યારે તેના પર દબાણ વધી જાય છે અને કિડનીમાં પથરી કે ક્રોનિક કિડની ડિસીઝ સર્જાય છે. ખાસ કરીને જેઓ પહેલાથી જ કિડનીની કોઈ સમસ્યાથી પીડિત છે, તેઓએ આ સપ્લિમેન્ટ્સ લેવા વિશે વિચારવું પણ ન જોઈએ. જો કમનસીબે તમે એવા મૂર્ખ લોકોમાંના એક છો કે જેમણે રાતોરાત પોતાને બોડી બિલ્ડર જેવો દેખાડવા માટે પ્રોટીન સપ્લિમેન્ટ્સનો ઉપયોગ કર્યો છે અને તમને પેશાબમાં બળતરા થઈ શકે છે. જો શરીરમાં થાક અને સોજો વધી રહ્યો હોય તો તેનું સેવન તરત જ બંધ કરી દો. આ પ્રોટીન સપ્લિમેન્ટ્સનું પરિણામ છે.

### લિવરને નુકસાન થવાનું જોખમ

જે લોકો વિચાર્યા વિના શરીર બનાવવા માટે પ્રોટીન સપ્લિમેન્ટ્સનો આડેધડ ઉપયોગ કરે છે, તેમણે એ જાણવું જરૂરી છે કે તેનાથી તેમના લિવરને નુકસાન થઈ શકે છે. હકીકતમાં, ઘણા પ્રોટીન સપ્લિમેન્ટ્સમાં સ્ટેરોઇડ્સ અથવા અન્ય સિન્થેટિક એડિટિવ્સ હોય છે જે લિવરને ખૂબ નુકસાન પહોંચાડે છે. જ્યારે આપણે કોઈનું સાંભળ્યા વિના સતત કૃત્રિમ પ્રોટીનનું સેવન કરીએ છીએ, ત્યારે આપણે હંમેશ માટે કોઈને કોઈ સ્વાસ્થ્ય સંબંધિત જોખમમાં અટવાઈ જઈએ છીએ. જો પ્રોટીન સપ્લિમેન્ટ્સ લીધા પછી તમને પેટમાં દુખાવો, ત્વચા અને આંખોમાં પીળાશ અને પાચન સંબંધી સમસ્યાઓ થતી હોય, તો તમારે કોઈપણ વધુ ચેતવણી વિના તરત જ પ્રોટીન સપ્લિમેન્ટ્સનો ઉપયોગ કરવાનું બંધ કરી દેવું જોઈએ. કારણ કે તેના એક જ નહીં પરંતુ અનેક જીવલેણ નુકસાન છે.

કેટલાક પ્રોટીન પાઉડરમાં હોર્મોન બુસ્ટિંગ એજન્ટ હોય છે. આના સેવનથી યુવાનોમાં હોર્મોનલ અસંતુલન ઉત્પન્ન થાય છે. તેનાથી બચવાનો એકમાત્ર ઉપાય એ છે કે તરત જ પ્રોટીન સપ્લિમેન્ટ્સ લેવાનું બંધ કરો.

યાદ રાખો, જો તમે લાંબા સમય સુધી ઉચ્ચ પ્રોટીન આહારનું પાલન કરો છો, તો તેમાંથી છુટકારો મેળવવા માટે, ઉચ્ચ પ્રોટીનનો ઉપયોગ કરશો નહીં.

ઘણા સપ્લિમેન્ટ્સમાં હાજર લેક્ટોઝ અને આર્ટિફિશિયલ ફ્લેવર ગેસ, અપચો અને ડાયેરિયા જેવી સમસ્યાઓનું કારણ બને છે.

### યુવાનોમાં આનો મોહ કેમ?

યુવાનોમાં પ્રોટીન સપ્લિમેન્ટ્સની ઈચ્છા રાતોરાત વધી ગઈ છે કારણ કે તેઓ જિમમાં જવાના બીજા જ દિવસે બોડી બિલ્ડર જેવા દેખાવા માંગે છે. તેનું એક કારણ એ છે કે યુવાનોને ઘણીવાર સપ્લિમેન્ટ્સના જોખમો વિશે કોઈ માહિતી હોતી નથી અને સૌથી મોટું કારણ એ છે કે લલચાવનારી જાહેરાતોને કારણે તેઓ કંઈપણ સાંભળ્યા વિના તેનો શિકાર બની જાય છે.

### બચવા માટે શું કરવું?

પ્રમાણિત ન્યુટ્રિશનિસ્ટ અથવા ડોક્ટરની સલાહ લો કે શું આ તેમના માટે ફાયદાકારક છે?

તમારા ખોરાકમાં તમારી આસપાસ શક્ય તેટલી ઓર્ગેનિક વસ્તુઓનો ઉપયોગ કરો.

કઠોળ, ચિકન, ઈંડા, સોયાબીન અને પનીર જેવા ઉત્પાદનો પ્રોટીનથી ભરપૂર હોય છે, તેથી આના પર જ ભરોસો રાખો. ઉપરાંત, જો તમે ક્યારેય તેનો ઉપયોગ કર્યો છે, તો તેનો ઉપયોગ ખૂબ જ સમજી વિચારીને કરો અને તમારા શરીરની જરૂરિયાતો અનુસાર કરો, નહીં તો મુશ્કેલી ઊભી થઈ શકે છે. ■

ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# શું ઈચ્છામૃત્યુ હોવું જોઈએ?


## અનેક શારીરિક વ્યાધિ-ઉપાધિ સહન કરનારા પોલ એલેક્ઝાન્ડરની જીવનકથા શું સૂચવે છે?

દુઃખના બે પ્રકાર છે. સાચું દુઃખ અને ખોટું, પેટ ચોળીને ઊભી કરેલી શૂળ જેવું દુઃખ. આપણા મોટા ભાગનાં દુઃખ ક્યાં તો અમુક સમય પૂરતી સીમિત અસર ધરાવનારા હોય છે યા તો ખોટાં હોય છે. કોઈ સ્વજન ગુમાવવાનું દુઃખ પણ સમય જતાં હળવું થાય છે. બીજી તરફ, દુનિયામાં એવાય કેટલાક માનવીઓ વસે છે, જે લલાટે શાશ્વત દુઃખ લખાવીને આવ્યા હોય. આવા માનવીઓમાં અસહ્ય શારીરિક ખોડ વેઠી રહેલાઓનો સમાવેશ થાય. એમને જોઈને અચૂક એવો વિચાર આવે કે આવું જીવન જીવવા કરતાં મોત શું ખોટું?

આવો જ એક આદમી હતો પોલ એલેક્ઝાન્ડર.

૩૦ જાન્યુઆરી, ૧૯૪૬ને દિવસે ટેક્સાસના ડલાસ ખાતે જન્મેલો પોલ એલેક્ઝાન્ડર ૧૧ માર્ચ, ૨૦૨૪ના દિવસે ગુજરી ગયો. ૭૮ વર્ષ જીવવું એ કંઈ એવી મોટી વાત નથી, પણ લગભગ આઠ દાયકા જેટલી લાંબી જિંદગીનો મોટો હિસ્સો જો લોખંડની ટ્યુબમાં સૂતાં સૂતાં જ વિતાવવાનો હોય તો?

પોલનું મૃત્યુ વિજ્ઞાન જગત માટે સાડા સાત દાયકા લાંબા સંઘર્ષનું અંતિમ સોપાન હશે. ટેક્નોલૉજીના સથવારે આ માણસે સાત દાયકાથી વધુ સમય સુધી મોતને હંફાવ્યું!



આયર્ન ટ્યૂબ



પોલ એલેક્ઝાન્ડર.

પોલ જન્મથી તો તંદુરસ્ત જ હતો, પણ ૧૯૫૦ના દાયકા દરમિયાન અમેરિકામાં પોલિયોનો રોગચાળો ફાટી નીકળ્યો. આજે તો બાળકોને નિયમિત ધોરણે પોલિયો ડોઝ પિવડાવીને આ મહામારી કાબૂ કરી લેવામાં આવી છે, પણ એક સમય હતો જ્યારે વિશ્વમાં દર વર્ષે લાખો બાળકો પોલિયોની અસર હેઠળ હાથ-પગની વિકૃતિનો ભોગ બનતાં અને અપંગ તરીકે બાકીનું જીવન વિતાવતાં. ૫૦ના દાયકામાં અમેરિકામાં જે પોલિયોનો રોગચાળો ફાટી નીકળ્યો એ વળી ફેફસાંનેય ભારે અસર પહોંચાડનારો હતો. પોલિયોની બીમારી એ વખતે કેવી ભયંકર હશે એનો અંદાજ આ આંકડાઓ પરથી આવશે.

૧૯૧૬ આસપાસ ન્યૂ યૉર્ક શહેરમાં ફાટી નીકળેલા પોલિયોમાં બે હજાર લોકો હોમાઈ ગયેલા. જોકે, પોલિયોનો સૌથી ખરાબ હુમલો ૧૯૫૨ની આજુબાજુ થયો, જ્યારે ત્રણ હજાર જેટલા અમેરિકનનો ભોગ લેવાયો. પોલિયો થવા છતાં જે બચી ગયા, એમનું બાકીનું જીવન જાતજાતની બીમારીઓ વેઠવામાં વીત્યું, કેમ કે પોલિયોએ એમનાં ફેફસાંને અતિશય નબળાં કરી મૂકેલાં. પોલ એલેક્ઝાન્ડરનાં ફેફસાંય પોલિયોની બીમારીમાં જવાબ દઈ બેઠાં હતાં.

અમેરિકામાં પોલિયો ફાટી નીકળ્યો ત્યારે પોલ માત્ર છ વર્ષનો હતો. પોલ સહિતનાં સેંકડો બાળકોને ડલાસની પાર્કલૅન્ડ હૉસ્પિટલ ખાતે ભરતી કરવામાં આવ્યાં. આ પૈકીનાં મોટા ભાગનાં બાળકોને ‘આયર્ન લંગ’ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલને પણ શ્વાસ લેવામાં પડતી તકલીફ વધી રહી હતી. આથી ડૉક્ટર્સે એને પણ આયર્ન લંગ વોર્ડમાં શિફ્ટ કરવાની સૂચના આપી.

પોલિયોની બીમારીનો સૌથી ગંભીર તબક્કો એવો આવે છે, જેમાં પેશન્ટનું શરીર, એના સ્નાયુઓ સુદ્ધાં શ્વાસોચ્છ્વાસ જેવી પ્રક્રિયા કરવા જેટલુંય સક્ષમ નથી રહેતું. આ વખતે પેશન્ટને કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા પડે ત્યારે વેન્ટિલેટર કામચલાઉ વ્યવસ્થા ગણાય, પણ પેશન્ટને આવી હાલતમાં વર્ષો સુધી જીવાડવો હોય તો બીજી વૈકલ્પિક વ્યવસ્થા વિચારવી પડે, જેમાં પેશન્ટના કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ પણ ચાલુ રહે અને સાથે જ તે બીજા નોર્મલ માણસોની જેમ વાતચીત પણ કરી શકે. આ વૈકલ્પિક વ્યવસ્થા એટલે ‘આયર્ન લંગ’.

આ આયર્ન લંગ એટલે લોખંડનાં બનેલાં ફેફસાં. સૌથી પહેલાં હાવર્ડ યુનિવર્સિટીના ફિલિપ ડ્રિંકર, લુઈસ અગાસીઝ શો અને જેમ્સ વિલ્સન દ્વારા લોખંડનો ઉપયોગ કરીને કૃત્રિમ ફેફસાં બનાવવામાં આવ્યાં, જે ‘આયર્ન લંગ’ તરીકે ઓળખાયાં. ૧૨ ઓક્ટોબર, ૧૯૨૮ના રોજ ચિલ્ડ્રન્સ હૉસ્પિટલ, બોસ્ટન ખાતે તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. એ સફળ નીવડતાં પોલિયોના દર્દીઓ માટે મોટા પાયે આયર્ન લંગ વાપરવાની શરૂઆત થઈ. આકારની દૃષ્ટિએ આ કૃત્રિમ ફેફસાં લોખંડની નળાકાર ટ્યુબ જેવાં હતાં. આ ટ્યુબની સાઈઝ એવડી રહેતી, કે એમાં આખો મનુષ્ય સમાઈ જાય. બીજી રીતે સમજીએ તો આયર્ન લંગ એટલે એવી ખાસ પ્રકારની ટ્યુબ, જેની અંદર માણસને સૂવા માટેની વ્યવસ્થા હોય. (આજે જેમ MRI ટેસ્ટ થાય છે તે રીતે) પેશન્ટ આ ટ્યુબમાં ઘૂસે અને ચત્તો સૂઈ જાય, એટલે ટ્યુબનું ઢાંકણ લોક કરી દેવાતું. રચના એવી હતી કે પેશન્ટનું માથું ટ્યુબની બહાર રહે અને બાકીનું આખું શરીર ટ્યુબની અંદર. ટ્યુબની અંદરની હવાના દબાણમાં વધઘટ કરીને પેશન્ટનાં ફેફસાંનું પમ્પિંગ ચાલુ રાખી શકાય.

આયર્ન લંગને ઇલેક્ટ્રિકલ મોટર દ્વારા પાવર આપવામાં આવતો. આ મોટર બે વેક્યુમ ક્લિનર્સ સાથે જોડાયેલી રહેતી, જેના વડે મશીન એટલે કે પેશન્ટ જેમાં સૂતો હોય એ નળાકાર ટ્યુબની અંદરનું પ્રેશર જરૂરિયાત મુજબ વધારી કે ઘટાડી શકાતું. ટ્યુબની અંદર સતત વધતા-ઘટતા ઍર પ્રેશરને કારણે, ટ્યુબમાં સૂતેલા પેશન્ટનાં ફેફસાં પણ સંકોચન અને વિસ્તરણ અનુભવતા, જેને પરિણામે શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા ચાલુ રહેતી.

નાનકડા પોલ એલેક્ઝાન્ડરને લગભગ અઢાર મહિનાની સારવાર બાદ હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યો, પણ એ ક્યારેય કુદરતી રીતે શ્વાસોચ્છ્વાસ નહિ લઈ શકે એ નક્કી જ હતું એટલે માતા-પિતાએ ઘરે જ આયર્ન લંગ વસાવી લીધાં. પછી તો પોલ પોતાની ફિઝિયોથેરાપિસ્ટની મદદથી Glossopharyngeal breathing ટેક્નિક શીખ્યો, જેથી કાયમ ધાતુની ટ્યુબમાં સૂઈ રહેવાને બદલે વચ્ચે વચ્ચે થોડો બહાર પણ આવી શકાય. મજબૂત મનોબળના સહારે એણે ટેક્સાસ યુનિવર્સિટીમાંથી વકીલાતને લગતી ડિગ્રી પણ લીધી અને બાર ઍસોસિયેશનનો સભ્ય પણ બન્યો. ૨૦૨૦માં એણે પોતાની આત્મકથા પ્રગટ કરી.

લોકોને હતું કે પોલનું નાજુક શરીર એને ગમે ત્યારે દગો દઈ દેશે. સામાન્ય શરદી-ઉધરસનો વાવર હોય ત્યારેય પોલના મિત્રો અને ફૅમિલીને કેવો ઉચાટ રહેતો હશે! જીવનના સાડા સાત દાયકા સુધી આવા ઉચાટમાં જીવનારા પરિવાર અને મિત્રોને પણ આવી ધીરજ માટે ધન્યવાદ આપવા ઘટે...

આખરે આ વર્ષે માર્ચ મહિનામાં કેટલીક શારીરિક સમસ્યાઓને કારણે પોલનું મૃત્યુ થયું, એ સાથે જ વિજ્ઞાનના ઇતિહાસમાં ‘આયર્ન લંગ’ના પ્રકરણ ઉપર પૂર્ણવિરામ મુકાઈ ગયું, કેમ કે પોલ એલેક્ઝાન્ડર આયર્ન લંગ વાપરનાર આખરી વ્યક્તિ હતો. વિશ્વના મોટા ભાગના દેશોએ પોલિયોની બીમારી નાબૂદ કરી છે એટલે મોટે ભાગે ભવિષ્યમાં પણ હવે કોઈએ આયર્ન લંગમાં સૂતાં સૂતાં જિંદગી વિતાવવી નહિ પડે.

હવે અહીં પ્રશ્ન એય ખરો કે આ રીતે જીવવા કરતાં મૃત્યુ સારું નહિ? સતત શારીરિક સમસ્યાઓ સાથે જીવનારા પોલ એલેક્ઝાન્ડર જેવા કેટલાય લોકો પરાવલંબી જીવન જીવે રાખે, પણ એનો અર્થ શું? એ જીવનમાં આનંદ શું? ગમે એવી શારીરિક તકલીફ વચ્ચેય હિમ્મત ન હારવી જોઈએ એ વાત એક આદર્શ તરીકે સારી-સાચી છે, પરંતુ જ્યારે સમસ્યા બહુ અઘરી હોય અને કોઈ ઉકેલ ન જ હોય ત્યારે માત્ર ‘સાયન્ટિફિક રેકોર્ડ’ ખાતર સતત પીડાતા રહેવાનો, તકલીફો વેઠતાં રહેવાનો શું અર્થ?!

આને કારણે એક પ્રશ્ન સમયાંતરે પુછાતો રહે છે, ‘શું ઇચ્છામૃત્યુ જેવું કશુંક હોવું જોઈએ કે નહીં?’ ■

સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# ‘બિયોન્ડ ધ એજ’ પ્રવાસી કેન્દ્ર - સર્ગે - પોર્ટુગલઃ કલ્પનાની રોમાંચક દુનિયા





સ્થપતિ અટેલીએર મોનોલીટ દ્વારા પોર્ટુગલના દુનિયાનો છેડો ગણાતાં સ્થાન માટેની આ કાલ્પનિક રચના છે. સ્થાપત્યના ક્ષેત્રમાં આ પ્રકારના પ્રયોગોનું મહત્વ વધતું જાય છે. અહીં નથી હોતી સ્થાન નિર્ધારણમાં મર્યાદા કે નથી હોતો અંદાજિત ખર્ચ માટે કોઈ બંધન. અહીં ઉપયોગકર્તા - વપરાશકર્તા પણ કાલ્પનિક હોય છે. આ પ્રકારની રચના કેટલાં સમયગાળામાં તૈયાર થઈ શકે તે માટે પણ કોઈ રુપરેખા નથી હોતી. આ પ્રકારની રચના એક પૂર્વ ધારણા સમાન જ હોય છે કે જ્યાં તેની તકનીકી બનાવટ બાબતની ચોકસાઈ માટે પણ શંકા રહેતી હોય. આ પ્રકારની રચના એવા સ્થાને સૂચિત કરવામાં આવે છે કે જ્યાં કાયદા કાનૂન પણ પ્રમાણમાં ઓછાં લાગુ પડે. નથી અહીં હોતી કોઈ ગ્રાહકની જરુરિયાત માટેની રુપરેખા કે નથી હોતો તેની પસંદગીનો અગ્રતાક્રમ. અહીં બધું જ સ્થપતિની ઈચ્છા તથા કલ્પના શક્તિ પ્રમાણે નિર્ધારિત થાય છે. અહીં બધું જ સંભવ છે. આ પ્રકારનાં પ્રયત્ન પાછળનો મૂળ હેતુ સ્થાપત્યના ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાતા જે તે સોફ્ટવેરના પ્રચાર માટે વધુ હોય છે. સ્થપતિની કલ્પનાશક્તિને જે તે સોફ્ટવેર કેવી રીતે પ્રોત્સાહિત કરી શકે છે તે જણાવવાનો હેતુ અહીં હોય છે.

આ પ્રકારની કાલ્પનિક રચનાની સંભાવના માટેની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદ પામેલ આ રચના છે. વસ્તીથી દૂર, જ્યાં કુદરત સાથેનું સાનિધ્ય વધુ સંભવ હોય તેવી છેવાડાની જગ્યાએ, ખડકાળ વિસ્તારમાં સૂચિત કરાયેલી આ રચના છે. અહીં માનવીના કુદરત સાથેના સંભવિત સમીકરણને અને કુદરતના અનુભવને સ્પષ્ટ રીતે વ્યક્ત કરવાનો પ્રયત્ન થયો છે. આ માટે રચનામાં ભૌમિતિક સ્પષ્ટતા, એકશૈલ્યતા, કોઈપણ સ્વરુપની જટિલતાનો અભાવ - સાદગી તથા ન્યૂનતમવાદને પ્રોત્સાહન અપાયું છે. કુદરત સાથે સંલગ્ન થવાની અહીં વિવિધ પ્રકારની સંભાવના ઊભી થાય છે. તે સાથે અહીં વ્યક્તિને, સામાજિક નીતિ-નિયમોના માળખામાં રહીને, જે કરવું હોય તે કરવા માટેની સ્વતંત્રતા પણ મળે છે. ખડકમાંથી નીકળી આવેલ હોય તેમ જણાતી આ રચના કુદરતના સૌંદર્યની માણવા માટે છે પણ સાથે સાથે તે કુદરત સાથે વિરોધાભાસ પણ ઉભો કરે છે

અગાસી પરથી આ મકાનમાં પ્રવેશ મળે છે. અહીંથી શરુ થતી નિસરણી મકાનના મુખ્ય ભાગના પ્રવેશ સ્થાન સુધી લઈ જાય છે. આ સ્થાન સાથે સ્થાપત્યની ત્રણ ઘટનાઓ સંકળાય છે. પ્રથમ, બેસી શકાય અને કુદરતને માણી શકાય તેવું આરામ-સ્થાન, બીજું, જ્યાં નાના પ્રમાણમાં કેટલીક પ્રવૃત્તિ થઈ શકે તેવું બહુ-ઉપયોગી સ્થાન અને ત્રીજું ચોરસ આકારમાં ઝુલતો સેતુ જેના પર આવનજાવન કરવાથી કુદરતની નજીક પહોંચવાનો ભાવ ઉભો થઈ શકે. આ ત્રણેય સ્થાન પરથી કુદરત સાથે અનેરો સંબંધ સ્થાપી શકાય. આ માત્ર કુદરત સાથે સંવાદ સ્થાપના માટેનું સ્થાન છે. જેનું મહત્વ આજુબાજુની કુદરતની પરિસ્થિતિને કારણે ઉભરે છે. આ દરેક સ્થાન ઉપર કુદરત સાથેનો સંવાદ ભિન્ન રહે તેવી સંભાવના હોવાથી દરેક સ્થાનની અનુભૂતિ પણ ભિન્ન ભિન્ન હોઈ શકે. આ સાથે આ મકાનના પાછળના ભાગમાં ટોયલેટ અને નાનકડો સ્ટોરેજ પણ છે.

અહીં આકાશ સાથેનો સંપર્ક છે, દરિયા પર નજર છે, ખડકનું સાનિધ્ય છે, પ્રકાશ અને છાયાની નાટકીયતા છે, વિવિધ સપાટીઓની બરછટતાની અનુભૂતિ છે, કુદરતના મૂળભૂત રંગને માણવાની તક છે, કુદરતના અવાજને સ્પષ્ટ રીતે સાંભળી શકાય તેવી સંભાવના છે, સેતુ પરથી કુદરતની નજીક પહોંચવાની ચેષ્ટા છે તો આરામ-સ્થાનમાં બેસીને કુદરતને માત્ર નિહાળવાનો આનંદ છે. મારી દ્રષ્ટિએ બીજી મજાની વાત એ છે કે અહીં વ્યક્તિ પોતાની જાત સાથે પણ સંવાદ સરળતાથી સ્થાપી શકે. મનન-ચિંતન માટે પણ આ એક સારું સ્થાન બની શકે. કુદરતના વિહંગાવલોકન માટે આ એક ઇચ્છનીય સ્થાન હોય તો સાથે સાથે વ્યક્તિના ‘‘સ્વયં‘‘ આંતર-વિશ્લેષણ માટે પણ અહીં સંભાવના છે.


આ રચના એવા સ્થાન માટે સૂચિત કરાઈ છે કે જ્યાં પ્રવાસીઓ વધારે જતાં હોય, અને તે પણ કુદરત સાથેનું સાનિધ્ય પામવા. પણ આ રચના ક્યાંક પ્રવાસીઓની સંખ્યાને સંબોધવામાં નિષ્ફળ જાય છે. આ રચના ચાર-પાંચ પ્રવાસી માટે બરાબર છે, તેનાથી જો સંખ્યા વધે તો ક્યાંક કુદરત સાથેના સંપર્કમાં ખલેલ પહોંચે. જો આમ થાય તો આ રચનાનો હેતુ જ સિદ્ધ ન થાય. દરેક મકાનની રચના સાથે તેની ઉપયોગીતાનું પ્રમાણમાપ સંકળાયેલું હોય. આ મકાન આ બાબતે નિષ્ફળ જાય.

આ પ્રકારની રચના નાટકીયતા સમાન હોય છે. સ્થાપત્યના માધ્યમ થકી માત્ર મજા કરવાનો ભાવ અહીં દેખાતો હોય છે. વાસ્તવિકતાથી આ બધી બાબતો દૂર હોય છે. ઘણીવાર તો એમ જણાય છે કે આ પ્રકારની રચના લાંબા સમય સુધી સાર્થક ન રહી શકે. કોઈ એકલી અટૂલી વ્યક્તિ માટે આ પ્રકારનો સ્થાપત્યકિય વિચાર સ્વીકૃત બની શકે, પરંતુ સામાજિક દ્રષ્ટિએ તેની યથાર્થતાની મૂલવણી કરવી પડે. એ વાત સાચી છે કે સ્થાપત્ય એ માત્ર ભૌતિક ઉપયોગીતા માટેનું સ્થાન નથી, તેની સાથે માનસિક ભાવાત્મક સમીકરણો પણ જોડાયેલા હોય છે. પરંતુ જ્યાં માત્ર માનસિક ભાવ અનુસાર સ્થાપત્યની રચના થતી હોય ત્યાં તેની યથાર્થ ઉપયોગીતા વિશે પ્રશ્નો થાય તે સ્વાભાવિક છે. જ્યાં માત્ર ભાવનાત્મક રજૂઆત હોય તેની ઓળખ સ્થાપત્યની રચનાને બદલે ‘‘શિલ્પ‘‘ તરીકે થાય તો વધુ યોગ્ય ગણાય. ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ચુનિયો એટલે વ્હિસ્કી વિશ્વવિદ્યાલયનો સ્કૉલર



ગુજરાતમાં દારૂબંધી છે એટલે આડા દિવસે શોધવામાં એકાદ કલાક થાય, પરંતુ ૩૧ ડિસેમ્બર આવે એના એક મહિના અગાઉથી દારૂ ગોતવા એક-બે દિવસ કસરત કરવી પડે.

બુટલેગરો અત્યાર સુધી ડબલ તો લેતા હતા, પરંતુ ૩૧ ડિસેમ્બરના નામે થોડા વધારે માગશે તોપણ ગુજરાતના પ્યાસીઓ હસતા મોઢે ચૂકવશે.

ગુજરાતમાં પીવાવાળામાંથી ૭૦% ને લિકર-બિયર વિશે ઝાઝું જ્ઞાન નથી. પોતે બધું જ જાણતો હોય તેમ ‘શિયાળામાં રમ પીવાય, મોટા!’...

‘ઉનાળામાં બિયર સિવાય કાંઈ પીવાય નહીં’...

‘શરદી થઈ હોય તો થોડાં ગરમ પાણીમાં બ્રાન્ડી શરદીના ભૂકા કાઢી નાખે’ અને

‘કોલ્ડ્રીંકમાં વ્હિસ્કી પીવાય નહીં, પાણી નખાય.’

તો કોઈ વળી ટાપસી પુરાવે, ‘વ્હિસ્કી તો નીટ જ પીવાય...’

પીતાં પહેલાં શેનું ધ્યાન રાખવું તેની ગાઈડલાઈન આપતા અમુક પીધુડકિયાઓ એવી રીતે જ્ઞાન આપે જાણે કોઈ મેજર ત્રણ-ચાર વિશ્વયુદ્ધ લડી અને સોલ્જરોને પોતાનો અનુભવ જ્ઞાન વહેંચતા હોય.

અમારો ચુનિયો ૩૧ ડિસેમ્બરે પોતાની અને બીજા બે-ત્રણ મિત્રોની વ્યવસ્થા ગોઠવી જ લે.

મહિના અગાઉથી તો શહેરમાં કોને ત્યાં મુંબઈથી મહેમાનો આવવાના છે તેની ઇન્કવાયરી શરૂ થઈ જાય. આવતા મહેમાનોને ઘરનું લાઈટ બિલ, આધાર કાર્ડ, ડ્રાઇવિંગ લાઈસન્સ વગેરે લાવવાનું પણ કહી દે.

ગુજરાતમાં અમે લોકલ લોકો નથી પી શકતા. બાકી ગુજરાત બહારથી કોઈ પણ આવે અને મોજથી પી શકે તેવી વ્યવસ્થા અમારી સરકારે સરસ કરી છે. આવનાર મહેમાન પીવે કે ના પીવે, પરંતુ ચુનિયો મહેમાનની ટિકિટ પર પરમિટ કઢાવી પાંચથી છ બોટલનો જુગાડ અચૂક કરી લે. આ છમાંથી પોતે એક પણ ન પીવે માત્ર બીજા લોકોને નફો કરીને વહેંચી દેવાની અને તેમાંથી પોતાની કટકીના બે-બે પેગ સેરવી લેવાના..!

અમારા ચુનિયાએ નવોદિત દારૂડિયાઓને શોધી જ્ઞાનશાળા શરૂ કરી છે. બધાને ભેગા કરી જ્ઞાન ગુટિકા આપે,જેમ કે...

‘૩૧મીએ પીવા બેસો તે પહેલાં આ બાબતો ધ્યાનમાં રાખજો.’

બધાના કાન સરવા થઈ જાય.

‘પીવાનો કાર્યક્રમ હોય તે બહુ હો.. હો.. હો.. ન કરવું. એટલે કે ‘કોઈને કહેતો નહીં... કોઈને કહેતો નહીં’ એમ કહી ગામ આખામાં ઢંઢેરો ન પીટવો....

બીજું, જે જગ્યાએ પીવા બેસવાના હો તે જગ્યા ક્યારેય જાહેર ન કરવી. જે મિત્રો મંડળીમાં જોડાવાના હોય એમને પણ એક જગ્યાએ ભેગા કરી પછી મૂળ જગ્યા પર જવું... આમ તો ૩૧મી રાત્રે ઠંડી હશે જ, પરંતુ જો ઠંડી ન હોય તોપણ ઊનનું જાડું ઇનર પેન્ટ તથા ટીશર્ટ પહેરી તેના પર જીન્સ અને આખી બાંયનો શર્ટ, ઉપરાંત જાકીટ આખી કાનટોપી હાથમાં મોજા પગમાં સ્પોર્ટ શૂઝ આમ સંપૂર્ણ સજ્જ થઈ અને જવું.’

આ વાત પર બધાના મોઢા પર મોટો પ્રશ્નાર્થ કળાયો. એટલે ભૂતકાળ યાદ કરતો હોય તેમ આકાશમાં જોઈ અને એ અનેક પેગનો અનુભવી ચુનિયો બોલ્યોઃ

‘૩૧મી ડિસેમ્બરે પોલીસ ખાતું - પીતું નથી. એટલે તે સંપૂર્ણ સભાન અવસ્થામાં તમારી જેવા અર્ધ બેભાન લોકોને તરત શોધી કાઢે છે અને હવે લાકડાના ડંડા આઉટ ડેટેડ થઈ ગયા તેની જગ્યાએ પ્લાસ્ટિકના આરપાર દેખાય તેવા દંડા આવી ગયા છે. શિયાળામાં ટાઢથી ધ્રૂજતા પોલીસ કર્મીઓ ઠંડી ઉડાડવા માટે તમારા પૃષ્ઠભાગ ઉપર આકરા પ્રહારો કરે ત્યારે ત્વચા સુધી દંડો ન પહોંચે તે માટે આ વસ્ત્રો તમને સહાયરૂપ થશે.... જો થોડા વધારે ભાનમાં હશો અને આગોતરી જાણ થશે તો તમે દોડી અને ભાગી શકો તે માટે સ્પોર્ટ શૂઝ અનિવાર્ય છે! વળી આખી કાનટોપી પહેરી હશે તો દૂરથી તમને ઓળખી નહી શકે અને બીજે દિવસે સમાચારની સુરખીઓમાં આવતાં બચી પણ શકો!’

કોઈ ચમત્કારી બાબાએ અચાનક દર્શન દઈને ભરપૂર આશીર્વાદ આપી દીધા હોય અને ભક્તો જે રીતે ભાવુક થાય તે રીતે આ ભાવી પીધુડક મંડળી ઓળઘોળ થતી ઊભી થઈ જાય... પગે લાગી અને જવા પાછાં પગલાં કર્યાં ત્યાં તો અનુભવી ચુનિયો ઉવાચઃ

‘આટલી વાત પસંદ આવી હોય તો છ પેગ અલગ કાઢી અને સામે કબાટના નીચલા ખાનામાં સંતાડો...!’

નિઃસ્વાર્થ સેવા કેન્દ્રનું બોર્ડ મારી ચુનિયાએ પોતાનો આમ જુગાડ કરી લીધો.

‘નિઃશુલ્ક પ્રવેશ’ એવું બોર્ડ મારી અને હોલ આખો ભરાઈ જાય પછી બહાર નીકળવાનો ચાર્જ ચૂકવવાનો થાય તેવી પરિસ્થિતિ આ નવોદિત દારૂડિયાઓની હતી.

આ વખતે તો મેં ચુનિયાને ચેતવ્યો કે ‘સરકારે જાહેર કર્યું છે કે ૩૧ ડિસેમ્બરે દારૂની રેલમછેલ ચલાવી નહીં લેવાય.’

એ મને કહેઃ ‘બરાબર છે સરકાર મભમ રીતે એટલું જ કહેવા માગે છે કે નિરાંતે પીવો એક ટીપું પણ ઢોળાવું ન જોઈએ!’

‘મારી પાસે એક નવીનતમ સ્ટાર્ટ અપ બિઝનેસ છે... ખરેખર ગુજરાતમાં દારૂ કેમ પીવાય તેની પાઠશાળા શરૂ કરાય તો ધમધોકાર ચાલે....

છુપાઈને, લપાઈને, અંધારામાં, અજ્ઞાન સાથે પીતા લોકોને, કેટલું પીવાય, કોની સાથે પીવાય, કઈ રીતે પીવાય, કઈ બ્રાન્ડ પીવાય, બાઈટિંગમાં શું લેવાય, કેટલું લેવાય.. તેનું જ્ઞાન આપવાનો સમય પાકી ગયો છે.’

આ સાંભળીને મેં કહ્યુંઃ ‘ચુનિયા, તું સિલેબસ નક્કી કર અને જાહેરાત કરી દે વિદ્યાર્થીઓનો ઢગલો થશે.’ તો એ મને કહેઃ

‘મિલનભાઈ, અહીં સૌ પોતાની જાતને પીવાની દુનિયાના પ્રોફેસર માને છે.... ગુજરાત રાજ્યમાં હજુ થોડી વધારે છૂટછાટ આપવાની જરૂર છે. તેને માટે ગામે ગામ પ્રવાસન ધામ વિકસાવવા પડશે. એવા ઉદ્યોગ નાખવા પડશે કે કહી શકાય કે વિદેશીઓ આવી અને વેપાર ધંધો આપણી સાથે કરશે વધારેમાં વધારે હૃદયરોગ, માનસિક ઉચાટ તથા અનિદ્રાના રોગીઓ વધારવા પડશે જેથી કરી અને પરમિટ છૂટથી નીકળી શકે....’

મને એમ થયું કે હવે આ ચુનિયો સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જેમ પાનના ગલ્લાઓ છે તેમ દારૂની દુકાનો ખોલાવી અને જંપશે એટલે વાત ટૂંકાવી અને એને ઘર ભેગો કર્યો.

એક વાત તો નક્કી છે કે માણસની માનસિકતા એવી છે કે જે વસ્તુ કરવાની ના પાડો તે ખાસ કરશે.

-તો, ચાલો ટીડિંગ.... કરો, ભરો ત્યારે ...! ■

**વિચારવાયુઃ**

*દારૂ જેટલો નડતો નથી તેટલો દારૂ પીધા પછી લીધેલો નિર્ણય, કરેલી વાત, ફોન પરનો બક્વાસ નડે છે.*

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**
રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૩૩૯)

## ૯. લગ્ન સંબંધી

**જુહુસ્કીમ સ્થિત**
સ્થાનકવાસી જૈન વિલેપારલા મુંબઈ વેલસેટલ્ડ સાધનસંપન્ન યુવક U.S.A. M.S (COMPUTER) જન્મ-1997, 5'5 મીડિયમબાધાને સુયોગ્ય કન્યાના વડીલો તરફથી લગ્ન સંબંધી બાયોડેટા વોટશોપ કરવા વિનંતી 9819201737. (દહેજ નહીં.). (૧૫૪૦૪-એ)

**પરીચય સંમેલન**
19/01/2025, રવિવારે, કાંદીવલીમાં કુંવારા લગ્નોત્સુક યુવક, યુવતીઓ માટે રાખેલ છે, શ્રીહરી ઈચ્છા ફાઉન્ડેશન 9082825482. (દહેજ નહીં). (૧૫૩૦૮/એ)

**બ્રાહ્મણ સેવા સમાજ**
૪૯મું વર્ષ ૧૦૬મો પરિચય મેળો તા. 09/02/25 મલાડ ખાતે પ્રવેશ ફી યુવક Rs. 500/- યુવતી Rs. 300/-. સંપર્ક: અલકેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615, દિપકભાઈ- 8828221010. (દહેજ નહીં). (૧૫૨૦૬-ડી)

■ 1989 બોર્ન, મુંબઈ સ્થિત જૈન, B.com, CA, M.S. Finance (USA), સુંદર, સુશિલ કન્યા માટે સમકક્ષ જૈન, વૈષ્ણવ, ક્વોલીફાઈડ, અમેરિકા, કેનેડા, મુંબઈ સ્થિત યુવક અથવા વડીલ સંપર્ક કરે: 9820450899, 9820850899. (દહેજ નહીં). (બી-૧૫૩૧૨)

■ ગરીબ મરાઠી કન્યા ઉંમર-27, શિક્ષણ 12મી, દવાખાનામાં રિસેપ્શનીસ્ટ છે. પગાર- 12,000/-, છોકરીના વડીલ નથી, અપેક્ષા મહેનતુ છોકરો જોઈએ, જાતિની શરત નથી: તરત લગ્ન-8956644802. (દહેજ નહીં.) (બી-૧૫૩૧૮)

■ મુંબઈનાં યુવકોનાં/યુવતીઓનાં બાયોડેટાઓ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૫૩૧૯)

■ અમેરિકાનાં/કેનેડાનાં/દુબઈનાં/ઑસ્ટ્રેલિયાનાં/લંડનનાં/NRI યુવકોનાં/યુવતીઓનાં બાયોડેટાઓ સંપર્ક રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૫૩૨૦)

લગ્ન વિષયક
**USA થી આવેલ, ક્વોલીફાઇડ, હાઇ પ્રોફાઇલ, વૈષ્ણવ ડિવોર્સી યુવક**
1977 Born, 5'6", MS (IT), USA સીટીઝન માટે યોગ્ય સુંદર કન્યા આવકાર્ય.
(જ્ઞાતીબાધ નથી)
SUDHIR BHATT
9920099889 / 9820099889
9619101019 / 9619101020
sudhirmatrim@gmail.com
(દહેજ નહિ) (૧૫૪૧૧-એ)

■ વૈષ્ણવ યુવક, 1991, Bpharm, MS, અમેરિકા, દેવાંશ - 9898437313. (દહેજ નહીં.) (બી-૧૫૩૨૬)

■ જૈન યુવક, 1993, MS, Canada Citizen, દેવાંશ - 9898437313. (દહેજ નહીં.) (બી-૧૫૩૨૭)

■ પટેલ બ્યુટીફુલ યુવતી, 1996, Master, Job, CANADA, દેવાંશ - 9898437313. (દહેજ નહીં.) (બી-૧૫૩૨૮)

■ પટેલ યુવતી, 1992, MBA Job, CANADA Citizen - 9898437313. (દહેજ નહીં.) (બી-૧૫૩૨૯)

■ વૈષ્ણવ બ્યુટીફુલ યુવતી, 1998, MS, Job, અમેરિકા, દેવાંશ - 9898437313. (દહેજ નહીં.) (બી-૧૫૩૩૦)

**અમેરિકા સ્થિત**
બ્રાહ્મણ યુવક, ૩૯/૬ ફીટ પોતાનો સ્વતંત્ર બિઝનેસ ધરાવતા માટે કન્યાઓના વડીલો દ્વારા સંપર્ક આવકાર્ય. Whatsapp Mobile: 7990211886 Email: jay080@hotmail.com (દહેજ નહીં.) (બી-૧૫૩૨૪)

**(PGMBA)**
**1981 Born 5'.1" Height 55 Kgs Issueless Divorcee working in Bank is looking for suitable Candidates from Mumbai / Abroad. Please send Full Biodata on +91 8879178056. (No Dowry) (240)**

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૯. લગ્ન સંબંધી

**"DESI JODI"**
**"Matrimony Services (New Jersey, America) Roshni Joshi". Contact WhatsApp - 0017187556940. (No Dowry) (15245-A)**

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (15408/A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટાકાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693/ 7506569229. (બી-૧૫૨૩૯)

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૪૨૯-સી)

## ૧૧. પ્રદર્શન

## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ**
નેપાળ મુક્તિનાથ દિવસ 9. ગંગાસાગર દિવસ 10. ઉત્તરાખંડ ચારધામ દિવસ 13. (મહારાજા ટીટી) દેવીબેન પ્રવાસ 9833730639. (૧૫૪૨૯-ઈ)



Heaven on Earth
**KASHMIR 2025**
30 years of Service
Departure 2025 Every Sunday from March
Tulip Special March 23, 30 April 6, 13
Tulip Utsav
SPECIAL SERVICES Jain Food Specialist
✓ Daily Breakfast - Lunch & Dinner (Pure Veg. Gujrati, Swaminarayan, Marwari, Maharashtra, South Indian Meals Prepared in Separate Kitchen by Rajasthani cook).
Book before 31st December & get discount Worth Rs. 2000/-
3 Nights - Srinagar
2 Nights - Sonmarg
2 Nights - Pahalgam
Gala TOURS & TRAVELS MALAD EAST Since 1995
Atul Gala (Kandagara) Mob: 9699211711
(B-15267)

**ચિરાગ**
ચારથી ચારસો જણાના ગ્રુપનું તારીખ મુજબ આયોજન, ચારધામ, 1, બેધામ, ચિત્રકુટ, અયોધ્યા, વરાણસી, પ્રયાગરાજમાં કુંભસ્નાન, 09 દિવસ, 16 નેપાળ, યુપી, કાશ્મીર, 10 દિવસ, 14, વૈષ્ણોદેવી, અમૃતસર, વ્રજમાં, ગોપીપુરા, 06 દિવસ, 5 શ્રીનાથજી. 7303560200/ 9833009445. (૧૫૩૧૧-સી)

## ૧૭. જગ્યા આપવી છે

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૬ બેડરૂમ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરિયા ૨૩૦૦' કારપેટ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૨૫૩)

**બાંદ્રા (વેસ્ટ)**
ટર્નર રોડ લિવલાયસંસ 2 BHK સેમી ફર્નિશ્ડ, 90,000/- ખાર લિંકીંગ રોડ 3 BHK ફર્નિશ્ડ ડુપ્લેક્ષ ફલેટ, પાર્કિંગ 1,65,000/= તુરંત કબજો. 9820296693. 'કટારિયા એજન્ટ'. (૧૫૨૯૬-એ)

**પ્રભાદેવી**
ડુપલેક્ષ ફલેટ 1640' કાર્પેટ, 2 ગાડી પાર્કિંગ- લીફ્ટ-ઓનરશીપ-લોમેન્ટેનન્સ (8.50 Cr.) ''જીતુભાઈ'' 9869322453. (૧૫૩૦૦-એ)

**અંધેરી (વેસ્ટ)**
1 BHK ગંગા વિહાર ઓનરશીપ ૧.૭૦ કરોડ તેમજ ૧ થી ૪ BHK પંચવટી, ગુલશન, હિમાયલ, ગ્રીન કોર્ટ, લાલુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લે વેસ્ટ, જુહુ, જુહુ સ્કીમ. ઓનરશીપ / લીવ લાયસન્સથી. ગૌતમ જોશી 9322236433 / 9821069632. (૧૫૪૨૦-એ)

NKCCA
**નોર્થ કોંકણ ચેમ્બર ઓફ કોમર્સ**
**ઉત્તર કોંકણ મહોત્સવ 2025**
**આજે જ સ્ટોલ બુક કરો!**
NORTH KONKAN festival 2025
• મહિલા ઉદ્યોગ • બચત જૂથનો એકાદ વ્યવસાય • ટ્રાવેલ-ટુરીઝમ • હોટેલ્સ અને રિસોર્ટ • લઘુ ઉદ્યોગ • ગૃહ ઉદ્યોગ • ખાદ્યપદાર્થ • ગૃહ સજાવટ • ઈમિટેશન જ્વેલરી • હેન્ડમેડ ઉત્પાદનો • કપડાં • ડ્રેસ મટીરિયલ
પ્રદર્શનમાં તમારા અનોખા ઉદ્યોગની/બ્રાન્ડની જાહેરાત કરવાની સુવર્ણ તક!
જોકે સમય બિલકુલ બગાડશો નહીં. આજે જ સ્ટોલ બુક કરો.
નવા વર્ષની શરૂઆતમાં, નવા જોશ સાથે તમારા ઉદ્યોગને વધુ આગળ લઈ જઈએ.
સ્ટોલ બુકિંગ માટે અહીં સ્કેન કરો
10 થી 12 જાન્યુઆરી 2025 | સમય: સવારે 10 થી રાત્રે 9
સ્થળ: ભાટિયા હોલ, વીર સાવરકર ઉદ્યાનની સામે, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ 400 092
સ્ટોલ બુકિંગ અને પૂછપરછ માટે: 98214 06603, 98211 76315, 99203 49933
Email: northkonkanchamber@gmail.com
Saraswat Bank | Incredible India | KESARI | ORIENT TECHNOLOGIES | DIRECTORATE MAHARASHTRA TOURISM | VEENA WORLD Travel. Explore. Celebrate Life.
(બી-૧૫૩૦૯)

## ૧૨. યાત્રા સહેલગાહ


**શ્રીયમુના**
કચ્છ રણોત્સવ, તીરૂપતિ રામેશ્વર, કન્યાકુમારી, ત્રિવેન્દ્રમ, અયોધ્યા, બનારસ, નેપાળ, 9892377559. (૧૫૩૧૧-એ)

જૈન સોશ્યલ ગ્રુપ મલાડ ગોરેગાંવ પ્રમુખ દિપ્તીબેન શાહ 3 ગ્રુપો 180 જણા અને જૈન યુવા મિત્ર મંડળ 50 જણા તથા નેચર લવર્સ કલબ, 50 જણા. બધા 5 ગ્રુપો હાઉસ ફુલ! આભાર!
કાશ્મીર અને લેહ લડાખની બધી ટુરો માં 5000 PP. ડિસ્કાઉન્ટ (ટૂંક સમય માટે જ) અને ફેન્ટેસ્ટિક ફૂડ કાર્નિવલ
સર્વશ્રેષ્ઠ 100% સંપૂર્ણ
**કાશ્મીર લેહ લડાખ**
ચેલેન્જીંગ ભાવે પરફેક્ટ પેકેજ
એક માત્ર સુપર સ્પેશ્યાલીસ્ટ સાથે જ.
સાથે / સિવાય અમૃતસર, વૈષ્ણોદેવી
સ્વતંત્ર ગુજરાતી / જૈન રસોડે બેડ ટી થી મસાલા દૂધ સુધીની જાન જેવી બાદશાહી સરભરા. ચટપટા નાસ્તા, ડ્રાયફ્રૂટ બિસ્લેરી
બ્રાન્ડેડ 3-4* ફિક્સ લક્ઝરી હોટેલમાં બાદશાહી નિવાસ
ફેબ્રુ.થી જૂન દર અઠવાડિયે 3 પ્રસ્થાન
સૌથી વધુ બધાજ સાઈટ સીઈંગ, ગેમ્સ, ગરબા, ડાન્સ, ડીજે, કેમ્પફાયર બધા જ ખર્ચા સામિલ બધી જ હાઈફાઈ સુવિધાઓ
કેરાલા, હિમાચલ, ઉત્તરાંચલ, રાજસ્થાન, દુબઈ, બાલી, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, માલદિવ્સ, નોર્થ ઈસ્ટ કસ્ટમાઈઝ પેકેજ મળશે
26 વર્ષથી કાશ્મીર/લેહ લદાખની ટુરો આપનાર એકમાત્ર સુપર સ્પેશ્યાલિસ્ટ 9869066942
સતીશભાઈ શાહ 9869056942
પૂજા ટુર્સ 9869010141
ઘાટકોપર (મલાડ) www.poojaholidays.com
(બી-૧૫૩૨૫)

**કેદારનાથ**
કેદારનાથ હેલિકોપ્ટર બુકિંગ ચારધામ યાત્રા માટે રજિસ્ટ્રેશન, કેદારનાથ બદ્રીનાથ દર્શન બુકિંગ, વૈષ્ણોદેવી દર્શન અને હેલિકોપ્ટર બુકિંગ, તિરુપતિ દર્શન અને રૂમ બુકિંગ, મહાકાલેશ્વર ભસ્મ આરતી બુકિંગ, SOU એન્ટ્રી ટિકિટ બુકિંગ, રામ જન્મભૂમિ દર્શન બુકિંગ, ટ્રેન અને ફ્લાઈટ ટિકિટ બુકિંગ, ગુલમર્ગ ગંડોળા બુકિંગ 8097396999. (૧૫૪૧૫-એ)

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૩૩૮)

THE KINARA VILLAGE LONAVALA
Enjoy 31st Night
Free Entry
Entry For Family & Couples ONLY
Live Orchestra From Famous Singer Rajendra Gadhvi



DELICIOUS FOOD
HERITAGE AMBIENCE
HERITAGE ROOMS AVAILABLE
Add.: Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401
www.thekinaravillage.com
Call : 9859639639
(B-15237)

**LONAVALA VILLA**
**Book Brand New Pure Veg 4+4 BHK Villa for New Year. Party Hall, Swimming Pools, Hill Views, Private Bar, Discotheque, Games Room. To Book Zline D Villa. Contact Ms. Zil Shah 9769670155. (B-15273)**

## ૧૪. નોકરી ખાલી છે

**ઠાકુર કોમ્પલેક્સમાં**
નાના કુટુંબ માટે ૧૨ અથવા ૨૪ કલાક કામ કરી શકે તેવા બેનની જરૂર. ઉંમર 50 સુધી. સંપર્ક 11- 4 કિર્તીબેન 9920262905. (બી-૧૫૩૧૪)

**જોઈએ**
અંધેરીની પ્રખ્યાત ઓફિસ માટે પાર્ટ/ ફુલ ટાઈમ બેઝીક કોમ્પ્યુટર મહિલા ઓપરેટર, બેઝીક અંગ્રેજી જરૂરી- સુધીર 9920099889/ 9820099889. (૧૫૪૨૯/એ)

**"KANDIVALI (EAST)"**
**Charitable Medical Centre Requires Part - Time Office Staff (Have Basic and Graphic Computer Knowledge) Dental Assistant, Lab Technician, Require Doctors of Gynecologist, Endo Dentist, Child Specialist, Contact: 9773999855, 9867995060. (15410/A)**

**વિલેપાર્લા (ઈસ્ટ)**
**સુંદર હવા ઉજાસવાળો ૩ બેડરૂમ ૪ બાલકની ૩.૯૦માં વેચવાનો છે. ૨ પાર્કિંગ દેરાસરની સામે ૯૬૧૯૦૧૮૨૩૩- જીતુભાઈ. (૨૩૭)**

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૨૫૪)

**કાંદિવલીમાં/બોરીવલીમાં**
રીવાલી પાર્કમાં/ ઓબેરોયમાં/ ચાંડકમાં/ વાધવામાં/ સેઠિયામાં લેવા/ વેચવા/ભાડેથી ''શ્રીજી'' 9820045571. (જેપી-૪૯૬૦-બી)

**રાજસ્થાન એસ્ટેટ એજન્સી, નેપયન્સી**
**પેડર વાલકેશ્વર બ્રીચ કેન્ડી અલ્ટમાઉન્ટ તારદેવ ગોવાલીયા ટેંક મરીન ડ્રાઈવ ચર્ચગેટ કફ પરેડ આકર્ષક ફ્લેટો કોમર્શીયલ જગ્યા સાથે લીવ લાઈસન્સથી લેવા વેચવા Contact ગોપાલભાઈ જયપુરવાલા 9322898994 મુકેશભાઈ મહેતા 9967502537. (૨૪૧)**

■ સેલ, 601, જેડ વેદાંત, બી એન રોડ, ૨ બીએચકે, ૭૪૧ કાર્પેટ, માટુંગા સેન્ટ્રલ માટુંગા અને કિંગ સર્કલ સ્ટેશનથી ૫ મિનિટ, ૩.૫૦ કરોડ નિગોશિએબલ સંપર્ક: ૯૮૨૧૪૨૪૬૫૯. (બી-૧૫૨૭૭)

**WE ARE HIRING.**
• We are adding our staff size and have opening for the following.
• Candidates having experience in retails should apply.

| Post | Experience | No.of people | Salary | Incentive |
|---|---|---|---|---|
| Sales Executive | 3 years or more | 20 | 40000 | Yes |
| Junior Sales Executive | 1 years or more | 20 | 25000 | Yes |
| Floor Manager | 3 years or more | 3 | 60000 | Yes |
| Accounts Manager | 3 years or more | 5 | 40000 | NA |
| Junior HR | 2 years or more | 2 | 40000 | NA |

Correspond through Whatsapp only 8585857898.
Send resumes on the above number only with latest photograph.
CHHEDA JEWELLERS GOLD & DIAMOND
1, Trinity Square, Monghibai Road, Vile Parle (E), Mumbai - 54.
(B-15316)

## ૧૭. જગ્યા આપવી છે

**સુરેન્દ્ર ગાલા**
સાંતાક્રુઝ (ઈસ્ટ/વેસ્ટ) 1/2/3 બેડરૂમ રેડી - બંધાતામાં, ભાડેથી/ વેચાણથી, લેવા-આપવા. 9870026887, Paras - 8879989196. (૧૫૨૦૬-એફ)

■ સાન્તાક્રુઝ/પાર્લા વેસ્ટ 2 બેડ ભાડેથી સ્ટેશન દેરાસર નજીક-7045622403. (બી-૧૫૨૭૯)

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેસન. 9920445444. (બી-૧૫૨૩૮)

**ચેમ્બુર**
ફલેટ, ઓફિસ, દુકાન, ભાડેથી-વેચાણથી, લેવા-આપવા વર્ધમાન-પ્રોપર્ટીજ- ૯૮૯૨૮ ૩૩૯૩૯. (બી-૧૫૨૭૦)

## ૧૭. જગ્યા આપવી છે

**વલસાડ ઈસ્ટ- માંગલ્યમ મેડોઝ**
**ચાણવાઈ રાબડા રોડ, 3 બેડરૂમ, ૪ બાથરૂમ, ૧૩૮૭ ફુટનું રોહાઉસ જે Lawn તેમજ કલબ હાઉસની સામે વેચવાનો છે. સંપર્ક: 9892565909. (બી-૧૫૨૩૫)**

**ગોરાઈ - 2**
**કોર્નર ડી રૂમ 40, 3 બેડરૂમ હોલ કિચન, હાફ રુફ ટેરેસ, ઓલ RCC સીલીન્ગ્સ, બધા રૂમમાં વિન્ડો, ઈસ્ટ-વેસ્ટ ડાયરેક્સન સંપર્ક 8928598412. (૧૫૨૯૫-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા - વેચવા રાજેશભાઈ સાવલા - 9892329269. (૧૫૨૬૬-એફ)**

**ગામદેવી**
3 બેડરૂમ એરિયા 1100 કાર્પેટ નવું બિલ્ડીંગ, હરેશ - 9821030822. (૧૫૨૬૧-એ)

**બોરીવલીમાં ભાડેથી**
ઈસ્ટમાં કાણકિયા EXOTICA, 2 બેડરૂમ+ પાર્કિંગ, એમીનીટીઝ, OWNER- 9892387267. (૧૫૨૭૬-સી)

**સાંતાક્રુઝ (વેસ્ટ)**
લીંકિંગ રોડ- આર્ય સમાજ પાસે, 3 બેડરૂમ 1200 યુઝેબલ કાર્પેટ, હાયર ફલોર, લિફ્ટ, સીવ્યુ, 1 પાર્કિંગ, 5.75 કરોડ. નેગોશીયેબલ, બીજા ઘણા પ્રપોઝલ. ફ્લેટો લેવા- વેચવા- લીવલાયસંસથી. ''ચેતન નાગર'' 9820141544, 9920141544. (બી-૧૫૨૩૬)

**મલાડ (વેસ્ટ)**
**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમનાં ફ્લેટો વેચાણથી - ભાડેથી. લેવા - ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૨૩૨૭)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**નિલકંઠવેલી, 2, 3, 4 બેડરૂમનાં ફ્લેટો વેચાણથી આપવાના છે. ''કરણ નિતીન દવે''- 7738741851. (૧૫૨૮૯-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**ગારોડીયા નગર, 2 BHK, વલ્લભબાગ લેન, ૧, ૨, ૩ બેડરૂમ, 60' રોડ, 2 BHK વેચાણથી આપવાના છે. ''કરણ નિતીન દવે'' 7738741851. (૧૫૨૮૯-ડી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**નવા બંધાતા મકાનમાં રાજાવાડી, 60' રોડ, 90' રોડ ફ્લેટ આપવાનાં છે. ''કરણ નિતીન દવે'' 7738741851. (૧૫૨૮૯-ઈ)**

**સાન્તાક્રુઝ વેસ્ટમાં**
ફુલી ફર્નીશ્ડ 2 માસ્ટર બેડરૂમ, હોલ, કિચન ૧ કોમન બાથરૂમ સાથે 780' કારપેટ એરિયા 1 પાર્કિંગ આઉટરાઈટથી આપવાનો 4.50 કરોડ નેગોશીયેબલ 9820032150 દતાત્રય રોડ સરલા નર્સિંગ હોમની સામે. (૧૫૨૯૦-એ)

**પરેલ/શિવરી**
અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૫૧૮૦)

**ઘાટકોપર ઈસ્ટ નીલકંઠ વેલી**
૧ થી ૫ બેડરૂમના લકઝરીયસ ફ્લેટસ પ્રાઈમ લોકેશન રેડી કબજો હિતેશભાઈ 9920927958, 9820008003. (૧૫૪૨૪-ડી)

**FLAT SALE**
ડીસ્ટ્રેસ સેલ અને તરતમાં સૌદા માટે પ્રભાદેવીમાં, સિદ્ધિ વિનાયક મંદિર નજીક 1380 SQ. FT 3 BHK + Car Park, 2007થી પુરેપુરું વસેલું મકાન, OC વગરનું છે. કિંમત 4 CR - OFFER માટે તૈયારી કોન્ટેક્ટ નંબર 9822604926. (બી-૧૫૩૧૧)

**નાયડુ કોલોની, ઘાટકોપર**
પંતનગર, ૨ બેડરૂમ ફ્લેટ એરીયા ૭૩૧, રેડી પઝેશનથી વેચવાનો છે. Rs. 1.60 Cr. સંપર્ક: 9820231716. (બી-૧૫૩૧૦)

**બોરીવલી (પૂર્વ)**
૧ રૂમ કિચન ફ્લેટ, ''રાજહિલ'', મ્યુનિસિપલ સ્કુલની પાછળ આઉટ રાઈટથી વેચવાનો છે. 7977410590. (બી-૧૫૩૦૭)

**ઘાટકોપર વેસ્ટ કામાલેન**
1 RK + 1 BHK જોડી પ્રાઈમ લોકેશન રેડી કબજો લેવા હિતેશભાઈ 9920927958, 9820008003. (૧૫૪૨૪-સી)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી વેસ્ટ**
**ઉપાશ્રય લેન, નવા બિલ્ડીંગમાં 1 બેડરૂમ 442 કાર્પેટ ''રીમા એસ્ટેટ'' 9820000627/ 7045660627. (એસડીબી-૨૩૪૨)**

**ઘાટકોપર ઈસ્ટ, વેસ્ટ**
૧ થી ૫ બેડરૂમના લકઝરીયસ ફ્લેટસ તથા ઓફિસ, દુકાન રેડી, બંધાતામાં લેવા, વેચવા, ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003. (૧૫૪૨૪-એ)

**અંધેરી ઈસ્ટ**
**વિશાલ હોલ પાસે 2 બેડરૂમ 725 કાર્પેટ, સ્ટેશન નજીક નવા બિલ્ડીંગમાં 2 બેડરૂમ 720 કાર્પેટ રીમા એસ્ટેટ 9820000627/ 7045660627. (એસડીબી-૨૩૪૩)**

**સાંતાક્રુઝ વેસ્ટ**
**ફિરોજશા રોડ આઉટરાઈટથી કલ્પતરૂ ઈન્પેરિયા 3 બેડરૂમ 1069 કાર્પેટ + 2 પાર્કિંગ રીમા એસ્ટેટ 9820000627/ 7045660627. (એસડીબી-૨૩૪૪)**

**મુલુંડ (વેસ્ટ)**
થ્રી BHK વેલ મેઈન્ટેઈન્ડ સોસાયટી દેવિદયાલ - ફુલ્લી ફર્નિશ્ડ 2,75,00,000/- 2 BHK એલ.બી.એસ ''નિર્મલ ઝિડકોન'' 1,35,00,000/- વન BHK દેવિદયાલ 95,00,000/- ફ્લેટ લેવા/વેચવા/ લિવલાયસંસ ''કોઠારી'' 9820330993. (૧૫૪૨૫-એ)

**મલબાર હીલ**
4 બેડરૂમ લીવ લાયસન્સથી- 2000'- પાર્કીંગ ભાડુ - 3,50,000/= શાહ- 9820068382. (૧૫૩૧૦-ઈ)

**નેપેન્સી**
3 બેડરૂમ 2200' લીવ લાયસન્સથી સીફેસીંગ ભાડુ 5,25,000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૧૦-ઈ)

**ગોવાલીયા ટેંક**
$2^1/_2$ બેડરૂમ, 1100' ફરનીશ્ડ લીવ લાયસન્સથી ભાડુ - 2,00,000/= નેગોશીએબલ- 9820068382. (૧૫૩૧૦-ઈ)

**વાલકેશ્વર**
2 બેડરૂમ 1000' કાર્પેટ- પાર્કીંગ- સી.વ્યુ. 7,25,00000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૧૦-ડી)

**વાલકેશ્વર**
3 બેડરૂમ 925' કાર્પેટ- પાર્કીંગ- 5,25,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૧૦-ડી)

**તારદેવ**
3 બેડરૂમ 1600' કાર્પેટ- પાર્કીંગ- 6,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૧૦-ડી)

**ગામદેવી**
4 બેડરૂમ - 1550' - કાર્પેટ પાર્કીંગ - 7,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૧૦-સી)

**નેપેન્સી**
3 બેડરૂમ - 2200' - કાર્પેટ - 3 પાર્કીંગ- સી. ફેસીંગ ફરનીસ્ટ - 9820068382. (૧૫૩૧૦-સી)

**વાલકેશ્વર**
4 બેડરૂમ - 1950' - કાર્પેટ - ગેરેજ સી.વ્યુ. 14,50,00000/= નેગોશીએબલ. 9820068382. (૧૫૩૧૦-સી)

**તારદેવ**
2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કીંગ - 3,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૧૦-બી)

**ગામદેવી**
2 બેડરૂમ - 680' - કાર્પેટ - પાર્કીંગ - 2,25,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૧૦-બી)

**ગ્રાન્ટરોડ**
3 બેડરૂમ - 785' - કાર્પેટ - ફરનીસ્ટ - 2,60,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૧૦-બી)

**ગ્રાન્ટરોડ**
2 બેડરૂમ - 800' - કાર્પેટ - જૂનું ભાડું - 2,25,00000/= નેગોશીએબલ. શાહ - 9820068382. (૧૫૩૧૦-એ)

**ચર્નીરોડ**
2 બેડરૂમ - 950' - જૂનું ભાડું - 2,70,00000/= નેગોશીએબલ. શાહ - 9820068382. (૧૫૩૧૦-એ)

**ગામદેવી**
2 બેડરૂમ- 800' - કાર્પેટ - 3,50,00000/= નેગોશીએબલ. શાહ - 9820068382. (૧૫૩૧૦-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (વેસ્ટ)**
3 બેડરૂમ (80,000/= ભાડેથી), ઓફિસ વેંચાણથી 185' (70,00,000/=) સંપર્ક:- 9920459827. (૧૫૪૩૦/એ)

**જોગેશ્વરી (ઇસ્ટ)**
**નટવર નગરમાં 1 બેડરૂમ, 382', (વેસ્ટ ઓપન) વેંચવાનો. (રિડેવલપમેન્ટ થવાનું છે) મહેતા - 9820328413. (૧૫૪૩૦/બી)**

**''ભાડેથી''**
''દહિસરમાં 1 રૂમ - 15,000/-, 1 બેડરૂમ - 19,000 / 21,000'' ''ભવ્યભાઈ'' :- 9920680690. (૧૫૪૨૮-એ)

**''કાંદિવલી -બોરીવલી''**
**''(વેસ્ટમાં) 1/2/3 બેડરૂમના મોટા કાર્પેટવાળા ફ્લેટ્સ વેચવાના / ભાડેથી'':- 7710979702 / 9930626313. (૧૫૪૨૮-બી)**

**વિલેપાર્લે (વેસ્ટ)**
5 બેડરૂમ ટેરેસ ફ્લેટ વેચાણથી, 5000 ફૂટ. 11 ફૂટ ઊંચાઈ સાથે. 4 કાર પાર્ક, માત્ર શુદ્ધ શાકાહારી પરિવાર માટે કલાયન્ટ પ્રોફાઈલ ફરજિયાત. Rahul - 9769298908, Korarealty.com (૧૫૪૨૮-સી)

**અંધેરી (ઈસ્ટ)**
નવા બંધાતા ૧૮ માળના ટાવરમાં 1-2 BHK અને જોડી ફ્લેટ વેચાણમાં, સ્પેશિયસ કાર્પેટ, મોર્ડન એમેનીટીઝ સાથે, હાઈવે અને મોગરા મેટ્રો સ્ટેશનની પાસે, કચ્છી-ગુજરાતી જૈન પાડોશ, દેરાસર ઉપાશ્રય કોમ્પલેક્ષમાં, બે વર્ષ પેમેન્ટની સુવિધા. સંપર્ક - દિનેશ - 9757252097 / 9664460863. (૧૫૪૨૮-ડી)

**બોરીવલી (વેસ્ટ) હરિદાસ નગર**
**3 બેડરૂમ LUXURIOUS AMENITIES, 1283' રેરા કારપેટ, હાયર ફ્લોર, રેડી, OC સાથે. 9819810215 / 9769622033 / 022 - 28995592. (સમય 11 થી 6) (૧૫૪૩૧-એ)**

**બાંદ્રા (વેસ્ટ)**
ટર્નર રોડ લિવલાયસંસ 2 BHK સેમી ફર્નિશ્ડ મહિને 90000/- ખાર લિંકિંગ રોડ 3 BHK ફર્નિશ્ડ પાર્કિંગ ડુપ્લેક્ષ ફ્લેટ મહિને 1,60,000/- તુરંત કબજો. 98202 96693. ''કટારિયા એજન્ટ'' (૧૫૪૨૬-એ)

■ વિલેપાર્લે (વેસ્ટ) ઈર્લામાં 30 વર્ષના અનુભવી રેપ્યુટેડ બિલ્ડરના નવા બંધાતા RERA રજીસ્ટર્ડ પ્રોજેક્ટમાં સ્પેશીયસ 2 બેડરૂમના - 718' તથા 747' કાર્પેટ ફ્લેટ્સ (જોડીમાં પણ ઉપલબ્ધ). ટાર્ગેટેડ પઝેશનઃ ડિસેમ્બર, 2025 (વેચાણ ભાવઃ 35000 પ્રતિ કાર્પેટ). સેમ્પલ ફ્લેટ તૈયાર સાઈટ વિઝીટ તથા વધુ જાણકારી માટે સંપર્ક: 9867953968 / 9870839081. (બી-૧૫૩૨૩)

**પાર્લા ઈસ્ટ**
જૈન દેરાસર 4 બેડરૂમ ડુપ્લેક્સ, ફુલ્લી ફર્નિશ્ડ, 2 પાર્કિંગ સાથે વેચાણથી / અંધેરી વેસ્ટ 3 બેડરૂમ 1200' કાર્પેટ ફુલ્લી ફર્નિશ્ડ 3 પાર્કિંગ અર્જન્ટ વેચાણથી / જુહુમાં 4 બેડરૂમ મીઠીબાઈ કોલેજ પાસે હાયરફલોર ફુલ્લી ફર્નિશ્ડ 2 પાર્કિંગ સાથે 10.50 કરોડ. સુરેશ - 9224151071. (બી-૧૫૩૨૧)

**લીઝ ફ્લેટો**
૨/૩/૪ બેડરૂમ ફર્નિશ્ડ ફ્લેટો લીઝ ૩ બેડરૂમ ઓનરશીપ જુહુધારા કોમ્પલેક્ષ જેવી લીંકરોડ ૧ બેડરૂમ જુહુ ગ્રીનફિલ્ડ ૪ બેડરૂમ પાર્લા (વેસ્ટ) લીઝ, બી. નરેન્દ્ર જોશી ૯૮૨૦૨૯૪૯૨૨, ૯૧૬૭૩૦૯૮૬૯, ૯૮૯૨૨૯૭૭૭૫. વિશાલ (૧૫૪૩૨-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પંતનગર, OCવાળા નવા બિલ્ડિંગમાં, 2.5 બેડરૂમ, હોલ, કિચન, 655' કારપેટ, 1.50 CR, 3 બેડરૂમ, હોલ, કિચન-720' કારપેટ-1.80 CR, બધા ચાર્જીસ સાથે. ''જુગ્નું શાહ'' "Home-Alone Propery"- 9833352224. (૧૫૪૩૪/એ)**

**કાંદિવલી (વેસ્ટમાં)**
**લકઝરીયસ 1 / 2 / 3 બેડરૂમના ફ્લેટો માટે - 9867932447. (૧૫૪૩૩-એ)**

**''ભાયખલા''**
રાણીબાગ પાસે 3000 કાર્પેટ 5 BHK ફુલ્લી ફર્નિશ્ડ. આઉટરાઈટથી: 9819592415. (૧૫૪૩૫/એ)

(જુઓ પાનું ૧૨) ▸▸

SPECIAL FESTIVAL OFFER
2BHK FLATS IN MULUND WEST
MORPHOSIS REALTORS INDIA PVT. LTD.
READY FOR FIT-OUTS
BOOK NOW ! LIMITED FLATS AVAILABLE
MORPHOSIS Adagio
Spacious 2BHK
₹1.21* CR onwards
OC RECEIVED UPTO 17th FLOOR
Contact 9702018999
MAHARERA Registration Number: P51800006935



(B-15240)

# ગુજરાતમાં માવઠાં સાથે કરા વર્ષાની આગાહીઃ ચાર જિલ્લામાં ઑરેન્જ એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભરશિયાળે અષાઢી માહોલ જામ્યો છે, હવામાન વિભાગે માવઠાંની આગાહી કરતાં જગતનો તાત ચિંતિત બન્યો છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી ૨૪ કલાક દરમિયાન રાજ્યના કયા-કયા જિલ્લાઓમાં વરસાદની સંભાવના છે અને કયા ચાર જિલ્લાઓમાં કરા પડવાની શક્યતા છે, તે અંગે માહિતી આપવામાં આવી હતી, હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું કે, આગામી ૨૪ કલાક દરમિયાન ગુજરાત રિઝનમાં હળવાથી મધ્યમ વરસાદ, થંડર સ્ટ્રોમ અને ગાજવીજની સંભાવના છે. જ્યારે પવનની ગતિ ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાક રહેશે. આ સાથે જ તેમણે જણાવ્યું હતું કે, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, નર્મદામાં કરા પડવાની પણ સંભાવના છે. તેમના જણાવ્યા અનુસાર, બનાસકાંઠા, સાબરકાંઠા, નર્મદા અને અરવલ્લીમાં ઑરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. બાકીના જિલ્લાઓમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

તે ઉપરાંત વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે ગાંધીનગર, પાટણ, મહેસાણા, ખેડા, આણંદ, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, દમણ અને દાદરા નગર હવેલીમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી.

રાજ્યમાં ભરશિયાળે હવામાનમાં આવેલા પલટાના કારણ વિશે એ. કે. દાસે જણાવ્યું હતું કે, સાઉથ વેસ્ટ રાજસ્થાનમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. નોર્થ પાકિસ્તાનથી લઈને સાઉથ ઇસ્ટ સેન્ટ્રલ અરેબિયન સી સુધી એક ટ્રફ બનેલું છે, તેના કારણે વરસાદની આગાહી કરવામાં આવી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, અમદાવાદમાં હળવો વરસાદ રહેશે. જ્યારે પવનની ગતિ ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિકલાક રહેશે. તેમણે કહ્યું કે, આ સાથે જ તાપમાનમાં કોઈ ફેરફાર થવાની સંભાવના નથી. ૨૪ કલાક સુધી તેમાં કોઈ ફેરફાર થશે નહીં. તે બાદ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થશે.■

# ગુજરાત સરકારે ટેકાના ભાવે અત્યાર સુધી ૪.૬૮ લાખ મેટ્રિક ટન મગફળી ખરીદી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદી કરવામાં આવી રહી છે, રાજ્ય સરકારે અત્યાર સુધી ૪.૬૮ લાખ મેટ્રિક ટન મગફળીની ખરીદી કરી છે જેમાં ૧,૪૨,૬૯૭ ખેડૂતો પાસેથી મગફળી ખરીદી કરાઈ છે જ્યારે મગફળી ખરીદી બદલ ખેડૂતોને ૧૪૧૮ કરોડ રૂપિયાની ચુકવણી કરવામાં આવી છે. તેની સાથે સાથે ૬૪,૯૫૨ ખેડૂતોને રકમ ચૂકવાઇ ગઈ છે, હજુ પણ ટેકાના ભાવે ખરીદી ચાલુ જ છે. ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરવા માટે અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૩,૩૩,૦૦૦થી વધુ ખેડૂતોએ ઑનલાઈન નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી રૂા. ૧,૩૫૬.૬૦ પ્રતિ મણના ભાવે પૂરતા પ્રમાણમાં મગફળીની ખરીદી કરવામાં આવશે.

ભારત સરકારની તાજેતરની જાહેરાત મુજબ એક દિવસમાં એક ખેડૂત પાસેથી વિસ્તાર આધારિત મહત્તમ ૪,૦૦૦ કિ.ગ્રા એટલે કે, ૨૦૦ મણ મગફળીની ખરીદી કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે વેચાણ માટે નોંધણીની તારીખ લંબાવવામાં આવી છે. હજુ પણ નોંધણી કરાવવાની બાકી હોય તેવા ખેડૂતો આગામી તા. ૧૦ નવેમ્બર સુધી ઑનલાઈન નોંધણી કરાવી શકશે. તે જ પ્રકારે રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ખેડૂતો નોંધણી કરાવી શકે તે માટે નાફેડનું ઈ-સમૃદ્ધિ પોર્ટલ તા. ૦૩-૧૦-૨૦૨૪થી તા. ૩૧-૧૦-૨૦૨૪ સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. રાજ્યનો કોઈ પણ ખેડૂત ટેકાના ભાવે ખરીદીના લાભથી વંચિત ન રહી જાય તે માટે આ નોંધણી પ્રક્રિયા આગામી તા. ૧૧ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી હતી.

ભારત સરકારના પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન હેઠળ ગુજરાતમાં મગફળી, મગ, અડદ અને સોયાબીન પાકની ટેકાના ભાવે તા. ૨૧મી ઑક્ટોબરથી ખરીદી શરૂ કરવામાં આવી છે. કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને રાજ્યમાં મગફળી માટે ૧૬૦, મગ માટે ૭૩, અડદ માટે ૧૦૫ અને સોયાબીન માટે ૯૭ ખરીદ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યાં છે.

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી કુલ રૂા. ૭૬૪૫ કરોડના મૂલ્યની ૧૧.૨૭ લાખ મેટ્રિક ટન મગફળી, રૂા. ૪૫૦ કરોડના મૂલ્યનું ૯૨૦૦૦ મેટ્રિક ટન સોયાબીન, રૂા. ૩૭૦ કરોડના મૂલ્યના ૫૦૯૭૦ મેટ્રિક ટન અડદ અને રૂા. ૭૦ કરોડના મૂલ્યના ૮૦૦૦ મેટ્રિક ટન મગની મળીને કુલ રૂા.૮૪૭૪ કરોડના મુલ્યની આશરે ૧૨.૭૮ લાખ મેટ્રિક ટન જણસીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ■

# સીએ ફાઈનલ પરીક્ષામાં અમદાવાદની રિયા શાહ દેશભરમાં બીજા ક્રમે

## વડોદરાના બે પરીક્ષાર્થીને ટોપ-૫૦માં સ્થાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાંથી માત્ર જૂજ લોકો જ પાસ થાય છે એવી અઘરી ગણાતી સીએ ફાઈનલની પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. ગત નવેમ્બર ૨૦૨૪માં લેવાયેલી સીએ ફાઈનલની પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું, જેમાં અમદાવાદની દીકરી અવ્વલ આવી હતી. જ્યારે હૈદરાબાદના હેરાંબ મહેશ્વરી અને તિરુપતિના રિષભે ઓસ્વાલે સંયુક્તરૂપે ૫૦૮ માર્ક્સ સાથે પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. રિયા શાહે ૫૦૧ માર્ક્સ સાથે બીજો નંબર મેળવ્યો હતો.

આ ઉપરાંત વડોદરાના બે વિદ્યાર્થીઓને ટોપ-૫૦માં સ્થાન મળ્યું હતું. વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા નૈષધ વૈદ્યે દેશમાં ૯મો અને નવા બજાર વિસ્તારમાં રહેતી પ્રિયંકા શાહે ૪૭મો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

અમદાવાદની રિયા શાહે ઑલ ઇન્ડિયા લેવલે બીજો ક્રમ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું. રિયાએ મેળવેલી સિદ્ધિથી રિયાના પરિવારમાં પણ ખુશી છવાઈ હતી. ઑલ ઈન્ડિયા રેન્કિંગ-૨ મેળવ્યા બાદ હવે ભારતમાં જ મોટી કંપનીમાં નોકરી કરવાની રિયાએ ઇચ્છા વ્યક્ત કરી હતી. રિયાના પિતા અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના કર્મચારી છે.

રિયા શાહે તેની તૈયારી અંગે જણાવ્યું હતું કે, તે ફાઇનલ ક્રેક કરવા રોજના ૧૦ કલાક વાંચતી હતી. પરીક્ષા આપતાં પહેલાં રિયાએ મોક ટેસ્ટ આપી હતી. જેથી તેના પરિણામમાં સારો સુધારો થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સીએ ફાઈનલની પરીક્ષા પહેલાં રિયા બીમાર પડી ગઈ હતી. બીમાર હોવા છતાં સીએ ફાઈનલ પરીક્ષા આપી રિયાએ બીજો ક્રમાંક મેળવ્યો હતો. પરીક્ષા આપ્યા બાદ રેન્ક અંગે રિયા આશાવાદી હતી. રોજના અડધો કલાક સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી હતી.

રિયા શાહે સીએ ઇન્ટરમીડિયેટમાં પણ ઑલ ઈન્ડિયા રેન્કિંગમાં ૪૨મો ક્રમાંક મેળવ્યો હતો. જ્યારે અમદાવાદમાં બીજો ક્રમ મેળવ્યો હતો.

જોકે સખત મહેનત અને પરિણામ સુધી પહોંચવાની રિયાની ધગશે તેને વધુ એકવાર સફળતા અપાવી હતી. રિયાની આ મહેનત સીએના અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણા રૂપ બની છે. ■

# પૂર્વ પીએમ મનમોહનસિંહના નિધન બાદ જાહેર કરાયેલા રાષ્ટ્રીય શોકને પગલે કાંકરિયા કાર્નિવલ રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશના ભૂતપૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહનસિંહના નિધન બાદ કેન્દ્ર સરકારે જાહેર કરેલા રાષ્ટ્રીય શોક અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કાંકરિયા કાર્નિવલને સંપૂર્ણ રદ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. જોકે કાંકરિયા લેક ફ્રન્ટ પરિસર ખાતે વિનામૂલ્યે પ્રવેશ ચાલુ રહેશે. તે ઉપરાંત ૧ જાન્યુઆરીથી શરૂ થનારા ફ્લાવર શોની તારીખોમાં પણ ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો હતો. ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના શુક્રવારના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમો રદ કરવામાં આવ્યા હતા. ગુરુવારે દેશના ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહનસિંહનું ૯૨ વર્ષની વયે દિલ્હીની એઈમ્સ ખાતે નિધન થયું હતું. કેન્દ્ર સરકારે તેમના નિધન બાદ ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો. જેથી અમદાવાદમાં આયોજિત કાંકરિયા કાર્નિવલને સંપૂર્ણ રદ કરવા અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નિર્ણય લેવાયો હતો. બીજી તરફ કાંકરિયા લેક ફ્રન્ટ પરિસર ખાતે લોકો માટે વિનામૂલ્યે પ્રવેશ ચાલુ રહેશે.

જ્યારે પહેલી જાન્યુઆરીથી શરૂ થનારા ફ્લાવર શોની તારીખમાં પણ ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો હતો. અમદાવાદનાં મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે, સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાનારા ફ્લાવર શોનું ૧ જાન્યુઆરીના રોજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્ઘાટન થવાનું હતું, પરંતુ રાષ્ટ્રીય શોકના પગલે હવે ૩ જાન્યુઆરીની આજુબાજુ આ ફ્લાવર શો નાગરિકો માટે ખુલ્લો મુકાશે.

# અમદાવાદમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન આપવાની લાલચ આપી ઠગોએ ૭૮ લોકોને છેતર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં પ્રોપર્ટીની લે-વેચમાં છેતરપિંડીના અનેક પ્રકારના કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતી એક મહિલાએ ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે, આરોપીએ સચિવાલયમાં પ્રધાનમંત્રી આવાસ યોજના વિભાગમાં નોકરી કરતો હોવાનું જણાવી સોલા ખાતે નિર્માણ પામી રહેલા આવાસમાં ત્રણ મકાન ફાળવવા માટે ૧૮.૪૫ લાખ લઈને મકાન ફાળવણીના ખોટા પ્રમાણપત્રો આપ્યાં હતાં.

પોલીસે મહિલાની ફરિયાદ લઈને મુખ્ય આરોપીને ઝડપી પાડ્યો હતો. ત્યાર બાદ તેના બે સાગરીતો પણ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પોલીસે આરોપી વિરલ સોની અને રવિ સોલંકીને ઝડપીને કોર્ટમાં રજૂ કર્યા હતા અને ૧૦ દિવસના રિમાન્ડની માગ કરી હતી. પોલીસ તરફથી સરકારી વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, આરોપીઓએ કોની મદદથી ખોટા સરકારી કાગળિયાં બનાવ્યા છે?, આરોપીઓ પાસેથી ભોગ બનનારાઓએ આપેલી રકમ મેળવવાની બાકી છે. જે મશીનો ખોટાં સરકારી કાગળિયાં તૈયાર કરવામાં વાપરયાં હતાં તેને જપ્ત કરવાનાં પણ બાકી છે.

પોલીસે પકડેલા બંને આરોપીઓએ વિરમસિંહને જુદા જુદા ૭૮ લોકોનો ભેટો કરાવ્યો હતો. જેના કમિશન પેટે બંને આરોપીઓએ કુલ ૩૩ લાખ રૂપિયા મેળવ્યા હતા. જેની યાદી તેમણે પોલીસને આપી નહોતી. ■

# અમદાવાદના ગ્યાસપુર ખાતે વિશાળ જંગલ સફારી અને બાયોડાયવર્સિટી પાર્ક બનાવવાનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મહાનગર-પાલિકા દ્વારા ગ્યાસપુર ખાતે રાજ્યના સૌથી મોટા જંગલ સફારી અને બાયોડાયવર્સિટી પાર્ક બનાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટેનો પ્રાથમિક રિપોર્ટ પર્યાવરણ મંત્રાલય દિલ્હી ખાતે મોકલવામાં આવ્યો છે. જેને મંજૂરી મળતાં જ જંગલ સફારી પાર્ક અને બાયો ડાયવર્સિટી સિટી પાર્ક બનાવવા આગામી એક મહિનામાં કન્સલ્ટન્ટની નિમણૂક કરવાની પ્રક્રિયા હાથ ધરાશે. અમદાવાદ મહાનગરપાલિકાનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે કાંકરિયા ઝૂના વિસ્તરણ તરીકે શહેરના ગ્યાસપુર ખાતે ૩ હજાર એકર જમીનમાં વિશાળ જંગલ સફારી પાર્ક વિકસાવવામાં આવશે. જેના માટે ડીપીઆર તૈયાર કરવા માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરાશે. જંગલ સફારી તેમ જ બાયોડાયવર્સિટી પાર્ક બનાવવા સાઈટ મેપિંગ અને કેસ સ્ટડીથી લઈને પાર્કની ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રાણીઓ માટે રહેઠાણ અને મુલાકાતીઓની સુવિધાઓ વિકસાવવા સુધીની દરેક બાબતોનો સમાવેશ કરાશે.

અમદાવાદના ગ્યાસપુરમાં જગ્યા વિશાળ હોવાથી ત્યાં આ પાર્ક સ્થાપવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. જંગલ સફારી માટે નવા પ્રાણીઓ લાવવા દિલ્હીથી મંજૂરી મળ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. બાયો ડાયવર્સિટી પાર્કમાં ઉદ્યાનો વિવિધ પ્રકારનાં વૃક્ષોની પ્રજાતિઓ હશે. જંગલ સફારી પાર્કમાં વિવિધ પ્રાણીઓની પ્રજાતિઓ માટે કુદરતી રહેઠાણો બનાવાશે એમ સૂત્રોએ જણાવ્યું હતું. ગ્યાસપુર ખાતે જંગલ સફારી પાર્ક બનાવવા માટે ઑગસ્ટ ૨૦૨૩માં ડીપીઆર માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવા ટેન્ડર બહાર પાડવામાં આવ્યાં હતાં. નવી ચૂંટાયેલી પાંખ દ્વારા હવે ફરીથી જંગલ સફારી પાર્ક અને બાયોડાયવર્સિટી પાર્ક બનાવવા માટે અધિકારીઓને સૂચના આપતાં તેઓ દ્વારા પ્રક્રિયા શરૂ કરાઈ છે અને દિલ્હીથી મંજૂરી મળ્યા બાદ આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ■

## દેશ-વિદેશ

# મનમોહન સિંહે ભારતના અર્થતંત્રને ઝડપી બનાવ્યુંઃ અમેરિકન વિદેશ પ્રધાન

વૉશિંગ્ટનઃ ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના નિધન બાદ અમેરિકા, કેનેડા, ફ્રાંસ, નેપાળ, માલદીવ, અફઘાનિસ્તાન સહિત અનેક દેશના અગ્રણી નેતાએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.

અમેરિકાના વિદેશ પ્રધાન એન્ટની બ્લિન્કેને મનમોહન સિંહને ભારત - અમેરિકાના સંબંધ વધુ દૃઢ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા ગણાવ્યા હતા અને જણાવ્યું હતું કે મનમોહન સિંહના નેતૃત્વ હેઠળ ભારત અને અમેરિકા અણુક્ષેત્રે સહકાર કરવાનો કરાર કરી શક્યા હતા. તેમણે ભારતના અર્થતંત્રને વધુ ઝડપી બનાવ્યું હતું.

ફ્રાંસના પ્રમુખ એમેન્યુએલ મેક્રોને જણાવ્યું હતું કે ભારતે એક મહાન વ્યક્તિ ગુમાવી છે. મનમોહન સિંહે પોતાનું સમગ્ર જીવન દેશસેવા માટે સમર્પિત કરી દીધું હતું. અમે ભારતના લોકોના દુઃખમાં સહભાગી થઇએ છીએ.

કેનેડાના ભૂતપૂર્વ વડા પ્રધાન સ્ટીફન હાર્પરે જણાવ્યું હતું કે મનમોહન સિંહ અનોખી બૌદ્ધિક પ્રતિભા ધરાવતા હતા અને પ્રામાણિક તેમ જ હોશિયાર હતા.

નેપાળના ભૂતપૂર્વ વડા પ્રધાન પુષ્પ કમલ દહલ 'પ્રચંડ'એ સોશિયલ મીડિયા 'એક્સ' પરની પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે મનમોહન સિંહ દીર્ઘદૃષ્ટિ ધરાવતા રાજદ્વારી હતા. નેપાળ સાથેના દ્વિપક્ષી સંબંધ વધારવામાં તેમણે મહત્ત્વનું યોગદાન આવ્યું હતું.

માલદીવના ભૂતપૂર્વ પ્રમુખ મહંમદ નાશીદે 'એક્સ' પર લખ્યું હતું કે મનમોહન સિંહ માલદીવના સારા મિત્ર હતા અને મને તેમની સાથે દ્વિપક્ષી મંત્રણા કરવામાં આનંદ આવતો હતો.

શ્રીલંકાના ભૂતપૂર્વ પ્રમુખ મહિન્દા રાજપક્સાએ જણાવ્યું હતું કે મનમોહન સિંહે ભારતની આર્થિક નીતિને છૂટછાટભરી બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને ભારતના અર્થતંત્રને વિકાસની નવી દિશા બતાવી હતી. (એજન્સી) ■

# મનમોહન સિંહ 'શેર શાયરી'ના શોખીન હતા

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહ 'શેર શાયરી'ના પણ શોખીન હતા અને સંસદમાં યોગ્ય સમયે 'શેર' બોલતા હોવાનું બહુ ઓછા લોકો જાણતા હશે.

લોકસભામાં ૨૦૧૧માં વિપક્ષના નેતા સુષમા સ્વરાજ કૉંગ્રેસની કેન્દ્ર સરકાર પર ભ્રષ્ટાચારના આક્ષેપ કરાઇ રહ્યાં હતાં અને તે સંબંધમાં ચર્ચા ચાલતી હતી ત્યારે સાહબ જાફરીનો શેર બોલ્યાં હતાં કે

'તૂ ઇધર ઉધર કી ન બાત કર,
યે બતા કિ કાફિલા ક્યૂં લૂટા,
મુઝે રહજનો સે ગિલા નહીં,
તેરી રહબરી કા સવાલ હૈ.'

મનમોહન સિંહે તેના જવાબમાં અલ્લામા ઇકબાલનો શેર કહ્યો હતો કે

'માના કિ તેરી દીદ કે કાબિલ નહીં હૂં મૈં
તૂ મેરા શૌક દેખ મેરા ઇંતિજાર દેખ.'

બન્ને નેતા વચ્ચે સંસદમાં ચર્ચા દરમિયાન અવારનવાર શેર શાયરી થતી રહેતી હતી.

રાષ્ટ્રપતિએ ૨૦૧૩માં સંસદની સંયુક્ત બેઠકને સંબોધી, તે બદલ તેમનો આભાર વ્યક્ત કરતી દરખાસ્ત વખતે મનમોહન સિંહે મિર્ઝા ગાલિબનો શેર કહ્યો હતો કે

'હમ કો ઉન સે વફા કી હૈ ઉમ્મીદ
જો નહીં જાનતે વફા ક્યા હૈ.'

મનમોહન સિંહે સંસદમાં ભ્રષ્ટાચારને લગતા આક્ષેપ પરની ચર્ચા વખતે અયાઝ ઝાંસ્વીનો શેર કહ્યો હતો કે

'હજારોં જવાબો સે
બેહતર હૈ મેરી ખામોશી,
ન જાને કિતને સવાલો કી
આબરુ રખ લી'

(એજન્સી) ■

# મનમોહન સિંહે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન વડા પ્રધાન મોદી વિશે આકરી ટિપ્પણી કરી'તી

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહે તેમના નાજુક સ્વાસ્થ્ય છતાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન મોદી વિશે આકરી ટિપ્પણી કરી હતી. તેમણે તેમના અનુગામી નરેન્દ્ર મોદી પર ચૂંટણી પ્રચાર દરમિયાન 'ઘૃણાસ્પદ ભાષણ' આપીને જાહેર ચર્ચાની ગરિમા અને વડા પ્રધાનપદની ગરિમા ઘટાડવાનો આરોપ લગાવ્યો હતો.

૧લી જૂને લોકસભા ચૂંટણીના સાતમા તબક્કા પહેલાં પંજાબના મતદારોને અપીલ કરતાં સિંહે કહ્યું હતું કે માત્ર કૉંગ્રેસ જ વિકાસલક્ષી પ્રગતિશીલ ભવિષ્યની ખાતરી આપી શકે છે, જ્યાં લોકતંત્ર અને બંધારણનું રક્ષણ કરવામાં આવશે. વરિષ્ઠ કૉંગ્રેસ નેતાએ ભાજપ સરકાર પર 'ખોટી રીતે વિચારવામાં આવેલી' અગ્નિપથ યોજનાને લાગુ કરવાનો પણ આરોપ લગાવ્યો હતો, જેને તેમણે રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવ્યો હતો. પંજાબના મતદારોને લખેલા તેમના છેલ્લા પત્રમાં તેમણે કહ્યું હતું કે ભાજપ વિચારે છે કે દેશભક્તિ, બહાદુરી અને સેવાનું મૂલ્ય માત્ર ચાર વર્ષ છે. આ તેમના બનાવટી રાષ્ટ્રવાદને દર્શાવે છે. કૉંગ્રેસે ૩૦મેના રોજ સિંહનો પત્ર મીડિયા સમક્ષ રજૂ કર્યો હતો. ■

# ફિલ્મસ્ટારોએ આપી મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ

નવી દિલ્હીઃ રજનીકાંત, કમલ હસન, મનોજ બાજપેયી, ચિરંજીવી અને અન્ય ફિલ્મસ્ટારોએ શુક્રવારે ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. મનમોહન સિંહને તેમણે દીર્ઘદૃષ્ટા, કુશળ મુત્સદ્દી અને મહાન આર્થિક સુધારાવાદી લેખાવ્યા હતા.

ભારતના આર્થિક સુધારાના ઘડવૈયા લેખાતા મનમોહન સિંહનું ગુરુવારે રાતે દિલ્હીની ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઑફ મેડિકલ સાયન્સ (એઈમ્સ) ખાતે અવસાન થયું હતું. તેઓ ૯૨ વર્ષના હતા.

વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ સુધી તેમણે ભારતના વડા પ્રધાન તરીકે સેવા આપી હતી. નાણાં પ્રધાન તરીકે ૧૯૯૧માં તેમણે દેશના આર્થિક માળકામાં સુધારો લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ કારણે તેમને વૈશ્વિક નાણાકીય અને આર્થિક વર્તુળમાં વ્યાપક માન્યતા મળી હતી.

સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં કમલ હસને લખ્યું હતું કે ભારતે કુશળ મુત્સદ્દી, વિદ્વાન અને સૌથી સારા પુત્રોમાંનો એક ગુમાવ્યો છે. મનમોહન સિંહની વિદાયથી ભારતના રાજકારણના એક યુગનો અંત આવ્યો છે. શાંત પ્રકૃતિના મનમોહન સિંહે તેમની દીર્ઘદૃષ્ટી તેમ જ આર્થિક અને સામાજિક નીતિઓથી દેશને યોગ્ય દિશા અને આકાર આપ્યો હતો. દેશના વિકાસની દિશાને મનમોહન સિંહની જેમ બહુ ઓછા લોકો પ્રભાવિત કરી શક્યા છે. નાણાં પ્રધાન અને વડા પ્રધાન તરીકેની તેમની નીતિઓએ લાખો લોકોનું સશક્તિકરણ કરવાની સાથે સાથે દેશની લોકશાહીના તાણાવાણાને વધુ મજબૂત કર્યા હતા તેમ જ સમાજના વંચિત લોકોના ઉત્કર્ષમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

રજનીકાંતે કહ્યું હતું કે મનમોહન સિંહ ઉમદા માણસ, આર્થિક સુધારાવાદી અને મુત્સદ્દી હતા. ચિરંજીવે કહ્યું હતું કે મનમોહન સિંહ અતિ શિક્ષિત, વિનયશીલ, મોહક વ્યક્તિત્વ ધરાવતા અને ઓછાબોલા નેતા હતા.

નાણાં પ્રધાન તરીકેની તેમની દૂરંદેશીએ દેશના આર્થિક સુધારામાં ગૅમ ચૅન્જિંગ યોગદાન આપ્યું હતું. દેશના ૧૩મા વડા પ્રધાન તરીકે બે સફળ મુદત દેશના ઈતિહાસમાં કાયમ માટે કોતરાયેલી રહેશે. વડા પ્રધાન તરીકેની મનમોહન સિંહની બીજીમુદતના કાર્યકાળ દરમિયાન સાંસદ અને રાજ્યકક્ષાના પ્રવાસન ખાતાના પ્રધાન તરીકે સેવા આપવાની મને તક મળી તે બદલ હું પોતાને ભાગ્યશાળી સમજું છું. તેમની વિદાયથી દેશને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. મનમોહન સિંહના પરિવારજનો પરત્વે હું સહાનુભૂતિની લાગણી વ્યક્ત કરું છું, એમ ચિરંજીવીએ કહ્યું હતું.

દેશમાં આર્થિક સુધારા અને ઉદારીકરણમાં મનમોહન સિંહે ભજવેલી ભૂમિકાની પ્રશંસા કરતાં બોલીવૂડના અભિનેતા સની દેઓલે કહ્યું હતું કે દેશના વિકાસમાં તેમણે આપેલા યોગદાનને કાયમ યાદ કરવામાં આવશે. તેમના પરિવારજનો પરત્વે હું હૃદયપૂર્વક સહાનુભુતિ વ્યક્ત કરું છું.

મનોજ બાજપેયીએ કહ્યું હતું કે મનમોહન સિંહના અવસાનના સમાચારથી હું ઘેરા શોક અને આઘાતની લાગણી અનુભવી રહ્યો છું. દેશના વિકાસનાં દરેક પાસાંમાં તેમણે આપેલા યોગદાનના હંમેશાં યાદ રાખવામાં આવશે.

અનિલ કપૂરે કહ્યું હતું કે મનમોહન સિંહને હું એક જ વાર મળ્યો હતો, પરંતુ તેમની મુલાકાતે મારા જીવન પર અવિસ્મરણીય છાપ છોડી હતી. તેઓ અતિ નમ્ર હતા એમ જણાવતાં અનિલ કપૂરે કહ્યું હતું કે તેમના અસાધારણ યોગદાનને દેશ હંમેશાં યાદ રાખશે.

દિલજિત દોસંજેએ સોશિયલ મીડિયા પર મનોમહન સિંહનો ફોટો શૅર કર્યો હતો અને લખ્યું હતું. 'ઓ, વાહેગુરુ'.

અનુષ્કા શંર્માએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું 'રેસ્ટ ઈન પીસ ડૉ. મનમોહનસિંહજી'.

ઈન્સ્ટાગ્રામ પર મનમોહન સિંહનો ફોટો શૅર કરતાં અલ્લુ અર્જુને લખ્યું હતું કે 'તેમનાં નેતૃત્વ અને નિષ્ઠાને કાયમ યાદ રાખવામાં આવશે.'

વર્ષ ૨૦૧૯માં રિલીઝ થયેલી ફિલ્મ 'એક્સિડન્ટલ પ્રાઈમ મિનિસ્ટર' ફિલ્મમાં મનમોહનસિંહની ભૂમિકા ભજવનાર વરિષ્ઠ અભિનેતા અનુપમ ખેરે કહ્યું હતું કે તેમનાં અવસાનના સમાચારથી હું ઘેરા આઘાતની લાગણી અનુભવી રહ્યો છું.

ફિલ્મ માટે મનમોહન સિંહની દિનચર્યા અને જીવનશૈલીનો એક વર્ષ કરતાં પણ વધુ સમય મેં અભ્યાસ કર્યો હતો અને મને લાગતું હતું કે હકીકતમાં હું તેમની સાથે જ સમય વ્યતીત કરી રહ્યો છું. મનમોહન સિંહ અંગત રીતે ખૂબ જ પ્રામાણિક, મહાન અર્થશાસ્ત્રી અને અતિ નમ્ર વ્યક્તિ હતા. તેઓ ખંધા રાજકારણી નહોતા એમ જણાવી અનુપમ ખેરે મનમોહન સિંહના પરિવારજનો પરત્વે સહાનુભુતિ વ્યક્ત કરી હતી.

કાજોલે લખ્યું હતું કે દેશની નિષ્ઠાપૂર્વક સેવા કરનાર વિલક્ષણ નેતા મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ. દેશ માટેનું તેમનું યોગદાન ક્યારેય નહીં ભુલાય.

સંજય દત્તે લખ્યું હતું કે મનમોહન સિંહના નિધનથી હું ઊંડા આઘાતની લાગણી અનુભવી રહ્યો છું. કેમનું યોગદાન ક્યારેય નહીં ભૂલાય.

રીતેશ દેશમુખે કહ્યું હતું કે મનમોહનસિંહ દેશના સૌથી સારા વડા પ્રધાનોમાંના એક હતા.

દેશના વિકાસને તેમણે ગતિ આપી હતી. દેશ કાયમ માટે તેમનો ઋણી રહેશે. તેમનો આત્મ અનંતમાં ભળી જાય. આભાર મનમોહન સિંહજી.

ફિલ્મમેકર ઝોયા અખ્તર, ઈમ્તિયાઝ અલી, અભિનેતા અર્જુન કપૂર, ભૂમિ પેડણેકર, વિજય વર્મા, અલી ફૈઝલ, સામંથા રુથ પ્રભુ, શેફાલી શાહ, આયુષમાન ખુરાના, રણદીપ હૂડા, પરિણિતી ચોપડા, નવાઝુદ્દીન સિદ્દીકી અને સોનમ કપૂરે પણ મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપી હતી.

સ્વરા ભાસ્કરે કહ્યું હતું કે મનમોહન સિંહના કાર્યકાળ દરમિયાન દેશમાં સાચી લોકશાહી જોવા મળતી હતી. લોકો મુક્ત, ભયવિહીન અને સહિષ્ણુ હતા. તમે જેટલો યશ મળ્યો તેનાં કરતાં અનેકગણુ તમે દેશને આપ્યું છે. હકીકતમાં એ 'અચ્છે દિન' હવે પૂરા થઈ ગયા છે.

કોમેડિયન વીરદાસે કહ્યું હતું કે મનમોહન સિંહ રમુજી સ્વભાવના હતા અને હું ટીવી ચેનલ પર ઘણીવાર તેમના પર જૉક પણ કરતો હતો જેને તેઓ હળવાશથી લેતા હતા. અઠવાડિયાના પાંચ દિવસ મુખ્ય ટીવી ચેનલ પર અમે તેમના પર જૉક કરતા હતા જે ખરેખર સારું નહોતું, પરંતુ તે સમયે અમે અપરિપક્વ હતા. આજે અમને સમજાય છે કે મનમોહન સિંહ કેટલા મહાન અને વિનયી નેતા હતા. જે વ્યક્તિ પોતાના પરના જૉકને હળવાશથી લઈ શકે તે ખરેખર શક્તિશાળી, પ્રશંસનીય અને અજેય હોય છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે.

મનમોહન સિંહના મૃત્યુનો મલાજો જાળવીને સલમાન ખાનની સિકંદર ફિલ્મના ટીઝરની રિલીઝ શનિવાર સુધી મોકુફ રાખવામાં આવી છે. (એજન્સી) ■

# ક્લાસિફાઈડ

### ૧૭. જગ્યા આપવી છે

**''કાંદિવલી વેસ્ટ''**
3 BHK, 1,050', RAW ભાબ્રેકર નગર, ચારકોપ, ફુલ્લી ફર્નિશ્ડ, શંકરલેન. (વ્યાજબી ભાવથી) આઉટરાઈટથી: 9819592415. (૧૫૪૩૫/બી)

**''લોનાવાલા બંગલો''**
2 BHK, 1650 ફુલ્લી ફર્નિશ્ડ વરસોલી પાસે: 9819592415. (૧૫૪૩૫/સી)

**''લોનાવાલા બંગલો''**
2 BHK, 1600 કારપેટ દરેક જોડી આઉટરાઈટથી માલવલી સ્ટેશન પાસે, ગુડ વ્યુ, રિઝનેબલ પ્રાઈસ: 9819592415. (૧૫૪૩૫/ડી)

**MANISHVED ESTATE**
**તમારા વિશ્વાસુ રેરા પ્રમાણિત એજન્ટ આપના બજેટ અનુસાર ફ્લેટ-દુકાન-લેવા-વેંચવા-ભાડેથી મળો. સંપર્ક- 9820541849. અમે બોરીવલી-દહિંસર-અને કાંદિવલીમાં કાર્યરત છીએ. (બી-૧૫૩૧૭)**

**"PRABHADEVI"**
**"Sea View - Fully Furnished 2/3 Bedroom Flats available." "Akruti Builders" - 8591254627. (15401-A)**

**SALE/PURCHASE**
Bungalows Pent House Duplex Flats Plots Speciality Juhu. Andheri / South Mumbai. Shukla Estate - 8169147281. (B-15276)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**''પેઇન્ટ ફેક્ટરી''**
**Goodwillથી આપવાની છે - 45 વર્ષથી ભાઇન્દરમાં ચાલતી NC PAINTS બનાવટી ફેક્ટરી નીવૃત્તિના કારણે આપવાની છે. દરેક License છે. : 9892166900, 9773999421. (૧૫૩૦૯-એ)**

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073/ હિતેશ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૩૦૭)

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**■ અંધેરી (પૂર્વ) મરોલ મેટ્રો સ્ટેશન કોમર્શિયલ ઓફિસ પાસે વેચાણ માટે રેરા કાર્પેટ ૨૦૦ / ૨૪૫ / ૩૨૫ / ૩૫૫ / ૪૧૦ / ૫૮૦ / ૧૧૬૦ ચો. ફૂટમાં ૧૪ ફૂટ છતની ઉંચાઈ સાથે વ્યવસાય પ્રમાણપત્ર સાથે. સંપર્ક: ૯૯૩૦૧૧૧૨૩૪. (એસડીબી-૨૩૨૯)**

**બોરીવલી (વેસ્ટ)**
સાંઈબાબા, 850 કાર્પેટ, ગ્રાઉન્ડ 150', 700' બેઝમેન્ટ, કોમર્શિયલ જગ્યા ભાડે થી આપવાની. ''વિરાણી'' 9920984340, 9820071626. (૧૫૨૯૩-એ)

# યશસ્વી-કોહલીની સદીની ભાગીદારી પછી ધબડકો, ફરી ફૉલો-ઑનથી બચવાની રામાયણ



સ્ટીવ સ્મિથે ૩૪મી સદી ફટકારી

મેલબર્ન: અહીં બોર્ડર-ગાવસકર ટ્રોફીની ચોથી ટેસ્ટના બીજા દિવસે યશસ્વી જયસ્વાલ (૮૨ રન, ૧૧૮ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર) અને વિરાટ કોહલી (૩૬ રન, ૮૬ બૉલ, ચાર ફોર) વચ્ચેની ત્રીજી વિકેટ માટેની ૧૦૨ રનની દમદાર ભાગીદારી બાદ ૩૦ મિનિટમાં ટીમ ઇન્ડિયાનો ધબડકો થતાં યશસ્વી-કોહલીની મહેનત પર પાણી ફરી વળ્યું હતું.

બીજા દિવસની રમતના અંતે ભારતનો પ્રથમ દાવનો સ્કોર પાંચ વિકેટે ૧૬૪ રન હતો. ઑસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં ૪૭૪ રન બનાવ્યા હતા અને ભારત હજી ૩૧૦ રન પાછળ હતું. એ તો ઠીક, પણ ટીમ ઇન્ડિયાએ ફૉલો-ઑનથી બચવાની ફરી એકવાર મથામણ કરવી પડશે. ફૉલો-ઑન ટાળવા ભારતીય ટીમે શનિવારે બીજા ૧૧૧ રન બનાવવા પડે એવી સ્થિતિ શુક્રવારની રમતને અંતે હતી. બ્રિસ્બેનના ગૅબામાં જસપ્રીત બુમરાહ અને આકાશ દીપે ભારતને ફૉલો-ઑનથી બચાવ્યું હતું.

૧૫૩ રનના ટીમ-સ્કોર સુધીમાં ભારતની બે વિકેટ પડી હતી, પણ એ જ સ્કોર પર યશસ્વી આઉટ થવાની સાથે અડધો કલાકમાં કુલ ત્રણ વિકેટ પડી ગઈ હતી. યશસ્વી-કોહલીની ભાગીદારી આગળ વધી રહી હતી ત્યારે લાગતું હતું કે ટીમ ઇન્ડિયા પણ મોટો સ્કોર નોંધાવશે, પણ રનઆઉટમાં યશસ્વીની અને ત્યાર બાદ કોહલી તથા નાઇટ-વૉચમૅન આકાશ દીપ (૦)ની વિકેટ પડી જતાં ભારતીય ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી.

એ પહેલાં, સવારે આઉટ-ઑફ-ફૉર્મ કૅપ્ટન રોહિત શર્મા (પાંચ બૉલમાં ત્રણ રન) ઇનિંગ્સની બીજી જ ઓવરમાં આઉટ થઈ ગયો હતો. હરીફ સુકાની પૅટ કમિન્સે તેની વિકેટ લીધી હતી. શુભમન ગિલને આ મૅચમાં નથી રમાડવામાં આવ્યો એટલે કે. એલ. રાહુલ (૨૪ રન, ૪૨ બૉલ, ત્રણ ફોર) વનડાઉનમાં રમ્યો હતો, પણ તે અગાઉની ટેસ્ટ મૅચોની જેમ લાંબા સમય સુધી ક્રીઝમાં નહોતો ટકી શક્યો અને પૅટ કમિન્સના બૉલમાં ક્લીન બોલ્ડ થઈ ગયો હતો.

રમતને અંતે રિષભ પંત છ રને અને રવીન્દ્ર જાડેજા ચાર રને રમી રહ્યા હતા અને વૉશિંગ્ટન સુંદર, નીતિશ કુમાર રેડ્ડી, જસપ્રીત બુમરાહ તથા મોહમ્મદ સિરાજ બૅટિંગમાં આવવાના બાકી હતા.

ભારતીય સમય મુજબ વહેલી સવારે ૫.૦૦ વાગ્યે બીજા દિવસની રમત શરૂ થઈ ત્યારે ઑસ્ટ્રેલિયાએ ૩૧૧/૬ના સ્કોર પરથી આગળ રમવાનું શરૂ કર્યું હતું. સ્ટીવ સ્મિથ (૧૪૦ રન, ૧૯૭ બૉલ, ૨૯૪ મિનિટ, ત્રણ સિક્સર, તેર ફોર)નું ઑસ્ટ્રેલિયાના ૪૭૪/૧૦ના સ્કોરમાં સૌથી મોટું યોગદાન હતું. તેણે ૩૪મી ટેસ્ટ-સદી ફટકારી હતી. વિકેટકીપર ઍલેક્સ કૅરીએ ૩૧ રન, પૅટ કમિન્સે ૪૯ રન, મિચલ સ્ટાર્કે ૧૫ રન, નૅથન લાયને ૧૩ રન તથા સ્કૉટ બૉલેન્ડે અણનમ છ રનનું યોગદાન આપ્યું હતું.

ખાસ કરીને સ્મિથ-કમિન્સ વચ્ચે ૧૨૮ બૉલમાં ૧૦૦ રનની ભાગીદારી થઈ હતી. તેમની વચ્ચે કુલ ૧૧૨ રનની પાર્ટનરશિપ થઈ હતી.

જસપ્રીત બુમરાહે ૯૯ રનમાં ચાર વિકેટ તેમ જ જાડેજાએ ૭૮ રનમાં ત્રણ, આકાશ દીપે ૯૪ રનમાં બે અને વૉશિંગ્ટન સુંદરે ૪૯ રનમાં એક વિકેટ લીધી હતી. ■

# ડૉ. મનમોહન સિંહથી જ્યારે મોહમ્મદ અલી ઝીણાના માથા પર હૉકીનો બૉલ વાગ્યો હતો...



નવી દિલ્હી: ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહ ૯૨ વર્ષની ઉંમરે ગુરુવારે અવસાન પામ્યા ત્યાર બાદ તેમના ભૂતકાળની ઘણી જાણીતી ઘટનાઓની સાથે કેટલાક અજાણ્યા કિસ્સા પણ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે જેમાંનો એક કિસ્સો ૧૯૪૫ની સાલનો છે જ્યારે ડૉ મનમોહન સિંહથી અજાણતાં તેમનો હૉકીનો બૉલ મોહમ્મદ અલી ઝીણાને માથા પર વાગી ગયો હતો.

ડૉ. મનમોહન સિંહનો જન્મ ૧૯૩૨માં પાકિસ્તાનના પંજાબ પ્રાન્તના ગાહ નામના ગામમાં થયો હતો. તેઓ ટીનેજ વયના હતા ત્યારે હૉકી રમવાનો તેમને જબરો શોખ હતો. થોડા વર્ષો પહેલાં બેન્ગલૂરુમાં કર્ણાટક વિધાનસભા ચૂંટણી વખતે તેમણે પ્રચાર કર્યો હતો એ અરસામાં પત્રકારોના એક જૂથ સાથેની વાતચીત દરમ્યાન નાનપણમાં હૉકી રમવાના પોતાના શોખની વાત કરી હતી. ડૉ. સિંહે પત્રકારોને કહ્યું કે '૧૯૪૫માં લાહોરમાં મારાથી ભૂલથી મોહમ્મદ અલી ઝીણાને હૉકીનો બૉલ વાગી ગયો હતો.'

ડૉ. મનમોહન સિંહે તેમને વધુમાં કહ્યું કે '૧૯૪૫માં લાહોરમાં હું મોહમ્મદ અલી ઝીણાને મળ્યો હતો. તેઓ મારી નજીકના ઘરમાં રહેતા હતા અને અમે ઘણી વાર તેમના ઘરની બાજુના મેદાનમાં હૉકી રમતા હતા. એક દિવસ અજાણતાં જ મારાથી હૉકીનો બૉલ ઝીણાને વાગ્યો હતો. સદનસીબે તેમને ઈજા નહોતી થઈ. તેઓ પોતાના ઘરની બહાર ઊભા રહીને અમને હૉકી રમતા જોઈ રહ્યા હતા અને ત્યારે મારા શૉટમાં તેમને બૉલ વાગી ગયો હતો.' જ્યારે એક પત્રકારે ડૉ. મનમોહન સિંહને મજાકમાં કહ્યું કે 'એટલે ઝીણા પરનો એ પહેલો હુમલો હતો અને એના જશ માટેનો દાવો મનમોહન સિંહે કરવો જોઈએ,' એ સાંભળીને ડૉ. મનમોહન સિંહ શરમાઈને હસી પડ્યા હતા.

ઉલ્લેખનીય છે કે બ્રિટિશરોના તાબામાંથી ભારતે આઝાદી મેળવી ત્યારે ઝીણાએ ભારતના ભાગલા પડાવીને પાકિસ્તાનનું સર્જન કર્યું હતું. ■



(B-15283)

**SALE VILE PARLE (WEST)**
S. V. Road, Near Jain Mandir, 3 BHK, 1050 sq. ft., 2 Car Park, 4.30 Cr. Owner: 9820912133. (SDB-2318)

**JUHU SCHEME**
**Available 4 BHK 2500' Higher Floor Sea Views, New Building with Amenities Ready Possession. Rajnikant - 8657131155. (B-15300)**

**JUHU SCHEME**
**Available 4 BHK 2600' Higher Floor Sea View New Building with Amenities Ready Possession. Rajnikant - 8657131155. (B-15301)**

**KHETHWADI**
For Sale / Rent 1 BHK (560'} 2 BHK (530'} Jodi Flat, 2nd Floor, Ownership, Lift available. Vijay Realtors 9224214227. (15411-C)

**GHATKOPAR EAST**
Hingwala Lane, 2 & 3 BHK - Best & New Building with O.C., Ready Possession Flats, Near Jain Derasar / Apasray - Double Height Entrance Lobby - Jaquar Fittings & Designer Material Used - 2 Branded Elevators - Prime Location - 3 Side Open - Vastu Complaint.,Call: 8879390090. (15300-C)

**PAREL E, PRIME LOCATION**
**Pool, Club, Gym, Derasar 8-10! yr old Bldg., 1250 cpt, earlier Price 5.11 Cr. now, 4.81 Cr. Genuine Seller, also Runwal Nirvana 3 Bed 1325, cpt Investors Flat 5.5 Cr. ++ - 9819227923. (B-15070)**

**PAREL E, PRIME LOCATION**
**OC Applied Possn in 1-2 mts 2 Bed 3.10 cr++ Genuine Investor Deal Podium Amenities View +91 86559 29524. (B-15088)**

**PAREL, FREE HOLD LAND**
**Loaded Amenities OC Ready in 2 Months Higher Floors Large Spacious 3 Bed 1100 Cpt 4.50 - 5.11 Cr* 1325 Cpt, Investors Units 5.75 to 6.25 Cr* Brokers Excuse 9819227923. (B-15102)**

**SOUTH MUMBAI**
Peddar Road, Breach Candy, Malabar Hill, Walkeshwar, Cuffe Parade. 1, 2, 3, 4 BHK Sale, L&L, Ready & Under-Construction. 9892710071 / 9619048555. (B-15322)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**મલાડ-ગોરેગામ**
**ગાળા, ઓફિસ 580', 800', 2500' ભાડેથી/વેચાણથી લેવા- દિનેશ- 9324402779. (એસડીબી-૨૩૪૫)**

**પ્રિન્સેસ સ્ટ્રીટ**
ઓફીસ 461/1300 સ્કે. ફીટ, વકીલ/ સી.એ./ દવા બજાર/ કાપડ બજાર/ ઈલેક્ટ્રીક બજાર પાસે. પાર્કિંગ સાથે આપવાની છે. હરેશ- 9821030822. (૧૫૨૯૮/સી)

**ઘાટકોપર (ઈસ્ટ-વેસ્ટ)**
**એમ. જી. રોડ, 90' રોડ, રાજાવાડી ઓફિસ ભાડે/ વેચાણથી આપવાની છે. ''કરણ નિતીન દવે'' 7738741851. (૧૫૨૮૯-એ)**

**■ કાલબાદેવી રોડ પર શોરૂમ ટચીંગ મેઈન રોડ, મેટ્રો સિનેમાથી ૩જું બીલ્ડીંગ ગ્રાઉન્ડ ૫૦૦ + મેઝનીંગ ઊંચાઈ ૭ ફૂટ ૬૫૦ ચો. ફુટ બે બાથરૂમ્સ, કારપેટ ૧૧૫૦, ૨૪ કલાક પાણી, વેચાણ માટે ૯૮૨૦૦ ૮૧૬૬૮. (એસડીબી-૨૩૩૬)**

**દાદર (વેસ્ટ)**
સ્ટેશનની બાજુમાં, રોડ ફેસીંગ, 2500', પ્રિલીઝડ, કોમર્શિયલ, બીજે માળે, વેચાણથી. જેન્યુઇન પાર્ટી - દલાલ સંપર્ક: 9324406269. (૧૫૨૮૧-એ)

**બોરીવલી (વેસ્ટ)**
શોરૂમ ૭૦૫ કારપેટ, ઓરા બિપલેક્સ સોસાયટી, રામનગરમાં, કોરાકેન્દ્ર ફ્લાયઓવર પાસે વેચવાનો છે. 7977410590. (બી-૧૫૩૦૮)

**Juhu Scheme ભાડેથી**
Shop 240' carpet વૈશાલી શોપિંગ, આપવાની છે. યશ મહેતા: 9833766747. (૧૫૪૨૭/એ)

**બોરીવલી (વેસ્ટ) સ્ટેશન પાસે**
**પ્રાઈમ લોકેશન, EXCLUSIVE PREMISES મોલમાં-''ભાડેથી'' ઉપલબ્ધ. ત્રીજે માળે, 3600' કારપેટ + 3000' ફૂટ ટેરેસ. [સ્વીટસ, નમકીન ડ્રાયફ્રૂટ, ફાસ્ટ ફૂડ તથા BEST FOR VEGETARIAN RESTURANT AND BAR] LIFT FROM BASEMENT AVAILABLE. (ફોન 11 થી 6 કરવો.) સંપર્ક:- 9167999139. (૧૫૪૩૦/સી)**

**બોરીવલી (વેસ્ટ) સ્ટેશન પાસે**
**એસ.વી. રોડ ટચ, 210' કારપેટની ઓફિસ (સેલ્ફ કન્ટેન્ડ) કોમરશીયલ ટાવરમાં પાર્કિંગ સાથે વેંચાણથી (ઈન્વેસ્ટર માટે ઉત્તમ) 7021252705 ''VIRAM''. (૧૫૪૩૦/ડી)**

**બોરીવલીમાં**
**ઓફિસ ભાડે 680'- L.T. Road, Friene's Business Bay. માલાબાર જ્વેલર્સને ઉપર બોરીવલી (W) નવું બિલ્ડિંગ, પાર્કિંગ સાથે, 5 લિફ્ટ, સંપર્ક: કમલેશ-9223244209. (એસડીબી-૨૩૪૧)**

**RENTED PREMISES**
**Required Rented Premises for Reputed Ayurvedic Panchkarma Centre. Location Borivali (W) / Goregaon (W) (Elite Locality, Main Road with High Computer Traffic) area 900 - 1200 sq. feet. Ground / First Floor, Front Facing Commercial Property with Lift / Permission for 4 Bathroom (If not built), 1-2 Parking Spaces and Allowance for Hoarding / Display Board. Property Owner / Broker Welcome. Contact: 8291967915. (15421-A)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2340)

### ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૨૮૦-એ)

### ૨૪. વાહન/મોટરકાર સંબંધી

**ટેન્કર જોઈએ**
(10 ટાયરવાળા) વોટર સપ્લાયના બિઝનસ માટે ટેન્કર જોઈએ. 9821242740/ 9321242740. (૧૫૪૩૧/બી)

### ૩૧. નાણાંકીય

**''શેર ખરીદશું''**
બજારમાં ખપતાં / નહીં ખપતાં ડિમેટ / ફીજીકલ.. (શેરનાં કોઈપણ પ્રોબ્લેમ માટે સર્વિસ આપશું..) "Investment House" - 9321041907, 9321285108. (૧૫૨૭૬-જી)

**એકાઉન્ટન્ટસ**
એકાઉન્ટસ, ઈન્કમટેક્ષ રિટર્ન, GST રિટર્ન, ટિડીએસ રિટર્ન વ્યાજબી દરે તમારે ત્યાં કરી આપીશું-7507797315 /7977866201. (બી-૧૫૧૮૫)

**૧૦,૦૦,૦૦૦**
વળતર મહિને ૬૦૦૦ પ્લસ ૧૦ વર્ષમાં ૨૦,૦૦,૦૦૦ આપનો શુભચિન્તક અભય - 9223481847. (બી-૧૫૧૯૦)

### ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

**PLOT FOR SALE GHATKOPAR (W)**
**Ghatkopar (West), Walking Distance 5 minutes from Metro. 1000 sq. meters Freehold Plot. Clear Title. Very good for Ownership Project with Parking. Contact: 81081-19801 / 85919-77078. (B-15223)**

FOR SALE IN DEOLALI Camp Cantonment Near Nashik Two adjacent NA Bunglow Residential Plots with Water Electricity n Common Amenities 2400 square feet, 265 square yards each. No Brokerage. Contact +919822015710. (B-15293)

### ૩૩. ધંધાદારી

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કૂવા-સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ.'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' 9820776583 / 9892298963. (૧૫૨૯૧-એ)

**એકાઉન્ટ**
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૫૨૪૮)

### ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૫૧૭૭)

**પાણી જોઈએ**
ટેન્કર ભરવા માટે પાણી જોઈએ છે. સંપર્ક:- 9821242740 / 9321242740. (૧૫૪૨૩-એ)

REQUIRED BUYERS HAving knowledge for Imports/ Export Business of Plastic (Raw Materials, Roto Powder) Manufacturing Unit at SEZ Kandla for Development and Marketing Via B2B Platform / Local Lucrative Business. We will support you from our American Office. Proper Training Provided (if needed). "Nitin Mehta" 9987760379. (15414-A)

**TAX COMPLIANCES**
We provide Professional Service for Income Tax, TDS, all GST Returns, along with Reconciliation and Audit in Western Suburbs. Contact: Mehul Mehta: 9870150010. Sonal Mehta 9869256974. (B-15272)

FAMILY FOALTER MEDICLAIM Policy age 0 to no age limit 10 Lac to 1 Cross no Limit no Medical report cash less card protibilty available Dilipbhai 91366 21227/ 93215 54532. (B-15315)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**મહાલક્ષ્મી જ્યોતિષ**
**તાત્કાલિક સમાધાન લવ પ્રોબ્લેમ, છુટાછેડા, સાસ બહુ/પતિ-પત્ની અણબનાવ, લગ્નમાં રૂકાવટ, કામ ધંધામાં નુકસાન, પ્રેમમાં અસફળતા, છોકરા છોકરી કહેવામાં નથી. ફીસ કામ પછી. 9321554879. (૧૫૨૯૭-એ)**

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**
કમ્પ્લીટ- 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 4,000/=, 3 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/=, સ્પેશિયલાઈઝ બાથરૂમ, કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ, પ્લાનિંગ, રીનોવેશન. Whatsapp 8989282877. (૧૫૩૦૮-બી)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699 (કાંદિવલી). (૧૫૨૫૦-એ)

### ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**
Western Air International, USA, UK, Canada, Newzealand, Dubai, Singapore તમામ દેશમાં પાર્સલ મોકલવા - 9820605632, 9820875632. (૧૫૪૨૧-સી)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

# ગાવસકરે કહ્યું કે 'યશસ્વીએ આટલું જોખમ લઈને રન દોડવાની જરૂર જ નહોતી'

## બૅટિંગ-લેજન્ડ કૉમેન્ટરીમાં બોલ્યા કે 'કોહલીનું જો બરાબર ધ્યાન હોત તો તેણે રન પૂરો કર્યો હોત'



વિરાટના ઑસ્ટ્રેલિયન ઓપનર કૉન્સ્ટેસ સાથેના વિવાદના માહોલ વચ્ચે શુક્રવારે મેલબર્નના મેદાન પર એક ઘૂસણખોર યુવાન પિચ સુધી દોડી આવીને વિરાટને ભેટવાનો તેણે પ્રયાસ કર્યો હતો. (એપી/પીટીઆઇ)

મેલબર્ન: બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે શુક્રવારે ચોથી ટેસ્ટના બીજા દિવસે યશસ્વી જયસ્વાલ (૧૧૮ બૉલમાં ૮૨ રન) અને વિરાટ કોહલી (૮૬ બૉલમાં ૩૬ રન) જે રીતે જોડીમાં ઇનિંગ્સ આગળ વધારી રહ્યા હતા ત્યારે તેમણે કોઈ જોખમ ઉઠાવવાની જરૂર જ નહોતી, જોખમ ઉઠાવીને એ રન દોડવાની જરૂર જ નહોતી.'

યશસ્વીએ ૮૨ રનના પોતાના સ્કોર પર સ્કૉટ બૉલેન્ડના એક બૉલને મિડ-ઑન તરફ મોકલ્યા બાદ રન દોડવાની શરૂઆત કરી દીધી હતી. તે સામા છેડે પહોંચવા દોડતો રહ્યો હતો, જ્યારે કોહલીનું ધ્યાન ફીલ્ડર તરફ હતું અને બહુ આગળ નહોતો વધ્યો. યશસ્વી સામેના છેડા સુધી આવી ગયો અને પૅટ કમિન્સે ફેંકેલા બૉલને ઍલેક્સ કૅરીએ પોતાના કબજામાં લઈને તેને (યશસ્વીને) રનઆઉટ કરી દીધો હતો.

ગાવસકરે કૉમેન્ટરી દરમ્યાન કહ્યું, 'આ રન ખૂબ ઝડપથી દોડીને લેવાનો હતો અને કોહલી એ રન દોડી શક્યો હોત, પણ તેનું ધ્યાન ફીલ્ડર પર જ હતું. તમે જો ફીલ્ડર તરફ જુઓ અને પછી સામેની દિશા તરફ વળો એમાં તમે બહુમૂલ્ય એક સેકન્ડ ગુમાવી દીધી હોય છે. તમારું સમતોલપણું પણ જતું રહ્યું હોય એવામાં કોઈ જોખમ ઉઠાવીને રન લેવાય જ નહીં. કોહલીનું ધ્યાન જો પૂરેપૂરું રન દોડવામાં હોત તો તે સામા છેડે પહોંચી જ ગયો હોત, કારણકે તે બન્ને છેડાની વચ્ચે બહુ સારું દોડી જાણે છે.'

ગાવસકર એવું પણ બોલ્યા કે 'આ રન દોડવાની જરાય જરૂર નહોતી. રન સારી રીતે બની જ રહ્યા હતા એવામાં કોઈ ખોટું જોખમ શું કામ ઉઠાવવું જોઈએ.'

યશસ્વી રનઆઉટ થયા બાદ થોડી વારમાં કોહલીએ પણ એકાગ્રતાભંગ થઈ હોવાને લીધે પોતાની વિકેટ ગુમાવી દીધી હતી.

જસ્ટિન લૅન્ગરે પણ કહ્યું કે 'પૅટ કમિન્સ બહુ સારો ઍથ્લીટ છે. તેની હાજરીમાં આવો રિસ્કી રન દોડાય જ નહીં.' ■

# કૉન્સ્ટેસ-લાબુશેન પિચ પર દોડ્યા ને અમ્પાયરે તેમને કશું ન કહ્યું: ગાવસકર

મેલબર્ન: બોર્ડર-ગાવસકર ટ્રોફી દરમ્યાન ઑસ્ટ્રેલિયાના નવા ટીનેજ ઓપનિંગ બૅટર સૅમ કૉન્સ્ટેસે ગુરુવારની વિરાટ કોહલી સાથેની ટક્કર બાદ એ ઘટનાને હળવાશથી લઈને મામલો ઠંડો પાડી દીધો એને પગલે ક્રિકેટ જગતમાં કૉન્સ્ટેસની ખૂબ પ્રશંસા થઈ રહી છે. જોકે ભારતના બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે કૉમેન્ટરી દરમ્યાન કૉન્સ્ટેસ અને તેના સાથી બૅટર માર્નસ લાબુશેનને અન્ય એક મુદ્દે ખૂબ વખોડ્યા હતા. ગુરુવારે મૅચના પહેલા દિવસે કૉન્સ્ટેસે ૬૦ રન અને લાબુશેને ૭૨ રન બનાવ્યા હતા. તેમની વિકેટ અનુક્રમે રવીન્દ્ર જાડેજા અને વૉશિંગ્ટન સુંદરે લીધી હતી.

કૉન્સ્ટેસ અને લાબુશેન જોડીમાં રમી રહ્યા હતા ત્યારે રન દોડતી વખતે તેઓ પિચ પર વચ્ચોવચ દોડતા હતા એ ગાવસકર અને તેમના સાથી કૉમેન્ટેટર ઈરફાન પઠાણને જરા પણ નહોતું ગમ્યું.

ઈરફાન કૉમેન્ટરી દરમ્યાન બોલ્યો કે 'રોહિત શર્માએ લાબુશેનને કહ્યું કે તું રન લેતી વખતે પિચ પર વચ્ચેથી દોડે છે, એ બંધ કર.'

કૉમેન્ટરી બૉક્સમાંથી સુનીલ ગાવસકર તરત બોલ્યા કે 'સેમ કૉન્સ્ટેસ પણ એવું કરી રહ્યો છે. અમ્પાયરોમાંથી કોઈ તેમને કંઈ કહેતું જ નથી. માત્ર જોયા કરે છે, બસ.'

પછીથી કૉન્સ્ટેસ અને લાબુશેને રન દોડતી વખતે પિચ પર વચ્ચે દોડવાનું ટાળ્યું હતું. ■

# ભારતીય મહિલા ટીમની વેસ્ટ ઇન્ડિઝ સામે ૩-૦થી ક્લીન સ્વીપ




વડોદરા: અહીં ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે ત્રીજી અને અંતિમ વન-ડે રમાઈ જે જીતીને ભારતે શ્રેણીમાં ૩-૦થી વાઇટ-વૉશ કર્યો એ પહેલાં આ રોમાંચક મૅચની શરૂઆતમાં ભારતની ફાસ્ટ બોલર રેણુકા સિંહ ઠાકુરે કૅરિબિયન ટીમ પર આતંક મચાવ્યો હતો. એમાં પણ કૅપ્ટન-ઓપનર હૅલી મૅથ્યૂઝ (૦)ને તેણે જે રીતે ક્લીન બોલ્ડ કરી એ બદલ રેણુકાના વખાણ કરીએ એટલાઓછા છે.

વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં રેણુકાએ વેસ્ટ ઇન્ડિઝની ટીમને શરૂઆતમાં જ મોટી મુસીબતમાં મૂકી દીધી હતી. માત્ર નવ રનની અંદર પહેલી ત્રણેય વિકેટ રેણુકાએ ઝડપી હતી. વેસ્ટ ઇન્ડિઝની ટીમ માત્ર ૧૬૨ રનમાં આઉટ થઈ ગઈ હતી. રેણુકાએ ૨૯ રનમાં ચાર વિકેટ લીધી તો સ્પિન-ઑલરાઉન્ડર દીપ્તિ શર્માએ તેનાથી પણ ચડિયાતું પર્ફોર્મ કર્યું હતું. દીપ્તિએ ૩૧ રનમાં છ વિકેટ લીધી હતી. ટૂંકમાં, આ બે બોલરે જ કૅરિબિયન ટીમનો સફાયો કરી નાખ્યો હતો. ત્યાર બાદ ભારતે ૨૮.૨ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૭ રન બનાવીને વિજય મેળવી લીધો હતો અને સિરીઝમાં ૩-૦થી ક્લીન સ્વીપ કરી હતી. એમાં દીપ્તિ શર્માના અણનમ ૩૯ રન હાઇએસ્ટ હતા, જ્યારે હરમનપ્રીતે ૩૨ રન તથા જેમાઇમા રૉડ્રિગ્સે ૨૯ રન અને રિચા ઘોષે અણનમ ૨૩ રન બનાવ્યા હતા.

દીપ્તિ શર્માને પ્લેયર ઑફ ધ મૅચનો અને રેણુકા સિંહને પ્લેયર ઑફ ધ સિરીઝનો પુરસ્કાર મળ્યો હતો.

ભારતે આ શ્રેણી પહેલાં વેસ્ટ ઇન્ડિઝને નવી મુંબઈની ટી-૨૦ સિરીઝમાં ૨-૧થી હરાવી હતી. ■

# યુરોપના બજારોની આગેકૂચ સાથે સ્થાનિક સ્તરે ઓટો અને બેન્ક શેરોની આગેવાનીએ નિફ્ટી અને સેન્સેક્સમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ યુરોપના બજારોની આગેકૂચ સાથે સ્થાનિક સ્તરે ઓટો અને બેન્ક શેરોની આગેવાનીએ નિફ્ટી અને સેન્સેક્સમાં સુધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૨૨૬.૫૯ પોઈન્ટ અથવા ૦.૨૯ ટકા વધીને ૭૮,૬૯૯.૦૭ ના સ્તર પર સેટલ થયા છે. દિવસ દરમિયાન, તે ૫૭૦.૬૭ પોઈન્ટ અથવા ૦.૭૨ ટકા ઉછળીને ૭૯,૦૪૩.૧૫ પર પહોંચ્યો હતો. નિફ્ટી ૬૩.૨૦ પોઈન્ટ અથવા ૦.૨૭ ટકા વધીને ૨૩,૮૧૩.૪૦ પર સ્થિર થયો હતો.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઇન્ડસઇન્ડ બેન્ક, બજાજ ફાઇનાન્સ, ટાટા મોટર્સ, બજાજ ફિનસર્વ, નેસ્લે અને આઇસીઆઇસીઆઇ બેન્ક ટોપ ગેઇનર્સ રહ્યા હતા, જ્યારે સેન્સેક્સના શેરોમાં સ્ટેટ બેન્ક, ટાટા સ્ટીલ, અદાણી પોર્ટ, ઝોમેટો, અલ્ટ્રાટેક અને એચસીએલ ટોપ લુઝર્સ શેરોમાં હતાં.

ઈન્ડો ફાર્મ ઈક્વિપમેન્ટનું પ્રારંભિક જાહેર ભરણું ૩૧ ડિસેમ્બરના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને તે બીજી જાન્યુઆરીએ બંધ થશે. આ રૂ. ૨૬૦.૧૫ કરોડનો આઇપીઓ, રૂ. ૧૮૪.૮૦ કરોડના ૦.૮૬ કરોડ શેરના ફ્રેશ ઇશ્યુ અને રૂ. ૭૫.૨૫ કરોડના મૂલ્યના ૦.૩૫ કરોડ શેરના ઓએફએસનું સંયોજન છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૦૪થી રૂ. ૨૧૫ પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે.

મમતા મશીનરી તેના ઇસ્યુ ભાવ સામે ૧૪૭ ટકાના પ્રેમીયમે લિસ્ટેડ થયો છે. કોમપ્રિહેન્સીવ ઇન્ટિગ્રેટેડ ફેસીલીટી મેનેજમેન્ટ અને સ્પોર્ટ સર્વિસ પ્રોવાઈડર સુપ્રીમ ફેસિલિટી મેનેજમેન્ટ લિમિટેડે મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં બસ સેવાઓને વેગ આપવા માટે સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે.

સનાથન ટેક્સ્ટાઇલ ૩૧ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો છે. નિસસ ફાઈનાન્સ સર્વિસેસ કંપની લિમિટેડે ૨૦૨૫ના પ્રથમ છમાસિક પરિણામમાં ૧૮૬.૪૭ ટકાના વધારા સાથે રૂ. ૩૪.૬૩ કરોડની કુલ આવક, ૧૭૩.૪૯ ટકાના વધારા સાથે રૂ. ૨૫.૯૧ કરોડનો એબીટા, ૨૧૦.૯૭ ટકાના વધારા સાથે રૂ. ૧૮ ૬૯ કરોડના કરવેરા પછીનો નફો નોંધાવ્યો છે.

ડેમ કેપિટલ તેના ઇસ્યુ ભાવ સામે ૩૯ ટકાના પ્રેમીયમે લિસ્ટેડ થયો. ભારત અને કેનેડામાં મજબૂત હાજરી ધરાવતી, ક્લાઉડ સેવાઓ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, એન્ટરપ્રાઇઝ એપ્લીકેશન્સ અને મેનેજ્ડ આઇટી સેવાઓમાં નિષ્ણાત દેવ ઇન્ફર્મેશન ટેક્નોલોજી લિમિટેડે યુએસ કંપની પાસેથી એન્ટરપ્રાઇઝ કોન્ટ્રેક્ટ મેળવ્યો હોવાનો દાવો કર્યો છે.

ટ્રાન્સરેલ તેના ઇશ્યુ ભાવ સામે ૩૭ ટકાના પ્રીમિયમે લિસ્ટેડ થયો. ઓર્ગેનિક અને ઇનઓર્ગેનિક કેમિકલ્સ, બલ્ક ડ્રગ્સ અને ફૂડ કેમિકલ્સની પ્રાપ્તિ, સપ્લાય અને ડિસ્ટ્રિબ્યુશનમાં નિષ્ણાત સિટિકેમ ઈન્ડિયા લિમિટેડ ૨૭ ડિસેમ્બરે ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ સાથે મૂડીબજારમાં પ્રવેશી છે. કંપની ૧૮ લાખ ઇક્વિટી શેરના નવા ઈશ્યુ મારફત રૂ. ૧૨.૬૦ કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય ધરાવે છે, શેર દીઠ કિંમત રૂ. ૭૦ નક્કી થઇ છે.

અદાણી પોર્ટ્સે રૂ. ૪૫૦ કરોડનો ઓર્ડર આપતાં કોચીન શિપયાર્ડના શેરમાં પાંચ ટકા અપર સર્કિટ લાગી હતી. મનક્સિઆ કોટેડ મેટલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના શેરધારકોએ અસાધારણ સામાન્ય સભા દરમિયાન ૨,૦૭ લાખ સંપૂર્ણપણે કન્વર્ટિબલ વોરંટના પ્રેફેન્શિયલ ઈશ્યુને મંજૂરી આપી છે. વોરંટ દીઠ રૂ. ૬૫ની કિંમતે એકત્ર થનાર રૂ. ૧૩૪.૫૫ કરોડનું ભંડોળ કરજ ઘટાડવા, ક્ષમતા વિસ્તરણ અને ટેકનોલોજી અપગ્રેડેશન માટે થશે.

અલ્ટ્રાટેક સિમેન્ટે સ્ટાર સિમેન્ટમાં રૂ. ૮૫૧ કરોડમાં ૮.૭ ટકા હિસ્સો ખરીદ્યો છે. ભારતના આઉટ ઓફ હોમ (ઓઓએચ) જાહેરાત ઉદ્યોગમાં અગ્રણી, બ્રાઈટ આઉટડોર મીડિયા લિમિટેડે પશ્ચિમ રેલ્વેનો રૂ. ૬૦ કરોડનો બલ્ક એડવર્ટાઈઝિંગ કોન્ટ્રેક્ટ હાંસલ કર્યો છે. આ સાત વર્ષનો કરાર બ્રાઈટને મુંબઈના પશ્ચિમી ઉપનગરોમાં ૧૭,૫૫૫ ચોરસ ફૂટ પ્રાઇમ એડવર્ટાઈઝિંગ રિયલ એસ્ટેટ વિકસાવવાના વિશેષાધિકાર આપે છે. ઇન્ડસઇન્ડ બેન્ક રૂ. ૧,૫૭૩ કરોડના કુલ મૂલ્ય સાથે ૧૦ લાખથી વધુ માઇક્રોફાઇનાન્સ રિટેલ લોનની હરાજી કરવાની યોજના ધરાવે છે.

સ્વીગી લિમિટેડે પાતોના ડિલિવરી પાર્ટનર્સને નાણાકીય સાક્ષરતા પૂરી પાડવાના હેતુસર નેશનલ સ્ટોક એક્સચેન્જ સાથે કરાર કર્યા છે, જેના અંતર્ગત ખાસ કરીને મહિલા ડિલિવરી પાર્ટનર્સ પર ફોકસ સાથે સ્વીગીના એપ મારફત ફાઇનાન્શિયલ લિટરસી પ્રોગ્રામ પહોંચાડવામાં આવશે. સ્વીગીએ ૨૦૩૦ સુધીમાં મહિલા ડિલિવરી પાર્ટનર્સની સંખ્યા એક લાખ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

એશિયન બજારના વલણો પર નજર સાથે, વર્ષના અંતે પાંખા ટ્રેડિંગ વચ્ચે શેરબજારમાં સુસ્ત અને નિરસ શરૂઆત થઇ હતી. જોકે, લેવાલીનો ટેકો મળતાં તમામ ક્ષેત્રોમાં વ્યાપક સ્તરનો સુધારો જોવા મળ્યો હતો. સવારે ૧૦:૦૦ વાગ્યા સુધીમાં, સેન્સેક્સ ૦.૬૭ ટકા વધીને ૭૮,૯૪૭.૫૭ પર ૫૦૦ પોઈન્ટથી વધુ ઉછળ્યો હતો, જ્યારે નિફ્ટી ૧૬૧ પોઈન્ટ વધીને ૨૩,૯૦૦ની ઉપર ટ્રેડ થયો હતો .સવારના સત્રમાં નિફ્ટી ઓટો ઈન્ડેક્સે સૌથી વધુ ઉછાળો નોંધાવ્યો હતો, જે બજાજ ઓટો, હીરો મોટોકોર્પ, એમએન્ડએમ અને ટાટા મોટર્સ જેવા શેરોની આગેવાની હેઠળ ૦.૯ ટકા વધ્યો હતો. આ શેરોમાં એકથી અઢી ટકા સુધીનો ઉછાળો રહ્યો હતો.

સેક્ટરના ધોરણે, નિફ્ટી આઈટી અને નિફ્ટી હેલ્થકેર સિવાયના તમામ ઇન્ડેક્સ સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસ ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૪ ટકા વધ્યો હતો, જ્યારે મિડકેપ ઈન્ડેક્સ ૦.૨૫ ટકા વધ્યો હતો.

એશિયાઇ બજારોમાં ટોકિયો અને શાંઘાઇ ઊંચી સપાટીએ બંધ થયા હતા જ્યારે હોંગકોંગ અને સિઓલના બેન્ચમાર્ક ઇન્ડેસ્ક નેગેટિવ ઝોનમાં ગબડ્યા હતા. યુરોપિયન શેરબજાર બપોરના સત્ર સુધી પોઝિટિવ ઝોનમાં આગળ વધી રહ્યા હતા. અમેરિકન શેરબજારો ગુરુવારે સ્થિર રહ્યાં હતાં.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૮ ટકા વધીને ૭૩.૩૯ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. એક્સચેન્જના ડેટા અનુસાર શુક્રવારના સત્રમાં એફઆઇઆઇએ રૂ. ૧,૩૨૩.૨૯ કરોડની વેચવાલી નોંધાવી હતી, જ્યારે ડીઆઇઆઇએ રૂ. ૨,૫૪૪.૬૪ કરોડની લેવાલી નોંધાવી હતી.

વિદેશી સંસ્થાકીય ફંડોએ પાછલા સત્રમાં ગુરુવારે રૂ. ૨૩૭૬.૬૭ કરોડના શેર વેચ્યા હતા. સેન્સેક્સ પાછલા સત્રમાં ૦.૩૯ ટકા ગબડીને ૭૮,૪૭૨.૪૮ની સપાટીએ અને નિફ્ટી ૨૨.૫૫ પોઇન્ટ અથવા ૦.૧ ટકા વધીને ૨૩,૭૫૦.૨૦ની સપાટીએ પહોંચ્યો હતો. ■

# ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૫૩ પૈસા ગબડ્યા બાદ અંતે ૨૩ પૈસાના ઘટાડે બંધ

## બીજી ફેબ્રુઆરી, ૨૦૨૩ પછીનો તીવ્ર ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની વ્યાપક લેવાલી નીકળતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં એક તબક્કે બે વર્ષનો સૌથી મોટો ૫૩ પૈસાનો કડાકો બોલાઈ ગયા બાદ સંભવિતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ બજારમાં હસ્તક્ષેપ કરતાં સત્રના અંતે ગઈકાલના બંધ સામે ૨૩ પૈસાના ઘટાડા સાથે ૮૫.૫૦ના મથાળે બંધ રહ્યો હતો.

છેલ્લા કેટલાક સત્રથી ડૉલર સામે રૂપિયો નવી નીચી સપાટી નોંધાવી રહ્યો છે. આજે સત્રના આરંભે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૨૭ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૩૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૮૦ અને ઉપરમાં ૮૫.૩૧ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૩ પૈસાના ઘટાડા સાથે ૮૫.૫૦ની સપાટીએ બંધ રહ્યો હતો. આ પૂર્વે વર્ષ ૨૦૨૩ની બીજી ફેબ્રુઆરીના રોજ ડૉલર સામે રૂપિયામાં ૬૩ પૈસાનો કડાકો બોલાયો હતો.

એકંદરે દેશની વેપાર ખાધમાં વધારો અને મંદ પડેલી આર્થિક વૃદ્ધિની ચિંતા ઉપરાંત માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની વ્યાપક માગને કારણે રૂપિયો વધુ દબાણ હેઠળ આવી રહ્યો હોવાનું ફોરેક્સ એડવાઈઝરી ફર્મ સીઆર ફોરેક્સનાં મેનેજિંગ ડિરેક્ટર અમીત પાબારીએ જણાવતા ઉમેર્યું હતું કે આજે મુખ્યત્વે જાહેર ક્ષેત્રની બૅન્કો દ્વારા ડૉલર ઑફર થઈ રહ્યા હતા તે જોતા બજારમાં રિઝર્વ બૅન્કનો હસ્તક્ષેપ નકારી ન શકાય. વધુમાં મિરે એસેટ શેરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું કે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી, ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં આગેકૂચ તથા ક્રૂડતેલના ભાવમાં વધારો રૂપિયાને સતત દબાણ હેઠળ રાખી રહ્યો છે તે જોતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૫.૩૦થી ૮૫.૮૫ આસપાસની રેન્જમાં રહે તેવી ધારણા અમે મૂકી રહ્યા છીએ.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા વધીને ૧૦૭.૮૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૫ ટકા વધીને બેરલદીઠ ૭૩.૩૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**CORRIGENDUM**

Kindly refer to Public Notice advertisement **published on 27.12.2024** regarding Zarina Manzil, by oversight it is wrongly published "A N Nasikwala Advocate for Hanif Mohd Ismail Rawat and Mrs. Farida Ismail Seedat"
Kindly read the same as
**"A N Nasikwala Advocate for Zarina Salim Seedat D/o Hasan Rawat"**

**પશ્ચિમ રેલવે**

**ઇલેક્ટ્રિકલ વર્ક્સ**

Sr. DEE/P/BCT, ટેન્ડર નોટિસ નં. **EL ૮૧/૭/૯૨૪/WA/૫૪ તા. ૨૬/૧૨/૨૦૨૪** મંગાવે છે. **કામ અને સ્થળઃ** મુંબઈ સેન્ટ્રલ-Sr. DME ઓફિસ ખાતે સ્ટેશનોનું ૪૦ નં. માટે બોર્ડ સ્વીચેસ, કેબલ્સ વગેરે સહિત ઇલેક્ટ્રિકલ (પાવર) સપ્લાયની જોગવાઈ સાથેના સંબંધમાં ઈલેક્ટ્રિકલ (પાવર) કામ. **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૨,૯૭,૫૧૩/-, **બારડીઃ** રૂ. ૬,૦૦૦/-, **સુપ્રતિની તારીખ અને સમયઃ** ૨૪.૦૧.૨૦૨૫ ૧૫.૦૦ ક. સુધી. **ખોલવાની તારીખ અને સમયઃ** ૨૪.૦૧.૨૦૨૫ના ૧૫.૩૦ ક. ટેન્ડર વેબસાઈટ **www.ireps.gov.in** પર જોઈ શકાય છે.
0889

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# ખાંડમાં સુધારો, હાજરમાં ટકેલું વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવતા વેપાર રૂ. ૩૩૬૦થી ૩૪૧૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં મથકો પરના પ્રોત્સાહક અહેવાલે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. ■

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

(સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ)

નં. A.E. / SWM / ૧૭૩૦૨ / M/W તા. ૨૭.૧૨.૨૦૨૪

વિષયઃ- M/પશ્ચિમ વોર્ડમાં સફાઈકામ માટે સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન હેઠળ માનવબળના સપ્લાય માટે અરજીઓ મેળવવા અંગે.

**હિતની અભિવ્યક્તિ**

**જાહેરાત**

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ M/પશ્ચિમ વોર્ડના વિભાગ હેઠળ સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન હેઠળ સંસ્થા/બોર્ડ લોકભાગીદારી દ્વારા લોકોને સંગઠિત કરવાની અને વસ્તી સુધારણાની પ્રવૃત્તિઓ હાથ ધરવાની તેમજ લોટરી સિસ્ટમ દ્વારા ગોલ્ડન જ્યુબિલી શહેર રોજગાર યોજના હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોંધણી કરીને સ્થાપિત જૂથોને પસંદ કરીને અને બચત કરીને આ યોજનામાં કામ કરવાની ક્ષમતા ધરાવતા સફાઈની કામગીરી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્ર.નં. | યોજનાનું નામ | કામ માટે પસંદ કરવાની સંસ્થા | અરજી ફી (રૂ.) |
|---|---|---|---|
| ૧ | સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન (SMPA) | ૩૮ | ૧૦૦૦+૧૮% GST= રૂ. ૧૧૮૦/- |

અરજીની નકલ એમ પશ્ચિમ વોર્ડ ઓફિસની આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) વિભાગ પાસેથી ઓફિસ કલાક દરમિયાન તા. ૨૮.૧૨.૨૦૨૪ થી ૦૬.૦૧.૨૦૨૫ સુધી નાગરિક સુવિધા કેન્દ્ર (C.F.C.) ખાતે બૃહન્મુંબઈ મહાનગર પાલિકા આ નામથી રોકડમાં અથવા રાષ્ટ્રીયકૃત બેંકના ડી. ડી. સ્વરૂપમાં રૂ. ૧૦૦૦/- + ૧૮% GST= કુલ રૂ. ૧૧૮૦/- (રિફંડ પાત્ર નથી) ખાતે જમા કરાવ્યા પછી મેળવી શકાય છે. અરજી સુપ્રત કરતી વખતે તમામ કામ માટેના દસ્તાવેજો પૂર્ણ કર્યા પછી સુપ્રત કરવી જોઈએ. અન્યથા તમારી સંસ્થા પાત્રતા યાદીમાં પાત્ર રહેશે નહીં. સંસ્થાએ પાત્રતા માટે જરૂરી દસ્તાવેજો પૂર્ણ કર્યા પછી જ અરજી સુપ્રત કરવી જોઈએ. અન્યથા અપૂરતા દસ્તાવેજો સંસ્થાની પાત્રતા માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં. પાત્ર સંસ્થાઓની યાદી અને લોટરી ડ્રોની તારીખ M/પશ્ચિમ વોર્ડ ઓફિસ શરતો અને યોજના મુજબ સંબંધિત વિભાગના આસીસ્ટન્ટ કમિશનર દ્વારા સંસ્થાને કામ ફાળવવામાં આવશે. પ્રત્યેક નોકરી માટે અલગ અરજી અને અલગ રકમની ચુકવણી જરૂરી છે.

રસ ધરાવતી સંસ્થાઓએ વધુ વિગતો માટે, અરજી ફોર્મ અને એફિડેવિટના નમૂના માટે 'એમ/પ' સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ઓફિસમાં સંપર્ક કરવો. M/પશ્ચિમ વોર્ડ ઓફિસમાં સંસ્થા માટે અરજી કરવાની છેલ્લી તારીખ તા. ૦૬.૦૧.૨૦૨૫ના સા. ૫.૦૦ ક. સુધી છે.

ઉલ્લેખિત કરેલા ઓફિસ કલાકો પછી સુપ્રત કરેલી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સહી/-
આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM)M/W

PRO/2090/ADV./2024-25

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

ચીફ મેડિકલ અધિક્ષક અને **HOD** (સેક. હેલ્થ કેર સર્વિસ)ની ઓફિસ, ૭મો માળ, **K.B.** ભાભા મુન. જન. હોસ્પિટલ, **R. K.** પાટકર માર્ગ, બાંદ્રા (પ.), મુંબઈ-૪૦૦૦૫૦

**નં. CMS & HOD/ SHCS/૯૭૩૮ તા. ૨૭.૧૨.૨૦૨૪**

**પરિશિષ્ટ-A**

**આમંત્રણ પત્ર**

**બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન**

ચીફ મેડિકલ અધિક્ષક અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ
(સેકન્ડરી હેલ્થકેર સર્વિસેસ)
૨જો માળ, બાંદ્રા ભાભા હોસ્પિટલ બિલ્ડીંગ,
R.K. પાટકર માર્ગ, બાંદ્રા પશ્ચિમ,
મુંબઈ-૪૦૦૦૫૦

નં. CMS & HOD/SHCS/૯૭૩૮ તારીખઃ ૨૭.૧૨.૨૦૨૪

પ્રિય સર/મેડમ,

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, જે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) તરીકે પણ ઓળખાય છે, તે મહારાષ્ટ્રની રાજધાની મુંબઈની ગવર્નિંગ સિવિક બોડી છે. તેની સ્થાપના બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૮૮૮ હેઠળ કરવામાં આવી હતી. BMC શહેર અને કેટલાક પરાંના નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વહીવટ માટે જવાબદાર છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવાના કાર્યો સાથે કરવામાં આવી છે.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ૧૭ મિલિયનની વસ્તીને સેવા આપે છે, જે જાહેર આરોગ્ય સહિત જટિલ જાહેર સેવાઓ પૂરી પાડે છે. સેવાઓની ગુણવત્તા, કામગીરી અને હેલ્થકેર ડિલિવરીની કાર્યક્ષમતા વધારવા માટે, BMCનો હેતુ, અમારી હોસ્પિટલો અને દવાખાનાઓમાં મેનેજમેન્ટ અને ઓપરેશન માટે ખાનગી સંસ્થાઓ સાથે ભાગીદારી કરવાનો છે. હાલમાં BMC મેડિકલ કોલેજો, ૧ ડેન્ટલ કોલેજ, ૧૬ પેરિફેરલ હોસ્પિટલો, ૫ વિશેષતા હોસ્પિટલો અને ૩૦ મેટરનિટી હોસ્પિટલો અને ૧૯૨ દવાખાનાઓ સાથે ૪ મેજર હોસ્પિટલો ચલાવે છે.

BMC આથી અનુભવી અને પ્રતિષ્ઠિત કન્સલ્ટિંગ ફર્મ્સ અથવા હેલ્થકેર સેક્ટર, નીતી ઘડતર અને જાહેરખાનગી ભાગીદારી (PPP)માં પર્યાપ્ત કુશળતા ધરાવતી સંસ્થાઓ પાસેથી હિતની અભિવ્યક્તિ (EOI) મંગાવે છે. પસંદ કરેલ પેઢી ખાનગી ભાગીદારો સાથે મળીને અમારી આરોગ્ય સંભાળ સુવિધાઓના સરળ અને અસરકારક સંચાલનની ખાતરી કરવા માટે વ્યાપક નીતીઓ વિકસાવવામાં મદદ કરશે.

તમામ રસ ધરાવતા બિડરોએ, BMC સાથે નોંધણી કરાવવી જરૂરી છે. BMC સાથે અગાઉ નોંધાયેલ ન હોય તેવા બિડરે BMC પોર્ટલના 'ઈ-પ્રોક્યોરમેન્ટ' વિભાગ હેઠળ 'વેન્ડર રજિસ્ટ્રેશન' લિંક પર ક્લીક કરીને ઓનલાઈન અરજી કરી શકે છે.

| કામનું નામ | પૂર્ણતાનો |
|---|---|
| (૧) | (૨) |
| પબ્લિક હેલ્થ ડિપાર્ટ. BMC માટે PPP આધારિત હેલ્થ ફેસિલિટી મેનેજમેન્ટ માટે કન્સલ્ટિંગ સેવાઓની જોગવાઈ માટે કન્સલ્ટિંગ ફર્મની નિમણૂક | મામલો પૂરો થાય ત્યાં સુધી |

ઉપરોક્ત સેવા માટે EOI ને બે પેકેટ સિસ્ટમમાં મંગાવવામાં આવે છે. BMC સફળ બિડરને કામ આપવાનો તેનો અધિકાર અનામત રાખે છે.

EOI બિડરે ફર્મની વિગતો, આ બાબતમાં કામ કરતા વકીલોની વિગતો, તેમનો અનુભવ અને આરોગ્ય ક્ષેત્રને લગતા પ્રોજેક્ટ સંદર્ભ માટે તેની વિગતો ધરાવતા અલગ પેકેટમાં સુપ્રત કરવું જોઈએ. બીજા પેકેટ નાણાકીય બિડમાં આપેલ ફોર્મેટમાં સુપ્રત કરવા માટે આ સાથે પરિશિષ્ટ-I માં જાહેર આરોગ્ય વિભાગને ક્યાં તો ભૌતિક નકલમાં Ch.M.S. & HOD (SHCS)ને સંબોધવામાં આવશે અથવા મેઈલ પર (PDF ફોર્મેટમાં) cmsph 2006@yahoo.co પરિશિષ્ટ-I (બારડી) તરીકે અલગ જોડાણો સાથે અને લાયકાત/ તકનીકી બીડ પર અને જોડાણ ૨ તરીકે પરિશિષ્ટ II નાણાકીય ''બિડ મેઈલનો વિષય'' પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટ, BMC માટે PPP આધારિત હેલ્થ ફેસિલિટી મેનેજમેન્ટ માટે કન્સલ્ટિંગ સેવાઓની જોગવાઈ માટે કન્સલ્ટિંગ ફર્મની નિમણૂક હોવી જોઈએ. નાણાકીય બિડ PDF દસ્તાવેજ તરીકે જોડવું જોઈએ.

EOI દસ્તાવેજ જેમાં લાયકાતના માપદંડ, સુપ્રતિની જરૂરિયાત, સંક્ષિપ્ત ઉદેશ્ય, કાર્યનો અવકાશ અને મૂલ્યાંકનની પદ્ધતિ વગેરેની વિગતો છે, તે BMC પોર્ટલ **https://portal.mcgm.gov.in** પર અપલોડ કરવામાં આવી છે.

EOI દસ્તાવેજ ચીફ મેડિકલ અધિક્ષક અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ (સેકન્ડરી હેલ્થ કેર સેવાઓ) ૨જો માળ, બાંદ્રા ભાભા હોસ્પિટલ બિલ્ડીંગ, R.K. પાટકર માર્ગ, બાંદ્રા પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૫૦ ખાતે પણ ઉપલબ્ધ છે.

**EOI બિડ સુપ્રતિ કરવાની છેલ્લી તારીખ ૦૬.૦૧.૨૦૨૫ ૧૫.૦૦ ક. સુધી રહેશે.**

BMC કોઈપણ સંભવિત અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે. અનુભવ અને અન્ય જરૂરી લાયકાત ધરાવતી રસ ધરાવતી હેલ્થ કન્સલ્ટન્સી ફર્મ નિયત સમયપત્રક મુજબ **ભૌતિક / ઈ-મેલ પાર્ટલ** દ્વારા તેમનો પ્રતિભાવ સુપ્રત કરી શકે છે.

જો કોઈ પ્રશ્નો હોય તો, ચીફ મેડિકલ અધિક્ષક અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ (સેકન્ડરી હેલ્થકેર સર્વિસીસ) ૨જો માળ બાંદ્રા ભાભા હોસ્પિટલ બિલ્ડીંગ, R.K. પાટકર માર્ગ, બાંદ્રા પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૫૦ અથવા મેઈલ **cmsph 2006@yahoo.co.in** પર અગાઉથી સંદર્ભિત કરી શકાય છે.

**પરિશિષ્ટ**

| ક્ર. નં. | જટિલ તારીખો | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | દસ્તાવેજ ડાઉનલોડ પ્રારંભ તારીખ | ૨૮.૧૨.૨૦૨૪ | ૧૧.૦૦ ક. |
| ૨ | દસ્તાવેજ ડાઉનલોડ અંતિમ તારીખ | ૦૬.૦૧.૨૦૨૫ | ૧૫.૦૦ ક. |
| ૩ | બીડ સુપ્રતિ પ્રારંભ તારીખ | ૨૮.૧૨.૨૦૨૪ | ૧૧.૦૦ ક. |
| ૪ | બીડ સુપ્રતિ અંતિમ તારીખ | ૦૬.૦૧.૨૦૨૫ | ૧૫.૦૦ ક. |
| ૫ | બીડ ખોલવાની તારીખ | ૦૭.૦૧.૨૦૨૫ | ૧૧.૩૦ ક. |

તમારો વિશ્વાસુ
સહી/-
CMS&HOD(SHCS)

PRO/2087/ADV./2024-25

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

# ટીન અને કોપરમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ સુધારો

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓમાં મક્કમથી સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ કોપરની અમુક વેરાઈટીઓ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટો ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો સુધારો આવ્યો હતો. જોકે, આજે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૮ ઉછળી આવ્યા હતા.

કોપરના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનમાં કોપર કોન્સન્ટ્રેટની ખેંચ પ્રવર્તી રહી હોવાથી વર્ષ ૨૦૨૫ના પહેલા ત્રિમાસિકગાળામાં કોપરનું ઓછું પ્રોસેસિંગ થવાની શક્યતા રોઈટર્સ દ્વારા એક અહેવાલમાં વ્યક્ત થતાં આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ટનદીઠ ૯૦૦૮.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આમ લંડન મેટલ એક્સચેન્જના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૭૮૭ અને રૂ. ૭૮૦, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૭૭૫ , કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૧૮ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૪૭ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે ટીનમાં પણ સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૮ના ઉછાળા સાથે રૂ. ૨૫૬૮ના મથાળે રહ્યા હતા.

જોકે, ઉપરોક્ત ધાતુઓ સિવાય કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સોનામાં ₹ ૧૦૦નો સુધારો, ચાંદી ₹ ૨૦૯ ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે પ્રવર્તમાન મધ્ય પૂર્વના દેશોના રાજકીય-ભૌગોલિક તણાવને કારણે સલામતી માટેની માગને ટેકે એક તબક્કે સોનાના ભાવ વધીને ગત ૧૮ ડિસેમ્બર પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. તેમ જ ચાંદીના ભાવમાં પણ વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં ૨૩ પૈસાનો તોતિંગ કડાકો બોલાઈ જતા સોનાની આયાત પડતરો પણ વધી આવતા ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૦ વધી આવ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨૦૯ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી માગ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૦૯ ઘટીને રૂ. ૮૭,૮૩૧ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં મુખ્યત્વે ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને ડૉલર સામે રૂપિયો ગબડી જતાં આયાત પડતરો વધવાથી ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૦ વધીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૬,૧૩૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૬,૪૩૬ના મથાળે રહ્યા હતા. જોકે, આજે વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટો, રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહી હતી, પરંતુ રિટેલ સ્તરની પ્રવર્તમાન લગ્નસરાની માગ જળવાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવ એક તબક્કે વધીને ગત ૧૮ ડિસેમ્બર પછીની સૌથી ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૨૫.૭૮ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૫ ટકા ઘટીને ૨૬૪૧.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૨૯.૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૦.૬ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

એકંદરે હાલ બજારમાં વર્ષાન્તને કારણે કામકાજો પાંખાં હોવાની સાથે પ્રવાહિતા પણ ઓછી હોવાનું કેપિટલ ડૉટ કૉમના ફાઈનાન્સિયલ માર્કેટ એનાલિસ્ટ ક્યેલ રોડ્ડાએ જણાવ્યું હતું. આ વર્ષમાં ફેડરલ રિઝર્વ આ વર્ષે તેમ જ આગામી વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં નોંધપાત્ર કપાત કરવાના આશાવાદ સાથે વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધી સોનાના ભાવમાં ૨૮ ટકા જેટલો વધારો થયો છે અને ગત ૩૧ ઑક્ટોબરના રોજ ભાવ વધીને ઔંસદીઠ ૨૭૯૦.૧૫ ડૉલર સુધી પહોંચ્યા હતા. જોકે, ફેડરલ રિઝર્વે છેલ્લી નીતિવિષયક બેઠકમાં આગામી વર્ષમાં ઓછી વખત વ્યાજદરમાં કપાતનો સંકેત આપતા ભાવમાં પીછેહઠ જોવા મળી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

હવે આગામી વર્ષ ૨૦૨૫માં જાન્યુઆરી મહિનાથી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ હોદ્દો અખત્યાર કરે ત્યારથી ટેરિફ, વેરા અને વેપાર નીતિઓમાં નોંધપાત્ર ફેરફારો જોવા મળે તેવી શક્યતા રોકાણકારો જોઈ રહ્યા છે. જોકે, હાલને તબક્કે સોનાને મધ્ય પૂર્વના દેશોમાં વધી રહેલા તણાવને ધ્યાનમાં લેતા સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**લોકમાન્ય તિલક મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, સાયન**

**ઈ-ટેન્ડર નોટિસ**

**નં. LTH/૬૫૫/R તા. ૨૭.૧૨.૨૦૨૪ના**

આ ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન નીચેના ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. ઈ-ટેન્ડર કોપી ''ઈ-પ્રોક્યોરમેન્ટ'' સેક્શન હેઠળ મહાટેન્ડર્સ પોર્ટલ https://mahatenders.gov.in પરથી ડાઉનલોડ કરી શકાય છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડીપોઝીટ (બારડી) રૂ. | ઈ-ટેન્ડર સ્ક્રુટીની કિંમત રૂ. | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | L.T.M.G. હોસ્પિટલના સંલગ્ન કામો ખાતે બ્લડ બેન્ક સેન્ટરમાં ફેરફાર અને નવીનીકરણ હાથ ધરવામાં આવશે. (બીડ નં. ૨૦૨૪_MCGM_૧૧૩૦૫૧૬_૧) | ૨૦,૦૦૦/- | રૂ. ૩,૩૦૦/- + ૧૮% GST | ૨૮/૧૨/૨૦૨૪ સાં. ૪.૦૦ (૧૬૦૦ ક.) | ૦૩/૦૧/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬૦૦ ક.) |
| ૨ | L.T.M.G. હોસ્પિટલ ખાતે એન્જિનિયરિંગ સેવાઓને મજબૂત અને જાળવવા માટે સુથારી કામ માટે સુવિધા વ્યવસ્થાપનની સ્થાપના કરવી. (બીડ નં. ૨૦૨૪_MCGM_૧૧૩૦૫૧૨_૧) | ૭,૫૦૦/- | રૂ. ૧,૩૨૦/- + ૧૮% GST | ૨૮/૧૨/૨૦૨૪ સાં. ૪.૦૦ (૧૬૦૦ ક.) | ૦૩/૦૧/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬૦૦ ક.) |
| ૩ | L.T.M.G. હોસ્પિટલ ખાતે અન્ય કામો અને એનાટોમી વોર્ડ 7A ખાતે એમ્બાલિંગ મશીન, એર બેડ વેક્યુમ મશીનનું રિપેરિંગ (બીડ નં. ૨૦૨૪_MCGM_૧૧૩૦૫૨૧_૧) | ૨૦,૦૦૦/- | રૂ. ૩,૩૦૦/- + ૧૮% GST | ૨૮/૧૨/૨૦૨૪ સાં. ૪.૦૦ (૧૬૦૦ ક.) | ૦૩/૦૧/૨૦૨૫ સાં. ૪.૦૦ (૧૬૦૦ ક.) |

BMCમાં નોંધાયેલ લોકો સહિત તમામ બિડર્સે સ્ટેન્ડિંગ ડિપોઝીટ ચૂકવી દીધી છે, તેમણે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન બારડી ચૂકવવાની જરૂર છે. ટેન્ડરરે બિડ ઓનલાઇન સુપ્રત કરવાની સાથે મહાટેન્ડર પોર્ટલ દ્વારા નિર્દિષ્ટ રકમની બારડી ચૂકવવી પડશે.

ઈ-ટેન્ડર બિડર્સે નોંધ લેવી જોઈએ કે, આ ઈ-ટેન્ડર નોટીસ અંગે જારી કરાયેલ કોઈપણ સુધારા BMC પોર્ટલ પર જ પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિકમાં કોઈપણ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

નોંધઃ એ) **http://www.mcgm.gov.in & https://mahatenders.gov.in** ખાતે મ્યુનિસિપલ વેબસાઈટ પર અપલોડ કરાયેલ ઈ-ટેન્ડર નોટિસમાંથી ઉપરોક્ત ટેન્ડરના લાયકાતના માપદંડ રીફર કરવા.

બી) બિડરે પ્રી-ક્વોલિફિકેશનના શેડ્યુલમાં જણાવેલ માહિતી સંબંધીત દસ્તાવેજી પુરાવા અપલોડ કરવા જરૂરી છે. BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત કામો માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને તેના કોઈપણ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

**બૃહન મુંબઈ મ્યુનિસિપલના કમિશનરના આદેશથી**

સહી/-
તા. ૨૭.૧૨.૨૦૨૪
ડીન
L.T.M.G. હોસ્પિટલ

PRO/2100/ADV./2024-25

**વૃક્ષ વાવો, વૃક્ષ બચાવો.**

# ઘાટકોપરમાં કુર્લાવાળી

# ટેમ્પોએ પાંચ રાહદારીને કચડ્યા

## ગુજરાતી મહિલાનું મોત



**ભયાનક...** ઘાટકોપરમાં શુક્રવારે રાત્રે આ જ ટેમ્પો પાંચ રાહદારી પર ફરી વળ્યો હતો. ચિક્કાર ભરાયેલા રસ્તા પર ટેમ્પો ડ્રાઈવરે કાબૂ ગુમાવતા આ ભયાનક અકસ્માત થયો હતો.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કુર્લા પશ્ચિમમાં એસ.જી. બર્વે રોડ પર બેસ્ટની બસના ચાલકે કાબૂ ગુમાવતાં અનેક વાહનો તેની અડફેટેમાં આવી જવાથી ૧૫નાં મોત થયાંની ઘટના તાજેતરમાં બની હતી ત્યારે ઘાટકોપરના ચિરાગનગરમાં ટેમ્પોએ પાંચ જણને ટક્કર મારતાં ૩૫ વર્ષની ગુજરાતી મહિલાનું મૃત્યુ થયું હતું, જ્યારે ચારને ઇજા પહોંચી હતી. ઘાટકોપર પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને ટેમ્પોના ચાલકને તાબામાં લીધો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ઘાટકોપર પશ્ચિમમાં ચિરાગનગર ખાતે મચ્છી માર્કેટ રોડ પર આઝાદ મસાલા શૉપ પાસે શુક્રવારે સાંજે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલી મહિલાની ઓળખ પ્રીતિ રિતેશ પટેલ (૩૫) તરીકે થઇ હતી, જે ઘાટકોપર પશ્ચિમમાં પારસીવાડી ખાતેની ભાગીરથી ચાલમાં પરિવાર રહેતી હતી.

ટેમ્પોનો ચાલક ઉત્તમ બબન ખરાત (૨૫) શુક્રવારે સાંજના ચિરાગનગરમાં મચ્છી માર્કેટ પર ટેમ્પો લઇને જઇ રહ્યો હતો ત્યારે તેણે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને પાંચ રાહદારીને ટેમ્પોની અડફેટમાં લીધા હતા.

આ અકસ્માતમાં પ્રીતિ પટેલ સહિત રેશમા શેખ (૨૩), મારુફા શેખ (૨૭), તોફા ઉજહર શેખ (૩૮) અને મોહરમ અલી અબ્દુલ રહીમ શેખ (૨૮)ને ઇજા પહોંચી હતી. ઇજાગ્રસ્તોને સારવારાર્થે

(જુઓ પાનું ૪) ▶▶

# બીમાર દીકરીની સેવામાં આયખું કાઢ્યું ને ભગવાને આવો ન્યાય કર્યો...

## અકસ્માતમાં જીવ ગુમાવનાર પારસીવાડીનાં પ્રીતિ પટેલનાં બહેન દીપા રડતાં-રડતાં આટલું માંડ બોલી શક્યાં



પ્રીતિ પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપર પશ્ચિમના ચિરાગનગર વિસ્તારમાં અકસ્માતમાં મૃત્યુ પામેલી પ્રીતિ પટેલ તેની ૧૭ વર્ષની દીકરી રિયા પટેલ સાથે પારસીવાડીની ભાગીરથી ચાલમાં રહે છે. મમ્મીનું અકસ્માતમાં મૃત્યુ થઇ ગયું હોવાના સમાચાર મળતાં જ રિયા ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી અને બેહોશ થઇ ગઇ હતી. પ્રીતિ પટેલની મુલુંડમાં રહેતી બહેન દીપા ઠક્કરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે હજી બે દિવસ પહેલાં જ મારાં થાણેમાં રહેતાં ફોઇના ઘરે અમે આખો પરિવાર ભેગો થયો હતો. મારી બહેને તેનું આખું જીવન તેની દીકરીની સેવામાં કાઢ્યું અને તેને જ કાળ ભરખી ગયો. પ્રીતિની દીકરી રિયા પટેલ પાંચ વર્ષની હતી ત્યારથી તેને કેન્સરની બીમારી હતી અને તેની સારવાર માટે તેણે ઘણી ભાગાભાગી કરી.

હાલમાં રિયાની સારવાર ટાટા હોસ્પિટલમાં ચાલી રહી છે. દીકરીની સારવાર માટે પૈસા ખર્ચાતા હોવાથી ઘર પણ વેચી નાખવું પડ્યું હતું મારી બહેને. રિયાની સારવાર માટે તમામ રીતે ભોગ આપનારી અને આર્થિક રીતે ઘસાયા બાદ મારી બહેનને ભગવાને આવો ન્યાય કર્યો. રાજસ્થાનમાં નોકરી કરતા પ્રીતિના પતિને આ અંગેની જાણ કરી દેવામાં આવી

(જુઓ પાનું ૪) ▶▶

# થર્ટી ફર્સ્ટની રાતે ઝૂમ બરાબર ઝૂમ

## દારૂ પીવા માટે કોઇ મર્યાદા ન હોવાની એચઆરએડબ્લ્યુઆઈની સ્પષ્ટતા

મુંબઈ: નવા વર્ષની આગલી રાતે પાર્ટી કરનારાઓએ ૯૦ એમએલના ચાર પેગ પીવા માટેનું સૂચન કરવામાં આવ્યું હોવા અંગે ધ હોટેલ એન્ડ રેસ્ટોરાં એસોસિયેશન (વેસ્ટર્ન-ઈન્ડિયા) એચઆરએડબલ્યુઆઈએ સ્પષ્ટતા કરી હતી કે દારૂ પીવા માટેની કોઇ મર્યાદા નથી. અમુક અખબારોમાં આવેલો અહેવાલ ખોટો અને ભૂલભરેલો હોવાનું એસોસિયેશને જણાવ્યું હતું.

આ અંગે એચઆરએડબ્લ્યુઆઈના પ્રવક્ત પ્રદીપ શેટ્ટીએ જણાવ્યું હતું કે અમે અમારા સભ્યોને આગામી તહેવારમાં સરળ, કાયદામાં રહીને અને જવાબદારીપૂર્વક રહેવાની સલાહ આપીએ છીએ. અમારી માર્ગદર્શિકામાં મિલકતની સલામતી, ડિસિપ્લીન અને મહેમાનોને

(જુઓ પાનું ૪) ▶▶

# લાડકી બહેન યોજનાને લીધે તિજોરી ખાલીખમ: શિક્ષકોનો પગાર મોડો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી લોકપ્રિય આર્થિક સહાયની આકરી આડઅસરોની શરૂઆત થઈ ગઈ છે. મહારાષ્ટ્રના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સ્કૂલોના શિક્ષકોનો ડિસેમ્બર મહિનાનો પગાર મોડો થવાનો છે. રાજ્ય સરકારની તિજોરી ખાલી થઈ ગઈ હોવાને કારણે પગારમાં મોડું થવાનું છે એમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે, બીજી તરફ લાડકી બહેનનો હપ્તો ડિસેમ્બરમાં આપવાનું ચાલુ કરી દેવામાં આવ્યું છે.

રાજ્યના શિક્ષકોના પગાર પહેલીથી પાંચમી તારીખ વચ્ચે ચૂકવવામાં આવે છે. જેમાં પ્રાથમિક શિક્ષકો, માધ્યમિક શિક્ષકો અને અર્ધ-સરકારી શાળાના શિક્ષકો, સરકારી શાળાઓના શિક્ષકોનો પગાર ચૂકવવામાં આવે છે, પરંતુ તેની તૈયારીઓ પચીસથી ૨૭ તારીખ સુધીમાં

(જુઓ પાનું ૪) ▶▶

# હવે હોમિયોપથી ડૉક્ટરો એલોપેથીની દવાનું પ્રિસ્ક્રિપ્શન આપી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર દ્વારા ગુરુવારે બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર રજિસ્ટર્ડ હોમિયોપેથિક મેડિસિન પ્રેક્ટિશનર્સ સર્ટિફિકેટ ઇન મોડર્ન મેડિસિન (સીસીએમપી)નો કોર્સ પૂર્ણ કરે છે, તો તેમને આધુનિક દવા (હિટેરોમેડિસિન) પ્રેક્ટિસ કરવાની મંજૂરી આપવામાં આવશે,

ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન કમિશનર રાજેશ નાર્વેકરે જણાવ્યું હતું કે, સંબંધિત વ્યાવસાયિક મહારાષ્ટ્ર હોમિયોપેથિક મેડિકલ પ્રોફેશન એક્ટ હેઠળ નોંધાયેલો હોવો આવશ્યક છે અને તેણે આધુનિક ફાર્માકોલોજી (સીસીએમપી)માં સરકાર માન્ય પ્રમાણપત્ર અભ્યાસક્રમ પાસ કરેલ હોવો જોઈએ.

છૂટક અને જથ્થાબંધ દવાના ડીલરો હોમિયોપેથિક રજિસ્ટર્ડ ડોકટરોને એલોપેથિક દવાઓ વેચી શકે છે જેમણે આધુનિક ફાર્માકોલોજી (સીસીએમપી)માં પ્રમાણપત્ર અભ્યાસક્રમ પૂર્ણ કર્યો

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




Scorpio Enterprise (Company Showroom) તુરખીયા પાક, સ્વામિનારાયણ મદિર ની પાસ, અમ. જી. રાડ. કાદીવલી (વસ્ટ) Tel. 022-28011957 / 58 • Helpline No. 99303 82445

| | | | |
|---|---|---|---|
| ચર્ની રોડ : ચાશી માર્કેટીંગ ....98921 64745 | ભાયંદર (વેસ્ટ) : ભૈરવ ઈલેક્ટ્રૉનિક્સ.... 79779 32497 | સફાળે : સપના ઈલેક્ટ્રૉનિક્સ.... 81493 62535 | થાણા : પ્રિન્સ ઈલેક્ટ્રૉનિક્સ....2533 7726 | વાશી : ટોપ ટેન ઈલેક્ટ્રોનિક્સ.... 2781 0206 |
| બોરીવલી : નવદીપ એન્ટરપ્રાયજેસ....73042 73041 | વસઈ : જ્ઞાન સેલ્સ.... 93244 45559 | ચેમ્બુર : મુરૂગન સ્ટીલ.... 2521 1769 | કલ્યાણ (વેસ્ટ) : પ્રભાત કિચન....92205 80000 | ખાર : જય આમાજમા ઈલેક્ટ્રોનિક્સ.... 99871 27071 |
| ગોરેગાંવ : શક્તી ઈલેક્ટ્રૉનિક્સ ....98206 55110 | બોઈસર : ગાયત્રી હોમ અપ્લાયન્સીસ....90969 24733 | ચેમ્બુર : નટારાજ એમ્પોરીયમ.... 98203 81075 | કલ્યાણ (વેસ્ટ) : સુપ્રીમ ટ્રેડર્સ....90299 33773 | વાશી : મિલન સ્ટીલ.... 99206 21869 |
| કાંદિવલી (વે) : શ્રીજી ઈલેક્ટ્રૉનિક્સ....98194 21119 | પાલઘર : જયલક્ષ્મી હોમ.... 92267 10296 | ઘાટકોપર (વેસ્ટ) : દિપક સ્ટીલ.... 98206 03020 | ઉલ્હાસનગર : લક્ષ્મી ક્રોકરી.... 98222 33114 | પનવેલ : મહાલક્ષ્મી સેલ્સ....70457 38376 |
| માનખુર્દ : ન્યૂ નૅશનલ ઈલેક્ટ્રૉનિક્સ....88506 68065 | નાલાસોપારા : પ્રિન્સ હોમ.... 93241 83393 | ઘાટકોપર : શ્રી અમાજ મા ઈલેક્ટ્રૉનિક્સ.... 84335 55506 | કલ્યાણ : પ્રભાત કિચન.... 99206 30001 | પેન : પુનમિયા વેચાણ.... 93261 77722 |
| મલાડ : ગાલા સન્સ....98207 79679 | નાલાસોપારા : મહાદેવ સેલ્સ.... 90286 73766 | પરેલ : ભવલ અપ્લાયન્સીસ.... 79771 09677 | ભિવંડી : વસાની ઈલેક્ટ્રોનિક્સ 8698472928/9822330132 | રોહા : અમિત સેલ્સ .... 97300 85777 |
| અંધેરી (ઈસ્ટ) : નવલ સેલ્સ કોર્પોરેશન....93245 14717 | સાનપાડા : મહાવીર ટ્રેડિંગ.... 99678 64530 | મુલુંડ (વેસ્ટ) : મેહુલ સ્ટીલ.... 77180 67750 | થાણા (વેસ્ટ) : શ્રીજી એન્ટરપ્રાયજેસ.... 8291221226 | રોહા : એસકે ઈલેક્ટ્રોનિક.... 97623 98049 |
| વિલેપાર્લે : અલ્ફા 3.... 99876 70762 | પાલઘર : રૂચિત ઈલેક્ટ્રૉનિક્સ....92251 19780 | પનવેલ : અક્ષર ડીઝીટલ.... 72086 49864 | મિરા રોડ : સુપર ઈલેક્ટ્રોનિક્સ....98211 39720 | વસઈ : જય મા તુલસી.... 80875 75605 |
| | | | | બોઈસર : પરફેક્ટ ઈલેક્ટ્રોનિક.... 96374 41244 |
| | | | | વાડા - અંબાડી : કુલસ્વામિની ઈલેક્ટ્રોનિક... 98606 91879 |

સ્લોડનલાઈન સીરીજ ડિસ્ટ્રીબ્યુટર્સ : સેંટ્રલ લાઈન – થાણા નિલકંઠ ટ્રેડલીંક – મો.: 81086 58838 મીરા રોડ – દહાણુ, રાજગુરૂ ઈલેક્ટ્રોનિક્સ, અપ્લાયન્સિસ – મો : 9773574102

Available at All Showrooms KOHINOOR | Digi 1 | croma | USHA AGENCY | Alfa-3 Vileparle | TOP TEN

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**